# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 1

અન્ય પૃષ્ઠો પર…

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

05 ચાલો 130 કરોડને…
યશવન્ત મહેતા

07 પત્રકારોએ કાશ્મીરમાં શું…
અશ્વીનકુમાર કારીઆ

09 વીજ્ઞાન સીદ્ધ કરે છે…
ગાર્ગી વૈદ્ય

11 કંઈક વીશેષ
મંજરી મેઘાણી

14 જુનવાણી વીચારો ક્યારે…

15 એક કાળ એવો આવશે…

16 રાષ્ટ્રીયસ્તરની ફોટો મેરેથોન…

19 નવું વાચન

21 ખેડુત વેદના યાત્રા…

22 પત્ર-સાર

25 ન્યુઝીલેન્ડના મુળનીવાસીઓ…
ફાધર વર્ગીસ પોલ, એસ.જે.

27 ડંકનાદ
ડંકેશ ઓઝા

29 માધુકરી
દીનેશ પાંચાલ /આનંદ પટવર્ધન

32 કાવ્યોમાં સાંપ્રત

## જીવમાત્રની પીડા માટે ચચરાટ અનુભવતું હૃદય…

આગના શમન માટે પાણી જોઈએ અને ભુખને ઠારવા અનાજ. આવી તાકીદની સ્થીતી વખતે કારણો અને તારણોમાં અટવાતો શાસ્ત્રાર્થ નકામો. મેં એવા ચરીત્રોનો આદર કર્યો જે જીવનની આ પ્રકારની કટોકટી વખતે પોતાની જવાબદારી સમજીને પુરેપુરાં સંડોવાય. ભાગે આવેલું કામ ખભે લઈ લે, સંતાય નહીં. આ ચરીત્રો તે ઈશ્વરના પાર્ષદ, સાચના સીપાહી. જીવનમાં આવાં વ્યક્તીત્વોની મને શોધ રહી, અને મારા પર જો કોઈનો પ્રભાવ રહ્યો તો એ એમનો જ.

ક્ષેત્ર જે હોય તે, વીચારોની સ્વતંત્રતા જાળવવી હોય તો સત્તાને શરણે ન જવું એવો નીર્ણય અમારા ઉછેરનું પરીણામ. સત્તા એટલે કેવળ રાજસત્તા નહીં, ધર્મસત્તા પણ, જુથસત્તા પણ. હાથમાં કલમ પકડી એટલે બે બાબત સહુથી પહેલી. યાચકવૃત્તી અને કશું મળ્યું-ન મળ્યુંના બળાપાનો સંપુર્ણ ત્યાગ અને સ્વતંત્રતા અબાધીત સાચવવાની ટેક. આ અભીગમ ફળ્યો. એણે કેટલીયે જફાઓમાંથી મને મુક્ત રાખી. અકારણ આંટીઘુંટીઓમાં પડ્યા વીના જે યોગ્ય લાગ્યું તે કરતાં રહેવાની તાકાત એમાંથી મળી. આસપાસ બેરોકટોક ચાલતા ખુશામતના ખેલથી વેગળા રહેવાની સતર્કતા રાખી તો એનોયે મોટો લાભ થયો. મારા વડીલો કહેતા કે, ખાધેલું નીચું જોવડાવે, એટલે એવા કોઈ સમારંભમાં ભળવું નહીં જેમાં પ્રતીષ્ઠા મળે, માનઅકરામ મળે, છતાં એમાં સામેલ થવાથી અવાજની સ્વતંત્રતા જોખમાય. બધી લાલચ જતી કરવી પણ અવાજ ટકોરાબંધ રાખવો. બજારના કોલાહલને, ટોચ પર પહોંચવાના મરણીયા ધખારાઓને ખાળવા, આજે તો મોટાભાગના સહુ ગળામાં ઢોલ લટકાવી ફરે છે. સમુહમાધ્યમોના પગ ધોઈને પાણી પીવાનો રીવાજ ચાલુ થયો છે. સહુની વેચાણકીમત છે અને બજારમાં ઉભા રહેવાનો ક્યાંયે સંકોચ નથી.

આવી પડતીના દીવસોમાં અંતીમનો - કશુંક સમાપ્ત થયાનો શોક ન હોય. જીવનમાં જે મળ્યું તે ઘણું મળ્યું એમ જ કહેવાય. મનગમતાં કાર્યક્ષેત્રો મળ્યાં, સંતોષપુર્વક શ્વાસ લઈ શકાય એવી સવલતો મળી, સારા મીત્રો મળ્યા, વાંચવા-લખવાનો ભરપુર સમય મળ્યો, ઘરમાં હળવાશ અને આનંદ ફેલાવે એવાં પ્રાણીઓ મળ્યાં, ભાગ્ય મહાબળવાન ! આટલું બધું મળ્યું પછી ફરીયાદ ન હોય. પ્રાણી હોય કે સ્વજન, સમય આપવામાં દીલચોરી નથી કરી એને જીવનની શ્રેષ્ઠ ઉપલબ્ધી ગણું. વડીલો માટે સમય બરાબર ફાળવ્યો. પરમ સંતોષમાં એમણે વીદાય લીધી, અને એમને હૈયે છેલ્લી ઘડી સુધી ટાઢક રહી, એ મારો અમુલ્ય વારસો. જીવમાત્રની પીડા માટે ચચરાટ અનુભવી શકે એવું હૃદય હોવું એ નાની ઘટના નથી. એ ચચરાટ સક્રીયતામાં પરીણમે એ તો ઉમદા વાત. પછી અંતીમ ચરણ સુંદર અને ભવ્ય બની શકે, સમાપ્તીનો આનંદ પરીપુર્ણ બની જાય. વાણીમાંથી મૌન તરફની આ ગતી એ તો સંતોષપુર્વક જીવાયેલા જીવનનું શીખર, અને પ્રેમ-કરુણાનો અમર્યાદ વીસ્તાર એ શીખર પરનો ઝળહળાટ…

**– હીમાંશી શેલત**

[‘અલ્પવીરામ’ (જો આ હોય મારું અંતીમ પ્રવચન)’માંથી સાભાર. પુસ્તકની વીગતો માટે જુઓ ‘નવું વાચન’.] ❑

# સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

**ફોર્બ્સ, મુડીઝ, 'કેગ'ના રીપોર્ટ્સની ચર્ચા...**

અખબારીવાચનના રસીયાઓ માટે ફોર્બ્સ મેગેઝીનનું નામ જાણીતું છે. ફોર્બ્સ દ્વારા ભારતના ધનવાનોની યાદી દર વર્ષે જાહેર થતી હોય છે તેમાં મુકેશ અંબાણી નંબર વન હોય છે. થોડા સમય અગાઉ ફોર્બ્સ મેગેઝીને વીશ્વના સૌથી શક્તીશાળી ટોપ ટેન નેતાઓ જાહેર કર્યા તેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્થાન મળ્યું હતું. પરંતુ સંકેલાતા 2016ના છેલ્લા અઠવાડીયામાં હરખપદુડા ભાજપીઓ માટે ઉપરાછાપરી આઘાતજનક સમાચારો આવ્યા છે...

આ પ્રતીષ્ઠીત અમેરીકી બીઝનેસ સામયીકના ચેરમેન અને એડીટર ઈન ચીફ સ્ટીવ ફોર્બ્સે લખ્યું છે કે, નોટબંધીના નીર્ણયથી દેશને ભારે નુકસાન થવાની શક્યતા છે. મોદી સરકારના આ નીર્ણયથી ભારતના પહેલે જ ગરીબ એવાં કરોડો લોકોની હાલત વધુ કફોડી થઈ જશે. દેશની મોટાભાગની ચલણી નોટો રદ કરી દેવામાં આવી છે. વળી, સરકાર પુરતા જથ્થામાં નવી નોટો છાપી શકી નથી. નવી નોટોનો આકાર પણ જુની નોટોથી અલગ છે, જેને લીધે એટીએમમાં પરેશાની જન્મી છે. ભારત હાઈટેક છે પણ દેશમાં લાખ્ખો લોકો હજુ પણ દારુણ ગરીબીમાં જીવે છે. નોટબંધીના આ નીર્ણયને કારણે કેટલાય વેપાર-ધંધા બંધ થવાથી શહેરોમાં કામ કરનારા કારીગરો વતનનાં ગામોમાં પરત ફર્યા છે. નોટબંધી અનૈતીક અને લોકોની મીલકત પર ધાડ પાડવા જેવું પગલું ગણાવીને ફોર્બ્સે લખ્યું છે કે, ભારતની અર્થવ્યવસ્થા વધુ પડતી રોકડ ઉપર નીર્ભર હોવાથી મોટાભાગના લોકો કાયદા અને વેરાને કારણે અનૌપચારીક વ્યવહાર વધુ કરે છે.

ફોર્બ્સે નોટબંધીની સરખામણી 1970ના દાયકામાં લાગુ કરાયેલી નસબંધી સાથે કરી છે. 'નયા માર્ગ'ના યુવા વાચકોની જાણ માટે લખું કે, સીત્તેરના દાયકામાં ભારતમાં કટોકટી લાદવામાં આવી હતી. તે સમયે કોંગ્રેસના યુવાઅગ્રણીએ કુટુંબ નીયોજન કાર્યક્રમને ટોચની અગ્રતા આપી હતી. જે અંતર્ગત ફરજીયાત નસબંધી થયાની વ્યાપક ફરીયાદો ઉઠી હતી. મેગેઝીને તેના લેખમાં જણાવ્યું છે કે, 1970ના દશકમાં અમલમાં મુકાયેલી નસબંધી જેવો અનૈતીક નીર્ણય નોટબંધીનો લીધો છે. ફોર્બ્સે લખ્યું છે કે, સરકાર એમ માને છે કે નોટબંધીથી દેશમાં આતંકી ગતીવીધીઓ ઓછી થઈ જશે પણ એવું નથી. એક બાજુ રીઝર્વ બેંક કહે છે કે પુરતી કેશ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે પણ બીજી બાજુ પ્રજાને પોતાના જ નાણાં મળી શકતા નથી. નોટબંધીની આ વરવી વાસ્તવીકતા છે.

નોટબંધીનો મુદ્દો સુપ્રીમ કોર્ટે 'લાર્જર બેંચ'ને સુપરત કર્યો છે. સ્વાભાવીક છે કે તેનો ફેંસલો આવવામાં સમય લાગશે. મેં 10,000 રુપીયા ઉપાડવા માટે ચેક લખેલો તો બેંકે જણાવ્યું કે ચાર હજાર રુપીયા મળી શકશે. બેંકોમાંથી બે હજાર રુપીયાની નોટો મળે છે. એટલે પછી છુટ્ટા કરાવવાની રામાયણ ઉભી રહે છે. મેં પાંચસો રુપીયાની નોટ હજી સુધી જોઈ નથી. છાપામાં વાંચ્યું હતું કે તેનો એક 'લોટ' ભુલભરેલો છપાઈ ગયો છે, બજારમાં મુકાઈ ગયો છે અને ભુલ હોવા છતાં તે માન્ય ગણાશે ! સરકારે અગાઉ જાહેર કરેલ તેમ કમસેકમ અઠવાડીયે રુ. 24,000 ઉપાડી શકાય તેવો વચગાળાનો હુકમ તો સુપ્રીમ કોર્ટે કરવો જ જોઈએ !

વડાપ્રધાન દેશની જનતાની ધીરજની આકરી કસોટી કરી રહ્યા છે. લાઈનોમાં અનેક લોકો મરી ગયા, અનેક લોકો નાણાંના અભાવે ઈલાજ કરાવી શક્યા નહીં, ખેડુતોને શાકભાજી અને બટાટા ફેંકી દેવા પડ્યા, લગ્નો રઝળી પડ્યાં... વડાપ્રધાને ધારી લીધું છે કે આ બાપડાં- બીચારા લોકો કશું જ કરી શકવાના નથી. એમની આ ધારણાં શતપ્રતીશત સાચી પડી રહી છે. નારાબાજીમાં એક નારો 'મેઈક ઈન ઈન્ડીયા'નો છે. સરદાર પટેલની બહુચર્ચીત વીશાળ પ્રતીમા ચીનમાં બનવાની છે; એ જ રીતે મોટાભાગે 100, 50, 20, 10ની નોટો છાપવા માટે વીદેશથી કાગળનો જથ્થો ખરીદાશે એવા સમાચાર છે. સ્વાભાવીક છે કે આ કાગળ ખરીદાશે અને પછી તેની નોટો છપાશે તેમાં પણ સમય જવાનો.

વડાપ્રધાને પચાસ દીવસનો સમય માગ્યો ત્યારે સમયપાલન ન થાય તો શું કરવું તે પણ જણાવેલું. એ વાત યાદ નથી કરાવવી. આવા અનેક 'જુમલા'ઓથી આપણે ટેવાઈ ગયા છીએ. પણ આ 'પચાસ દીવસ'ની વાત સાથે જ એક જોક ચાલુ થઈ ગયેલી. 'મને પચાસ દીવસ આપો. એટલામાં પરીસ્થીતી થાળે પડી જશે.'

'જો નહીં પડે તો ?'

'પછી તો તમે લાઈનમાં ઉભા રહેતાં ટેવાઈ ગયા હશો !'

અત્યંત વીષમ પરીસ્થીતી સર્જાઈ છે... સામે કાળું ડીબાંગ અંધારું છે... ચાલ્યા કરીએ છીએ... બોગદું પુરું થતું જ નથી... છેવાડે ઉજાસ પણ આજે તો દેખાતો નથી...

છેલ્લા અંકમાં લખેલું કે, અચાનક આવેલી આપત્તીરુપ નોટબંધીમાંથી કાંઈક તાળો મેળવતા હતા ત્યાં જ મુળ રકમ બદલાઈ ગઈ ! વડાપ્રધાને પછી સીફતપુર્વક 'બ્લેક મની'ની ચર્ચા એક બાજુ મુકી દઈને 'કેશલેસ ઈકોનોમી' પર છલાંગ મારી દીધી. પરંતુ હવે રોજબરોજ સમાચારો આવે છે કે, ઓનલાઈન છેતરપીંડીના કીસ્સા 62 ટકા વધ્યા ! સાઈબર ક્રાઈમ રેટ પણ વધતો જાય છે, સંરક્ષણ મંત્રીએ ઉતાવળે જાહેર કરી દીધું હતું કે ગોવા દેશનું સર્વ પ્રથમ 'કેશલેસ સ્ટેટ' બનશે ! પછી તરત જ ફેરવી તોળ્યું કે, તે શક્ય નથી અને ઈચ્છનીય પણ નથી ! પેટીએમ જેવી એજન્સીઓ દરેક નાણાકીય વ્યવહારો પર જે કમીશન લેશે તેનાથી તેમને કરોડો-અબજો રુપીયાની કમાણી થશે. ભારતની પ્રજા એ રીતે બીનજરુરીપણે દંડાશે ! આવા ગંભીર મુદ્દાઓ અંગે ચર્ચાઓ જ થતી નથી.

આઠમી નવેમ્બરે નોટબંધી અચાનક જાહેર થઈ તેને લીધે તે સમયે આવેલા વીદેશી પર્યટકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયેલા. શક્ય છે કે પહેલી જાન્યુઆરીથી ગુજરાતમાં નવી ચલણી નોટોનો ધોધ વહાવવામાં આવશે એટલે 'વાઈબ્રન્ટ ગુજરાત' રંગેચંગે પાર પડશે. તેમાં ખુદ વડાપ્રધાન નેતૃત્વ લેવાનાં છે. એરોડ્રામથી શહેરના રસ્તાઓ પર આવેલી ઝુંપડપટ્ટીઓ વીદેશીઓની નજરે ન પડે તે માટે રંગીન મજબુત કાપડની દીવાલો ઉભી કરાશે... આમ ગાલીચા હેઠળ કચરો છુપાવાશે.

ફોર્બ્સની સાથોસાથ અમેરીકાસ્થીત આંતરરાષ્ટ્રીય ક્રેડીટ એજન્સી મુડીઝે ભારતનાં દેવાંનાં સ્તર તેમજ ખાડે ગયેલી બેંકો અંગે ચીંતા વ્યક્ત કરીને રેટીંગ પદ્ધતી સુધારવાનો ઈનકાર કરી દીધો છે. ભારતે આ રેટીંગ સુધારવા માટે આક્રમક વલણ અપનાવીને જબરદસ્ત લોબીંગ કર્યું હતું. સરકારી દલીલ એવી હતી કે, તાજેતરનાં વર્ષોમાં ભારતનાં દેવાની સામે દેશમાં વીકાસનું હાલનું સ્તર ધ્યાને લેવું જોઈએ. મુડીઝનો જવાબ છે કે, ભારતની દેવાની સ્થીતી ફુલગુલાબી નથી. ભારતની બેંકો પાછી ન મળી શકે તેવી 136 અબજ ડોલરની લોનના બોજા તળે દટાયેલી છે જે એક ચીંતાનો વીષય છે. સરકારને રોકડું પરખાવાયું કે તમે એવું કશું કર્યું નથી કે રેટીંગ સુધારાય !

ફોર્બ્સ અને મુડીઝ આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત સંસ્થા છે તો 'કેગ' ભારતની બંધારણીય પીઠબળ ધરાવતી મહત્ત્વની સંસ્થા છે. 'કેગ' (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ)ના રીપોર્ટમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન (જીએસપીસી)માં ચાલતી ધુપ્પલ વીશે અવારનવાર ટીકાઓ થતી રહી છે. અમે તે આધારે તા. 16-4-2016ના 'નયા માર્ગ'માં લખ્યું હતું :

> જીએસપીસી ભાજપ સરકારના નાકામ વહીવટનો નાદર નમુનો પુરો પાડે છે. રાજ્યના નાગરીકોના રૂ. 22 હજાર કરોડનો ધુમાડો થઈ ગયો છે. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એવું વીધાન કર્યું હતું કે, કેજી બેઝીનમાંથી એટલું પેટ્રોલ મળવાનું છે કે ઘરનો નળ ખોલશો તો પેટ્રોલ નીકળશે ! જીએસપીસી દ્વારા તેલ અને ગેસના સંશોધન માટે કેજી બેઝીનના દીનદયાળ બ્લોકમાં માર્ચ-2015ની સ્થીતીએ રૂ. 19,576 કરોડનું મુડીરોકાણ કરવામાં આવ્યું છે, જે 'ડેડ ઈન્વેસ્ટમેન્ટ' પુરવાર થયું છે... એવું પણ જાણવા મળ્યું છે કે એક સમીતીની ભલામણને આધારે કેજી બ્લોક બીજા કોઈને આપી દેવાની વીચારણા ચાલે છે. વીદેશી બ્લોકમાં કરોડો રુપીયા માંડી વાળવા પડ્યા છે !

અમારી આશંકા સાચી પડી છે. જીએસપીસીના હજારો કરોડના દેવાનો ગાળીયો ઓએનજીસીના ગળામાં પડશે, એટલું જ નહીં, લટકામાં સંભવીત ગેસ ઉત્પાદન પેટે રૂ. 1357 કરોડ પણ ચુકવવા પડશે ! જીએસપીસીએ જાહેર ક્ષેત્રની બેંકોમાંથી અબજો રુપીયાનું ધીરાણ મેળવ્યું હતું તેથી 'કેગ'ના રીપોર્ટમાં બેજવાબદાર અને આડેધડ ધીરાણ મેળવવા બદલ જીએસપીસીની આકરી ટીકા કરાઈ હતી. આવો ભ્રષ્ટાચાર કોંગ્રેસે કર્યો હોત તો ભારતીય જનતા પાર્ટીએ આખો દેશ ગજાવ્યો હોત. કોંગ્રેસ પાસે મજબુત સંગઠન જ નથી, એટલે આવી ગંભીર બાબત હોવા છતાં એકાદ નીવેદન કરીને જ તેઓ બેસી રહેશે ! કેન્દ્ર અને રાજ્ય એમ બંને સ્તરે ભાજપ સત્તામાં છે; એટલે એક વધુ હાડપીંજર કબાટમાં ગોંધાઈ રહેશે !!

નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીપદે હતા ત્યારથી 'કેગ'ની અવહેલના શરુ કરવામાં આવી છે, જે ખુબ દુઃખદ બીના છે. ગુજરાત વીધાનસભાના બજેટસત્ર વેળા છેલ્લા દીવસે, અંતીમ કલાકોમાં 'કેગ'નો રીપોર્ટ રજુ થાય છે. તે અંગે ગૃહમાં કશી જ ચર્ચા થતી નથી. અખબારોમાં છુટાછવાયા સમાચારો આવે એટલું જ ! એટલે જીએસપીસીના ભ્રષ્ટાચાર અંગે 'કેગ'ના રીપોર્ટમાં એકથી વધુ વખત ટીકાઓ

કરવામાં આવી હોવા છતાં ઉલ્કાપાત થવો તો દુર રહ્યું; કશું સળવળ્યું જ નહીં ! ગુજરાત સ્તરે જેવું બન્યું છે તેનું પુનરાવર્તન કેન્દ્રસ્તરે થઈ રહ્યું છે. કેગે તેના એક રીપોર્ટમાં મોદી સરકારના ટોચના બે મંત્રાલયો ઉર્જા અને આરોગ્ય તથા પરીવાર કલ્યાણને દોષીત ઠેરવ્યાં છે. તેમાં જણાવ્યું છે કે, આ બે મંત્રાલયોને ત્રણ વર્ષમાં રૂ. 26,000 કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તેમ છતાં 'કેગ'ને આ રકમના લાભાર્થીઓનો કોઈ રેકોર્ડ જોવા મળ્યો નથી. આ કેસમાં કેગે મોટાપાયે ગેરરીતીઓ થઈ હોવાની આશંકા પણ વ્યક્ત કરી છે. આ બંને મંત્રાલયોએ 'કેગ'ની ચકાસણી માટે કોઈ રેકોર્ડ પુરો પાડ્યો નથી એવો પણ આક્ષેપ થયો છે. આ લાપરવાહી અને બેજવાબદારી બદલ કોણ જવાબદાર ?

### નોટબંધી પછી હવે 'કેશલેસ'નો કડાકો...

નોટબંધીના મામલે કાચું કપાયું છે. 'આ નીર્ણયની સંપુર્ણ જવાબદારી મારી છે' એવું નરેન્દ્ર મોદી અવારનવાર જણાવતા હતા, કારણ કે, તેઓએ આટલી ગંભીર બાબત અંગે અર્થશાસ્ત્રીઓ, ઉદ્યોગજગત અને વીદ્વાનો સાથે કશી ચર્ચા કરી નહોતી. એમણે માની લીધેલું કે આને કારણે કામયાબી મારા કદમ ચુમશે, પ્રશંસાના પુષ્પો વરસશે પણ એવું થયું નથી. 'ઘોડા છુટી ગયા પછી તબેલા વાસવા જેવો ઘાટ' થયો છે ! છેક 27મી ડીસેમ્બરે વડાપ્રધાન નોટબંધી પછી ચલણની કટોકટીના પરીપ્રેક્ષ્યમાં નીતી આયોગના નીષ્ણાતો સાથે બેઠક યોજશે અને અર્થતંત્રની સ્થીતીની સમીક્ષા કરશે. [આ લખાણ 27મીની બપોરે લખાઈ રહ્યું છે.]

નોટબંધીથી 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર' જેવું થયું છે. જુની 500 અને 1000ની નોટોવાળું મોટાભાગનું નાણું બેંકોમાં જમા થઈ ગયું છે અથવા સોનું કે પ્રોપર્ટીમાં તેનું રોકાણ થઈ ગયું છે. બીજી બાજુ આતંકવાદીઓ પાસેથી નવી નોટો પકડાઈ છે. વળી, બનાવટી નોટો છાપવાનું અને ચલણમાં મુકવાનું બેરોકટોક ચાલુ છે. એટલે આ ત્રણેય ઉદ્દેશો ફળીભુત થયા નથી, જેને કોરાણે મુકીને કેશલેસ અર્થતંત્ર કરવાનું વૃંદગાન વડાપ્રધાન અને નાણામંત્રી કરી રહ્યા છે. ઉંચો સાક્ષરતાદર, ટેક્નોલોજીનો સક્ષમ ઉપયોગ અને ભીન્ન જીવનશૈલી હોવા છતાં આજે પણ અમેરીકા અને યુરોપના દેશો કેશલેસ થયા નથી. એમાં સૌથી મોટો ખતરો સાઈબર ક્રાઈમનો છે. વળી, 80 ટકા ગ્રામીણ ભારત બેંકોની પહોંચ બહાર છે; નેટ કનેક્ટીવીટી અને તેની આવડત વગરનું છે. આ સંજોગોમાં કેશલેસ ભારત એ 'મુંગેરીલાલ કે હસીન સપને' જેવું અને મુળ મુદ્દાથી ધ્યાન બીજે દોરવાની સાજીશ જેવું છે ! પહેલાં ગરીબોના ગજવામાં કેશ આવે એવું કાં'ક કરોને, ભઈશાબ પછી આવું કરજો !

### મણીપુરમાં પેદા થઈ છે મહામુશ્કેલી...

મણીપુર ઉત્તરપુર્વી ભારતની 'સેવન સીસ્ટર્સ' પૈકીનું એક રાજ્ય ! ત્યાં બે મહીના થવા આવશે પણ હાઈ-વે બંધ છે... હજારો ટ્રકો રોકી દેવાઈ છે, રાજ્યની હૉસ્પીટલમાં ઑક્સીજન ખુટી જતાં સારવાર અટકી પડી છે. પેટ્રોલ 250 રુપીયાથી વધુ ભાવે મળી રહ્યું છે. તેનો જથ્થો પણ ખુટવા આવ્યો છે. આ આર્થીક કટોકટી પાછળ પણ રાજનીતી જવાબદાર છે. મણીપુરના કોંગ્રેસી મુખ્યમંત્રી ઈઓબીસીંહે આક્ષેપ કર્યો છે કે રાજ્યની વર્તમાન સ્થીતી માટે કેન્દ્ર સરકાર જવાબદાર છે. ભાજપ સરકાર નાગા કોમ્યુનીટીને ભડકાવી રહી છે... ભારતનું 'ફેડરલ સ્ટ્રક્ચર' છે, કોઈપણ રાજ્યમાં અન્ય પક્ષની સરકાર હોવામાત્રથી કીન્નાખોરી ન જ રખાય. આવું વલણ આગ સાથે ખેલવા જેવું છે. રાષ્ટ્રીય એકતા જાળવવા માટે પણ તે અપનાવાય નહીં...

**અને છેલ્લે :**

આજે ખલીલ જીબ્રાનનું હૈયાસોંસરવું ઉતરે એવું ચીંતન યાદ આવે છે. આપણા કવી મકરંદ દવેએ જીબ્રાનની વેદનાનો સાક્ષાત્કાર કર્યો હોય એવો 'પીટી ધ નેશન'નો અનુવાદ કર્યો છે. તેની અંતીમ પંક્તીઓ :

**લોકનેતા લોંકડી શા જ્યાં કપટના કાંધીયા,**
**ભુર ભાષાના મદારી હોય પંડીત વેદીયા,**
**નામ કુટીને કળાનું થીગડાં મારી ફરે,**
**જ્યાં જુવાનો નકલ નખરામાંય ફીસીયારી કરે !**

**નવા રાજાને કહે વાજાં વગાડીને જીયો !**
**જાય તો પાછળ ઉડાડી ધુળ બોલે હુડીયો,**
**ને છતાં એ કોઈ બીજાને ફરી સત્કારવા,**
**એ જ નેજા ! એ જ વાજાં ! એ જ ખમ્મા, વાહ વા !**

**જાણજો એવી પ્રજાના ખીલડા ખુટલ થયા,**
**દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા.**

**મુક, જર્જર જ્યાં મહર્ષીઓ અવસ્થા કારણે,**
**જેમના શુરા જનો પોઢ્યા હજી છે પારણે,**
**ભાગલા પાડી ઉડાડે નોખનોખી જે ધજા,**
**ને બધા એ ભાગ પોતાને ગણે આખી પ્રજા !**

**જાણજો એવી પ્રજાનાં પુણ્ય પરવારી ગયાં,**
**દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા.**

❑

# ચાલો 130 કરોડને ડીજીટાઈઝ કરીએ !

**યશવન્ત મહેતા**

પશ્ચીમ બંગાળના મોતીહારીમાં, 1903માં જન્મેલા (અવસાન 1950) ઍરીક આર્થર બ્લેરે લેખક તરીકે ઉપનામ જ્યૉર્જ ઑરવેલ રાખેલું. એચ. જી. વેલ્સના ‘ટાઈમ મશીન’ની જેમ ઑરવેલે પણ સમાજવાદ, સામ્યવાદ અને તંત્રવીદ્યા (ટૅક્નોલોજી)ના ભાવી વીશે કલ્પનોત્થ કૃતીઓ લખેલી. એમાં સૌથી વધુ નોંધપાત્ર ‘1984’ (પ્રકાશન વર્ષ 1941) છે. આ ‘1984’માં એણે ખુબ ઝડપે માનવજીવન પર હાવી બની રહેલ ટૅક્નોલોજીને પરીણામે કેવા માનવ અને કેવાં જીવન વીકાસ પામશે એની રસીક રંગીન કલ્પના કરી હતી. ટૅક્નોલોજીના ભારે વીકાસને પરીણામે બધાં કામ એવાં સ્વયંસંચાલીત (ઓટોમેટીક) બની જશે કે માણસને હાથ-પગ ચલાવવાની જરુર નહીં પડે. એ, બસ, પોતાના પલંગમાં કે ખુરશીમાં પડ્યો રહેશે અને ખાવાપીવાનું સુધ્ધાં માત્ર ચાંપ દબાવવાથી મળી જશે. આમ, શારીરીક શ્રમની જરુર ન પડવાથી, જુની ગુજરાતી ઉક્તી મુજબ, ‘હાથપગ દોરડી અને પેટ ગાગરડી’ બની જશે. એ તો ઠીક; એણે મસ્તીષ્ક પાસેથી એટલું બધું કામ લેવાનું થશે અને મસ્તીષ્કને એટલી બધી કસરત મળશે કે એ મોટા કોળા જેવડું બની જશે ! હા, 1984 સુધીમાં એનું શરીર નાનું અને માથું મસમસ મોટું થઈ જશે !

જ્યોર્જ ઑરવેલની આ આગાહી 1984 સુધીમાં તો સાકાર ન થઈ. પરંતુ આજ, 2016 સુધીમાં પણ એટલો ‘વીકાસ’ નથી થયો. એ ખરું કે 1960 સુધીના ઈતીહાસમાં વીજ્ઞાન અને ટૅક્નોલોજી જેટલાં આગળ વધ્યાં હતાં એથી વધુ 1960 પછી વધ્યાં છે. દુનીયા આખીને (એકીસાથે ભારત-પાકીસ્તાન સહીત) શસ્ત્ર-સામગ્રી વેચીને વીશ્વનો સૌથી ધનવાન બનેલો દેશ અમેરીકા પણ ઑરવેલની આગાહીથી જોજનો દુર છે. (જો કે કેટલાક દીવસોથી ડોનાલ્ડ ટ્રમ્પની તસવીરો જોઈને અનુભવાય છે કે ત્યાં શરીર કરતાં મસ્તક મોટાં થઈ રહ્યાં છે.)

ખેર. અતી ધનવાન અમેરીકા કે ધનવાન પશ્ચીમ કે વીજ્ઞાનવીર રશીયા જ્યોર્જ ઑરવેલ- કલ્પીત વીશ્વથી ભલે ઘણાં દુર હોય, અહીં ભારત નામે દેશમાં 2014થી સત્તા મેળવવામાં સફળ થનારાઓને ઑરવેલની આગાહી ફટાફટ સાચી પાડવાની ધુન ચડી લાગે છે. એમણે દેશના અર્થતંત્રને, સમાજજીવનને, સમસ્ત રાષ્ટ્રજીવનને ટૅક્નોલોજી-આધારીત બનાવવા ઉતાવળ કરવા માંડી છે. શરુઆત એમણે અર્થતંત્રથી અને નાણાં-વ્યવહારથી કરવાનું શરુ કર્યું છે. કહેવા માંડ્યું છે કે આવાં વ્યવહાર ટૅક્નોલોજીકલ રીતે, ઈલેક્ટ્રોનીક્સની રીતે ચાલવા જોઈએ. કોઈએ પણ ગજવામાં ચલણી નોટો કે ચલણી સીક્કા રાખવાં નહીં જોઈએ. રીક્ષાભાડાં, પાન-સીગારેટની કીમત, શાકભાજીનાં નાણાં, અરે, ભીખારીને કે દેવસ્થાનને દાનનાં નાણાં ઈલેક્ટ્રોનીક રીતે ચુકવવાં. આવું ન કરનાર માટે એ સજ્જનો પાસે ‘રા’થી શરુ થતો એક શબ્દ પણ છે.

કહેવત છે કે જેની અછત હોય એના વગર ચલાવી લેવાનું માનવજાત શીખી લે છે. અમારા ઝાલાવાડમાં પાણીની ગંભીર તંગી રહેતી. એથી ઘણા લોકો મોટા બકડીયામાં સ્નાન કરતા અને એ પણ ઢોરને પાવામાં કે માંજેલાં વાસણ વીંછળવામાં વાપરતા ! પેલી વાર્તામાં આવે છે કે ઈશ્વરે માણસને આજ્ઞા કરેલી કે ત્રણવાર નહાવું અને એકવાર ખાવું, પરંતુ માણસે અવળું સાંભળ્યું અને એકવાર નહાવાનું અને ત્રણ વાર ખાવાનું શરુ કર્યું ! પરંતુ અમારા ઝાલાવાડમાં લોકોએ શોધી કાઢેલું કે એકવાર ખાઈને તથા ત્રણ દીવસે નાહીને પણ જીવી શકાય છે. વળી, અમારે ત્યાં તો આઝાદી આવેલી અને ત્રણ વર્ષનો દુકાળ લાવી હતી. ત્યારે માનવીની પરીસ્થીતીને અનુકુળ થવાની ક્ષમતા જુઓ : ઘઉં, જુવાર, બાજરી, ચોખા, તુવેરદાળના અભાવમાં મગ, મઠ, મકાઈ અને કોદરી પર જીવવાનું શરુ કરેલું.

2014થી દેશનું શાસન સંભાળનારાઓને પણ માનવીની આ એડેપ્ટેબીલીટી (સંજોગો અનુસાર જીવી લેવાની ક્ષમતા)નો પુરેપુરો ખ્યાલ હોવો જોઈએ. આથી જ એમણે કુલ ચલણી નાણાંના 86 ટકા રદ કરી નાખ્યાં ! બસ, 14 ટકા નાણાં પર જીવો ! 86 ટકા નાણાંવ્યવહાર ટૅક્નોલોજીથી કરો !! કાર્ડ વાપરો !!

વર્તમાન સરકારના આવા આગ્રહ વીશે સંસદમાં માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના સીતારામ યેચુરીએ જણાવ્યું કે હજુ દેશના 2.6 કરોડ (બે કરોડ સાઠ લાખ) લોકો પાસે જ આવાં ઈલેક્ટ્રોનીક નાણાં - વ્યવહારનાં કાર્ડ છે ત્યારે સત્તાધીશો આડું જોઈ ગયા હતા. આટલાં કાર્ડ વડે ધારો કે

*બસના ડ્રાઈવરે બડી કુનેહથી અને બહાદુરીથી બસને ભગાવીને આતંકવાદીઓનો પ્રયાસ નીષ્ફળ બનાવ્યો હતો. ડ્રાઈવર વગરની ગાડી શું આવી સ્વયંબુદ્ધી વાપરી શકે ?*

12થી 15 કરોડ દેશવાસીઓ રોકડ નાણાં વગર ચલાવી શકે; પરંતુ દેશની વસતી તો 130 કરોડ ઉપરાંત છે. બસ, બધા વ્યવહાર રોકડ વગર ચલાવો, એવો આગ્રહ રાખનારને શું કહીશું ? નીરો કહીશું ? ઑરવેલ-ભક્ત કહીશું ?

એ વાત સાચી છે કે માણસ જાત એના જન્મથી જ શ્રમ બચાવે, સમય બચાવે, ઉત્પાદનવૃદ્ધી કરે એવી રીતો શોધતી રહી છે. ઉચ્ચાલન, ગરગડી, ચક્ર (પૈડું) વગેરે વગેરે સાદી માનવબળ સંચાલીત (મેન્યુઅલ) શોધો પછી ઘર્ષણવીદ્યુત, જળવીદ્યુત વગેરેની શોધ થઈ. ખનીજ બળતણ અને અણુશક્તીની શોધ થઈ. અણુશક્તી અંગેનાં સંશોધનોના જ ભાગરુપે પરમાણુ (ઈલેક્ટ્રોન)ની સમજ આવી અને ઈલેક્ટ્રોનીક્સની આખી અદ્‌ભુત સૃષ્ટી રચાવા લાગી.

હવે તો એ સ્થીતી આવી છે કે આખી દુનીયા વધુ ને વધુ સ્વચાલીત અને ડીજીટલ-મય બનવા લાગી છે. અત્યાર સુધી જે કાંઈ યંત્રચાલીત હતું તે બધું જ હવે ઈલેક્ટ્રોનીક્સ અથવા ‘સ્માર્ટ’ બની રહ્યું છે. ઘરગથ્થુ સાધનસામગ્રી, પંખા, ફ્રીજ વગેરે બધું જ ડીજીટલ નીયંત્રણ હેઠળ આવવા લાગ્યું.

અરે, હવે તો દુનીયા ડ્રાઈવર વગરની સ્વચાલીત મોટરગાડીઓ બનાવવાની અણી પર છે. અમેરીકાની લગભગ તમામ મોટી મોટરકાર ઉત્પાદક કંપનીઓ સ્વચાલીત મોટરગાડીના પ્રયોગો કરી રહી છે. અમેરીકામાં 2015માં, મોટા હાઈવે રસ્તાઓ પર આશરે 40,000 મોત થયાં. એમાં લોકોને ગાડીઓના ચાલકોની ભુલ લાગે છે. સ્વચાલીત ‘સ્માર્ટ’ ગાડીઓ આવાં મોત નીવારી આપશે એવું ઘણા માને છે. સ્વચાલીત મોટરકારના ‘વકીલો’ની દલીલ છે કે એથી ‘સમય, નાણાં અને જીંદગીઓ’ની બચત થશે. વાહનવ્યવહાર વધુ સરળ અને દક્ષ બનશે.

પરંતુ એવું બનશે ખરું ?

સ્વચાલીત કાર તો આવે ત્યારે ખરી; જે ગાડીઓ વધુ ને વધુ ‘સ્માર્ટ’ બનતી જાય છે તે વાસ્તવમાં સંચાલન માટે સંકુલ કોમ્પ્યુટર વ્યવસ્થા પર આધાર રાખે છે. એટલા જ પ્રમાણમાં યાંત્રીક અને માનવ-સંચાલીત વ્યવસ્થાઓ ઓછી થતી જાય છે. જેમ કે કારનાં બારણાં એક સ્વીચ પર આધારીત રહે છે. એ વગર, માણસો હાથ વડે બારણાં ઉઘાડબંધ કરી શકતા નથી. આ સ્થીતી ક્યારેક મોતનું કારણ બની શકે. એકવાર અખબારોમાં સમાચાર વાંચેલા કે બે બાળકો રમતાં રમતાં એક મોટરગાડીની અંદર ‘લોક’ થઈ ગયાં. ગાડીનું મશીન ચાલે નહીં ત્યાં સુધી દરવાજા ખુલે નહીં. બાળકો અંદર જ ગુંગળાઈ મર્યાં. એક વાર મુંબઈમાં ભારે વરસાદ પડ્યો. કેટલીક ‘ઓટોમેટીક’ ગાડીઓનાં મશીન પાણીને કારણે બંધ થઈ ગયાં. આથી ‘ઈલેક્ટ્રોનીક’ રીતે ખુલતાં બારણાં ખુલી ન શક્યાં. પ્રવાસીઓએ મરણીયા પ્રયાસ કર્યા છતાં બારણાં ખુલી ન શક્યાં. ગાડીમાં ક્રમશ: પાણી ભરાવા લાગ્યાં. પેસેન્જરો ‘ડુબી’ મુઆં ! એ વર્ષે મુંબઈમાં આવાં કેટલાં મોત થયાં એનો આંકડો મળ્યો નથી; પરંતુ જો મોટરગાડીનાં બારણાં લીવર-હેન્ડલ વડે ખુલી શકતાં હોત તો જાનહાની ન થાત.

આ તો આંશીક પ્રમાણમાં ઓટોમેટીક ગાડીની વાત થઈ. એમાં ઘણી કામગીરીઓ ડ્રાઈવર કરે છે. પણ ડ્રાઈવર વગરની સ્વયંચાલીત ગાડી તો ઈલેક્ટ્રોનીક માર્ગદર્શનને માનશે. અલબત્ત, ડ્રાઈવર વગરની ઈલેક્ટ્રોનીક કારમાં અનેક કેમેરા હશે. માહીતીના ગ્રહણ અને વીશ્લેષણ માટે અનેક લેસર-આધારીત સંજ્ઞાનકો (સેન્સર્સ) હશે. અંદર વીગતવાર નકશા હશે. એ પાછા ત્રીપરીમાણી હશે, જેથી સામે આવતા પથરા, ખાડા, ખાલી જગા, વળાંક, હંગામી રસ્તા (ડાઈવર્ઝન) અને પાણીનાં ખાબોચીયાનું પણ સંજ્ઞાન લેશે અને એ પ્રમાણે ગાડીને હંકારશે.

પરંતુ આ વાત વાંચવામાં લાગે છે એટલી વ્યવહારમાં સહેલી નથી. મે, 2016માં અમેરીકાનો 40ની વયનો એક વેપારી સ્વચાલીત ગાડીના અકસ્માતમાં માર્યો ગયો. ગાડી એક ડમ્પર ટ્રક સાથે અથડાઈ હતી. ટ્રક સફેદ હતી, એટલે સંજ્ઞાનકોએ તેને ધ્યાનમાં જ ન લીધી ! એક પ્રયોગ વેળા સ્વચાલીત ગાડી એકદમ અટકીને ઉભી રહી ગઈ હતી, કારણ કે એને આગળ કાળો આકાર કળાયો હતો. આકારને એણે ઉંડો ખાડો કે મોટું ખાબોચીયું માની લીધેલું. વાસ્તવમાં એ માર્ગ ઉપર ઝળુંબી રહેલા મોટા વૃક્ષનો પડછાયો હતો !

આમ, ડ્રાઈવર વગરની મોટરગાડીના પ્રયોગો હજુ અમેરીકામાં પણ સફળ થયા નથી. એમની સફળતા સામે કેટકેટલાં અને કેટલાં વીઘ્ન છે એનું એક ઉદાહરણ આ છે - વર્ષ 2009માં શ્રીલંકાની ક્રીકેટ ટીમ પાકીસ્તાન સામે રમવા એ દેશમાં ગઈ હતી. ટીમ એક ખાસ બસમાં પ્રવાસ કરી રહી હતી ત્યારે આતંકવાદીઓએ એના પર હુમલો કર્યો. ત્યારે બસના ડ્રાઈવરે બડી કુનેહથી અને બહાદુરીથી બસને ભગાવીને આતંકવાદીઓનો પ્રયાસ નીષ્ફળ બનાવ્યો હતો. ડ્રાઈવર વગરની ગાડી શું આવી સ્વયંબુદ્ધી વાપરી શકે ?

ટુંકમાં, માત્ર સ્વચાલીત મોટરકાર જ નહીં, હર પ્રકારની ટેક્નોલોજી હજુ તો ભુલરહીત (ફુલપ્રુફ) બની નથી. ગયે અઠવાડીયે જ એક લેખીકા બેનનો ફોન હતો. એમણે નવી વાર્તાઓ સીધી પોતાના કોમ્પ્યુટર પર લખવા માંડી હતી. પછી કોમ્પ્યુટરમાં કશોક ખોટકો થયો. એ સમો કરવા માટે નીષ્ણાતનો બોલાવ્યાં. એ શ્રીમાને ખોટકો તો દુર કરી આપ્યો, પરંતુ કોમ્પ્યુટરમાં જે કાંઈ સંચીત હતું તે બધું ઉડી ગયું ! બેનની નવ નવી વાર્તાઓ સહીત !

આવા સંજોગોમાં, 2014થી નવી દીલ્હી ખાતે દેશનું શાસન ચલાવવા માટે લોકસભામાં બહુમતી મેળવનાર સજ્જનો 130 કરોડ લોકોને ડીજીટલ અને સ્માર્ટ અને કાર્ડ-આધારીત બનાવી દેવા ધારે છે; તેમાં એ 130 કરોડ માટેનો પ્રેમ દેખાય છે કે પોતાની જીદ એ આ 130 કરોડે નક્કી કરવાનું છે. અને ઉપર લખી તે બધી વાતો તો એક ટેક્નોલોજી-અભણ માણસે લખી છે. જાણકારો આથી પણ વધારે પ્રકાશ પાડી શકે.

દોઢસો વર્ષ અગાઉ આપણા આધુનીક યુગના આદી કવી દલપતરામે કહેલું : 'ધીરે ધીરે સુધારામાં સાર.' યાહોમ કરીને ખાબકી પડવાથી શું થાય ? સૌ જાણે છે.

❑

# પત્રકારોએ કાશ્મીરમાં શું જોયું ?

**અશ્વીનકુમાર કારીઆ**

હીઝબુલ મુઝાહીદ્દીન કમાન્ડર બુરહાન વાણીનાં મૃત્યુ અને ઉરી વીસ્તારની સરહદ પર 18 સૈનીકોનાં મૃત્યુબાદ કાશ્મીરમાં યુદ્ધ જેવો માહોલ પેદા થયો હતો. કેટલાંક સંવેદનશીલ પત્રકારોએ સરકાર તરફથી પુરી પાડવામાં આવતી માહીતી પર આધાર રાખવાના બદલે પોતે જાતતપાસથી પરીસ્થીતીનો ઉંડાણથી તાગ મેળવવા નીર્ણય કર્યો. તેથી હીંદી અને મરાઠી સામયીકોના જાણીતા પત્રકારો સંતોષ ભાટીઆ અને અશોક વાનખેડેએ પોતાના સાથી મીત્રો સાથે ખીણ વીસ્તાર સહીત કાશ્મીરની મુલાકાત લીધી હતી. સંતોષ ભાટીઆ સંસદસભ્ય રહી ચુક્યા છે અને કેટલાક ભાજપી નેતાઓ, ખાસ કરીને રાજ્યપ્રધાન અને લશ્કરના પુર્વ વડા જનરલ વી. કે. સીંગ સાથે ઘણા નજીકના સંબંધો ધરાવે છે. કાશ્મીરની મુલાકાત બાદ સંતોષ ભાટીઆએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને લખેલ પત્રના કેટલાક અંશો અત્રે પ્રસ્તુત છે :

વ્હાલા વડાપ્રધાન,

કાશ્મીરની ચાર દીવસની મુલાકાત બાદ હું હમણાં જ પાછો ફર્યો છું. ત્યાંની મુલાકાત બાદ મને એમ લાગ્યું છે કે કાશ્મીરની સ્થીતીથી મારે તમને વાકેફ કરવા જોઈએ. મને ખાત્રી છે કે તમારા સુધી સરકારી મશીનરીથી પહોંચતા સમાચાર પ્રાયોજીત હોય છે અને તેમાં સત્યનો અંશ બહુ ઓછો હોય છે. જો તમારી પાસે એવી કોઈ વ્યવસ્થા હોય કે જેનાથી તમને સાચી સ્થીતીની જાણ થાય, તો તમે વાસ્તવીકતાને અવગણી શકશો નહીં.

ખાસ કરી ખીણની મુલાકાતથી હું ઘણો વ્યથીત થયો છું. આપણી પાસે જમીન છે. કારણ કે આપણે આપણું લશ્કર ત્યાં મુકેલ છે, પરંતુ લોકો આપણી સાથે નથી. હું પુરી જવાબદારી સાથે કહું છું કે 80 વર્ષના ઘરડાં માણસોથી લઈ 6 વર્ષનાં નાનાં બાળક સુધીની દરેક વ્યક્તી ભારત સરકાર તરફ ગુસ્સો ધરાવે છે. તેઓ એટલા બધાં ગુસ્સામાં છે કે તેઓ સરકાર સાથે સંબંધીત કોઈ વ્યક્તી સાથે વાતો કરવા ઈચ્છતા નથી. ગુસ્સાના આવેશમાં હાથમાં પથ્થરો સાથે તેઓ કોઈપણ સાહસ માટે તૈયાર છે કે જેમાં શક્ય હત્યાકાંડનો સમાવેશ પણ થઈ શકે. તમને આ એટલા માટે લખી રહ્યો છું કે કાશ્મીરમાં શક્ય હત્યાકાંડ રોકવામાં તમારે અગત્યની ભુમીકા ભજવવાની છે.

લશ્કરનાં માનસમાં એવી લાગણી વીકસી રહી છે કે કોઈ કાશ્મીર વ્યવસ્થા સામે અવાજ ઉઠાવનારને મારી નાખવામાં આવે, તો જ કાશ્મીરમાં અલગતાવાદી ચળવળને કચડી નાખી શકાય. સરકાર તરફથી જેને અલગતાવાદી ચળવળ તરીકે ગણવામાં આવે છે તે અલગતાવાદી ચળવળ નથી. 80 વર્ષથી 6 વર્ષનું બાળક 'આઝાદી' (સ્વાતંત્ર્ય) ઈચ્છે છે. આપણે એ સ્વીકારવું જોઈએ કે છેલ્લાં 60 વર્ષોમાં આપણે અસંખ્ય ભુલો કરી છે. સલામતી દળો શરીરના ઉપરના ભાગે પેલેટગન ફોડે છે અને તેનાથી 10,000 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

વ્હાલા વડાપ્રધાન, કાશ્મીરની મારી મુલાકાત દરમ્યાન મેં કેટલીક હોસ્પીટલોની મુલાકાત પણ લીધી હતી. મને એમ કહેવામાં આવ્યું હતું કે આપણા 4થી 5 હજાર સૈનીકો પણ ઈજા પામ્યા છે. આ માત્ર પ્રચાર છે અને તેને કોઈ માનતું નથી. જો આપણા સૈનીકો ઈજાગ્રસ્ત હોય, તો મહેરબાની કરી અમો પત્રકારોને તે હોસ્પીટલોમાં લઈ જશો

કે જ્યાં તેઓ સારવાર લઈ રહ્યા હોય.

અમે કેટલાંક એવાં બાળકો જોયાં કે જેમણે પોતાની આંખો ગુમાવી છે અને જેઓ હવે ક્યારેય જોઈ શકશે નહીં. આ કારણથી મારી ઉંડી સંવેદના સાથે આપને આ પત્ર લખી રહ્યો છું. અનેક પ્રસંગોએ કાશ્મીરની સ્થીતી અમોને ગંભીર હોવાનું જણાયેલ છે. કાશ્મીરીઓનાં મનમાં રોષ એ બાબતનો છે કે હરીયાણામાં જાટના બેકાબુ અને હીંસક આંદોલન વખતે એકપણ ગોળી છોડવામાં આવી ન હતી. રાજસ્થાનમાં તાજેતરમાં ગુર્જરોએ કરેલ આંદોલન વખતે પોલીસ ગોળીબારથી કોઈએ જાન ગુમાવવાનો વારો આવ્યો નથી. બેંગ્લોર અને કર્ણાટકના વીવીધ ભાગોમાં કાવેરી જળવીવાદ મુદ્દે થયેલ આંદોલનમાં પણ કોઈ પોલીસ ગોળીબાર થયો નથી. તો પછી કાશ્મીરીઓ પર શા માટે ગોળીઓ અને તે પણ ઉપરના ભાગે છોડવામાં આવે છે, કે જેમાં નાનાં બાળકો પર પણ રહેમ કરવામાં આવતી નથી ?

કાશ્મીરમાં પોલીસ, વેપારી, વીદ્યાર્થી, પત્રકારો, રાજકીય પક્ષો, સરકારી અધીકારીઓ, દરેકે દરેક વર્ગ ભારત સરકારની વીરુદ્ધ થઈ ગયેલ છે. જેમનાં હાથમાં પથ્થર નથી તેઓ તેમનાં હૃદયમાં પથ્થરનો ભાર લઈને બેઠા છે. આ 1942નું 'ભારત છોડો' અથવા જયપ્રકાશે 1970ના દાયકામાં સરકાર વીરુદ્ધ છેડેલ આંદોલન જેવું લોકઆંદોલન છે.

પત્રકારોના પ્રતીનીધી મંડળે ભારતના વડાપ્રધાન, અન્ય કેબીનેટ પ્રધાનો, અને ભાજપના નેતાઓ દ્વારા પાકીસ્તાન સામે કરાયેલ આક્ષેપોની સત્યતા બાબત પણ પ્રશ્નાર્થ ઉઠાવેલ છે. પત્રકારોએ એવો પ્રશ્ન ઉઠાવેલ છે કે 'કે શું પાકીસ્તાન એવી હેસીયત ધરાવે છે કે પથ્થર ફેંકનાર દરેક બાળકને રુપીયા 500 ચુકવી શકે ?' અને આપણું તંત્ર એટલું બધું નબળું છે કે, આવા બાળકોને રુપીયા 500 વીતરણ કરનાર કોઈપણ વ્યક્તીને પકડી ન શકે ? શું પાકીસ્તાન એટલું બધું શક્તીશાળી છે કે 125 કરોડની વસ્તી ધરાવતા ભારત સામે 60 લાખની વસ્તીવાળા કાશ્મીરને ઉશ્કેરી શકે ?

પત્રકારોના આ પ્રતીનીધીમંડળે તેમના સાથી પત્રકારો દ્વારા કાશ્મીરની સ્થીતી બાબતે વહેતા કરેલા સમાચારો તરફ શંકાની સોય તાણી છે. આ પત્રકારોનું કહેવાનું એમ છે કે, તેમને રાજ્યસભામાં નિમણુંક થવાની અપેક્ષા હોય છે અને દેશની એકતા અને અસ્તીત્વ સંબંધમાં પ્રથમ કક્ષાના પત્રકાર તરીકે ઉભરી આવવાની તેમની ઈચ્છા હોય છે. આવા પત્રકારો ખરેખર દેશભક્ત તો નથી અને દરેક બાબતમાં પાકીસ્તાનનો હાથ હોવાનું જણાવતા આ પત્રકારો વાસ્તવમાં પ્રહસનના જોકરો છે. વાસ્તવમાં તેઓ ભારતીયોના અને કાશ્મીરીઓના માનસ પર એવી છાપ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, કે પાકીસ્તાન ખુબ જ મજબુત અને શક્તીશાળી રાષ્ટ્ર છે.

હું ઈચ્છું છું કે, ઈતીહાસમાં નરેન્દ્ર મોદીની એવી નોંધ લેવાવી જોઈએ કે આ માણસે કાશ્મીરીઓના દીલ જીતી લીધા છે અને છેલ્લા સાઈઠ વરસમાં પાલન ન કરાયેલા વચનો તેણે પુર્ણ કર્યા છે. કાશ્મીરીઓ સોના-ચાંદી માંગી રહ્યા નથી. તેઓ માત્ર અગાઉ અપાયેલા વચનોની પુર્તી ઈચ્છે છે. કાશ્મીરીઓએ ઈદનો ઉત્સવ મનાવ્યો નથી. ભારતની રાજકીય નેતાગીરી સામેનો તેમનો વીરોધ બળવામાં પરીણમ્યો છે. કાશ્મીરમાં 2014માં યોજાયેલ ચુંટણીઓમાં લોકોએ ભાગ લીધો હતો પરંતુ હવે ભારત સરકાર તરફ કોઈને કુણી લાગણી નથી. હું તમને આ એટલા માટે જાણ કરી રહ્યો છું કે તમે સમગ્ર ભારતના વડાપ્રધાન છો અને તમે તેનો ઉકેલ લાવો.

કાશ્મીરમાં ઓછામાં ઓછા 500 લોકોએ ગોળીબારથી પોતાની આંખ ગુમાવી છે અને 10,000 લોકો ઈજા પામ્યા છે. આ માહોલને કારણે કાશ્મીરીઓ પોતાના ઘરમાં માત્ર એક બલ્બ સળગાવે છે અને બીજા કોઈ દીવાબત્તી ન કરીને પોતાનો શોક પ્રગટ કરે છે. પથ્થર ફેંકનારા છોકરાઓ એવા ભય હેઠળ ઘરમાં રાત્રી ગુજારે છે કે સલામતી દળનો કોઈપણ સભ્ય ગમે ત્યારે તેને કાયમ માટે ઉપાડી જશે. પ્રથમ વખત જ એવું બન્યું છે કે, આંદોલન ગ્રામ વીસ્તારોમાં પણ વીસ્તર્યુ છે. દરેક વૃક્ષ અને દરેક મોબાઈલ ટાવર પર પાકીસ્તાની ધ્વજ ફરકે છે. જ્યારે પાકીસ્તાનની ટીમનો ભારત પર વીજય થાય છે ત્યારે કાશ્મીરીઓ ઉત્સવ મનાવે છે અને આ રીતે તેઓ ભારત સરકાર તરફ પોતાનો રોષ પ્રકટ કરે છે.

વ્હાલા વડાપ્રધાન, 'શું આ માનસીકતા સમજવાની જરુર નથી લાગતી ? જો કાશ્મીરીઓ આપણી સાથે ન હોય તો કાશ્મીરની જમીન આપણી સાથે રાખીને શું કામ છે ?'

**– પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

(The Radical Humanist, Oct. 2016માં ઈફ્તીખાર ગીલાનીનો લેખ ટુંકાવીને)

❑

## બાબુભાઈને લાલ સલામ !

પ્રખર રેશનાલીસ્ટ પ્રા. બાબુભાઈ દેસાઈનું તા. 27મીએ બપોરે 1.20 કલાકે સુરત ખાતે અવસાન થયું છે. સ્મરણાંજલી લેખ હવે પછીના અંકમાં છપાશે... બાબુભાઈને લાલ સલામ !

# વીજ્ઞાન સીદ્ધ કરે છે નારીગૌરવ

**ગાર્ગી વૈદ્ય**

એક ચીની કહેવત છે :

'સ્ત્રી હજાર વર્ષનો ઉછેર લઈને જન્મે છે, નવેસરથી ઉછેરવાની જરુર પડે છે પુરુષને.' હીન્દના કેટલાક મીથ્યાભીમાનીઓ સીવાયનું આખું જગત જાણે છે કે વીશ્વની સૌથી શાણી પ્રજા ચીનની છે. એ પ્રજાએ આપેલી, સદીઓને અનુભવે વીકસાવેલી આ કહેવત એક અદ્ભુત ગાગર સમાન છે જેમાં જ્ઞાનનો સાગર સમાયો છે.

આ વાંચનાર બહેનોમાંથી ઘણાંને તો પુરુષની સરખામણીએ પોતાની આગવી વીશેષતાની ખબર નહીં હોય, પરંતુ વાંચનાર પુરુષો જો જરાક વીચારશીલ હશે તો એમને ખ્યાલ હશે કે પોતાની માતા, નાનીબહેન, પડોશની બહેનપણી વગેરે સૌના શાણપણનો પોતાને લાભ મળ્યો છે. પોતે ભુલ કરવા ગયા હોય અને આ સ્ત્રીઓએ કે છોકરીઓએ રોક્યા હોય એવું બન્યું છે. સૌ સમજુ પુરુષોએ જોયું છે કે કપડાં, વાસણ, સંજવારી, રસોઈ વગેરે પ્રકારનાં કામ છોકરીઓ તો એકવાર જોતાં જ (અને ઘણી વાર તો જોયા વીના જ) શીખી જાય છે. ગાર્ગી વૈદ્યના ઑલ્ટર ઈગોને ગોળ ભાખરી વણતાં કદી નથી આવડ્યું. ભાખરી ગોળ કરવી હોય તો વાડકો લઈને કાપવી પડે છે ! કોઈ જ છોકરીએ ભાખરી બનાવવામાં વાડકા-પ્રયોગ કર્યો હોય એવું અમે તો જોયું નથી. આવું જ અન્ય તમામ પ્રકારનાં ઘરકામોનું સમજવું.

અમે એક બીજી વાત જોઈ. સ્ત્રી પોતાનાં ગોપનીય અંગો વીશે શીશુવયથી જ અને સ્વયંભુ રીતે સભાન હોય છે. એ અંગોના આળાપણા વીશે પણ નાનપણથી જ એને અંતઃપ્રેરણા હોય છે. પરીણામે, નાનપણમાં છોકરાઓ દસ-બાર વર્ષના થાય ત્યાં સુધી દીગંબર અવસ્થામાં ઘરમાં અને બહાર પણ અને ખાસ કરીને નદી-તળાવ પર બીન્ધાસ્ત ફરતા દેખાશે. કોઈ એવડી છોકરી સાવ નીરાવરણ બનીને ઘુમતી કે નહાતી નહીં દેખાય. પોતાનાં આંતરીક અંગો પર ઘાત આવી શકે છે એની એને જન્મજાત સમજણ હોય છે.

આ જ રીતે, સ્ત્રીને નાનપણથી જ લોહી સાથે નીકટનો નાતો બંધાઈ જાય છે. નાનપણથી જ શાક સમારતાં ચપ્પુ વાગવાથી કે વગડે છાણાં-લાકડાં વીણતાં ફાંસ કે કાંટા કે ઠેસ વાગવાથી કે અન્યથા એને લોહી નીકળ્યા કરે છે. એથી એનો લોહી માટેનો છોછ ઓછો થઈ જાય છે. એ લોહી જોઈને કરુણાભાવ અનુભવે છે પરંતુ ઉશ્કેરાટ અનુભવતી નથી. હુલ્લડના કે અકસ્માતના કે મારફાડના પ્રસંગે લોહીઝાણ બનેલાં લોકોનાં દૃશ્યો અથવા એમની તસવીરો જોનાર સ્ત્રી અને પુરુષના પ્રતીભાવ વચ્ચેનો ભેદ તમે કદી જોયો છે ? અરે, અખબારોમાં આ પ્રકારની તસવીર જોનાર સ્ત્રીઓ અને પુરુષોના પ્રતીભાવ જુદા હોય છે. આવી તસવીરો અને આવાં દૃશ્યો સ્ત્રીના હૃદયમાં સહાનુભુતી અને કરુણા જન્માવે છે. પોતાની જેમ આનું પણ લોહી વહ્યું, એ સમજીને સ્ત્રી અનુકંપા અનુભવે છે. જ્યારે પુરુષો એ તસવીરો જોઈને હચમચી જાય છે, ઉશ્કેરાઈ જાય છે, કારણ કે લોહી જોવાની એમને આદત નથી. આ જ કારણે જે છાપાંઓ કોમી હુલ્લડો પ્રસરે એમાં સ્વાર્થ જોતાં હોય છે. તેઓ આ પ્રકારની ઉદ્રેકજનક તસવીરો છાપે છે; જે જોઈને બાપડા પુરુષો ઉશ્કેરાઈ જાય છે અને મારફાડ કરવા મેદાને પડે છે.

સ્ત્રી લાખો વર્ષોથી વેદના ઝીલતી અને સહેતી આવી છે. સ્ત્રી લાખો વર્ષોથી સંતતીનું પાલન અને ભરણપોષણ કરતી આવી છે, તથા એને માટે સતત પરીશ્રમ કરતી આવી છે. એ જન્મથી જ સહનશીલ, ઉદ્યમશીલ, ધૈર્યવાન હોય છે. અને નીશ્ચયાત્મક બુદ્ધી ધરાવતી હોય છે.

સ્ત્રીના આ બધા ગુણ જન્મથી જ એનામાં કેવી રીતે આવી જાય છે એની હમણાં સુધી કોઈનેય ખબર નહોતી. ચીનાઓએ પણ પોતાની કહેવત સુદીર્ઘ અનુભવને આધારે ઘડી હતી; વીજ્ઞાનને આધારે નહીં. ચીનાઓની મહત્તા એમાં છે કે પછીથી વૈજ્ઞાનીક તથ્યોને આધારે જે સત્ય સુસીદ્ધ થયું છે તે સત્ય સુધી તેઓ અનુભવ અને તર્કને આધારે પહોંચી ગયા હતા.

આ નવું વીજ્ઞાન એટલે જનીનવીજ્ઞાન (જીન્સ થીઅરી - Genes Theory). આ વીજ્ઞાન કહે છે કે મનુષ્યમાત્ર પોતાનાં જન્મદાતા સ્ત્રી અને પુરુષનાં જનીનો દ્વારા વારસામાં અપાતાં ગુણ અને જ્ઞાન ધરાવે છે. અત્યાર સુધી આપણે એમ માનતા હતા કે નવજાત શીશુ એક કોરી સ્લેટ છે. જન્મના સંજોગો, ઉછેર, સંસ્કાર, શીક્ષણ, આદતો, પ્રેરણાઓ વગેરેના અક્ષરો એ સ્લેટ પર અંકીત થાય છે. શરીરમાત્રને અને જીવનસમસ્તને ભૌતીક પદાર્થો

અથવા અણુઓના જથ્થા તરીકે જોવા ટેવાયેલાં વીજ્ઞાન અને ફીલસુફીને ઝાટકા વાગવાનું વીસમી સદીના સાઠના દાયકાથી શરુ થયું. વીજ્ઞાનીઓએ શોધી કાઢ્યું કે મનુષ્યનો જન્મ સ્ત્રી અને પુરુષનાં જનીનો (Genes)ના સંગમથી થાય છે, અને આ જનીનો નવા જન્મનાર બાળકના આકાર, વર્ણ, ફીલસુફી... અરે, વાળનો રંગ અને વાળની આયુ સુધ્ધાં નક્કી કરે છે. બાળકનું સ્વાસ્થ્ય જીવનભર કેવું રહેશે, એ ભણવામાં કેવું રહેશે, ઈત્યાદી બધું આ જીન્સને આધારે નક્કી થાય છે. અરે, એની આવરદા કેટલી રહેશે, એ પણ જીન્સમાં અંકીત હોય છે ! માનવી જો કશાં અકુદરતી કે હીંસાજનીત કારણોસર મરણ ન પામે તો જીન્સ દ્વારા નક્કી થયેલી આવરદા ભોગવે છે. આ જીન્સમાં અંકીત હોય છે માનવીમાત્રને મળતું કેટલુંક સ્વયંભુ જ્ઞાન. બાળક કોઈનાય શીખવ્યા વગર ધાવવા લાગે છે, રડવા લાગે છે. આ બધું જ્ઞાન એને વારસામાં મળ્યું હોય છે. એટલે કે પુરુષને એની પુરુષેય તાકાત, મજબુત માંસપેશીઓ, મોટું માથું, બરડપણું, આક્રમકતા, ઉતાવળીયાપણું અનીશ્ચય વગેરે વારસામાં મળે છે. સ્ત્રીને એની સહનશીલતા, પરીશ્રમશીલતા, ધીરજ, વીવેકબુદ્ધી વગેરે મળે છે. એ ‘ઉછેર’ ચીનાઓ કહે છે તેમ, હજારો વર્ષોનો ઉછેર નથી, લાખો વર્ષોનો છે ! જો કે ચીની કહેવતનું તાત્પર્ય એ છે કે પુરુષને જે સમજણ હજાર વર્ષોના ભણતર પછી આવે (કોઈકમાં તો ન પણ આવે !) તે સમજણ સ્ત્રીમાં જન્મજાત આવે છે.

સ્ત્રીની જૈવીક આવશ્યકતાઓ પુરુષ કરતાં ભીન્ન હોય છે. મોટામાં મોટી ભીન્નતા વંશવારસાની વૃદ્ધીની બાબતમાં છે. આ કામગીરીમાં પુરુષની ભુમીકા માત્ર પ્રારંભીક આગંતુક તરીકેની હોય છે. બસ, પછીની સ્ત્રીની ગર્ભધારણની, ગર્ભના પોષણની, મહાકષ્ટ ભોગવીને કરાતી પ્રસુતીની, શીશુના પોષણની વગેરે વગેરે કામગીરીઓ સાવ વીશીષ્ટ અને માત્ર સ્ત્રી સુધી જ સીમીત હોય છે. કરોડો વર્ષોથી વંશવારસાની વૃદ્ધીનું આ કપરું કામ સ્ત્રી કરતી આવી છે. આ બધાંય વર્ષોના અનુભવ અને લાગણીઓનો વારસો સ્ત્રીને જન્મ વેળા જ મળે છે. એટલે પેલી ચીની કહેવતને તો આપણે એટલે સુધી સુધારી શકીશું કે સ્ત્રી તો જન્મથી જ લાખો-કરોડો વર્ષોના સંચીત જ્ઞાન વારસાથી સજ્જ હોય છે. હા, પુરુષનેય કેટલોક વારસો મળે છે જરુર, પરંતુ સ્ત્રીના વારસાની સરખામણીમાં એ અડબંગ સીદ્ધ થાય છે.

**અને છેલ્લે...**

અખબારોમાં વાચકોના પ્રશ્નોના ઉત્તર આપનારાઓને ઘણીવાર પુછાય છે કે પુરુષની છાતીએ પણ ડીંટડીઓ શા માટે હોય છે ? આ પ્રશ્નનો વૈજ્ઞાનીક ઉત્તર પણ નારીગૌરવની ચરમસીમા રુપ છે. ઉત્તર એ છે કે ગર્ભધારણ વેળા તમામ ગર્ભ માત્ર નારીગર્ભ હોય છે ! તમામ ગર્ભોમાં એક સરખાં શરીરલક્ષણો વીકસે છે, અને તે... માત્ર ... નારીલક્ષણો હોય છે ! માત્ર પાંચમા મહીના પછી અમુક ક્રોમોસોન વધુ બળવત્તર બનીને નારીત્વનાં કે પુરુષત્વનાં લક્ષણો નક્કી કરે છે. એટલે કે મુળે તો તમામ માનવજાતી નારીરુપ જ સર્જાય છે. પછી વળી એમાંથી નરમાં પરીવર્તન થાય છે. આ દૃષ્ટીએ આપણે સૃષ્ટી-રચનાની બધી પુરાણકથાઓને બદલી શકીએ. પરંતુ એ કામ કવીઓ માટે રહેવા દઈએ. ❑

## વીચારમંચ

ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ ઍસોસીયેશન, બી. કે. મર્કેન્ટાઈલ બૅંક લૉ કૉલેજ, પાલનપુર તથા બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન-સમીતી, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે એક દીવસીય વીચારશીબીર.

| વીષય | વક્તા | અધ્યક્ષ |
|---|---|---|
| 1. ચાર્વાકનું ચીંતન | મનીષી જાની | પ્રો. મીહીર દવે |
| 2. ‘દર્શક’નો ‘આપણો સ્વરાજધર્મ’ | ડંકેશ ઓઝા | પ્રકાશ ન. શાહ |
| 3. આપણા બંધારણનો સંદેશ ‘સામાજીક ન્યાય’ | પ્રો.એન.કે. ઈંદ્રાયન | શીરીષકુમાર મોદી |
| 4. ગાંધીવીચારધારામાં રેશનાલીઝમ | ઉર્વીશ કોઠારી | સરુપ ધ્રુવ |
| 5. વીજ્ઞાન અને ધર્મ વચ્ચે ભેદરેખા | ડૉ. સુજાઅત વલી | રમેશ સવાણી |

**તા. 29 જાન્યુ. 2017, સવારે 9-30થી સાંજે 5-00**

નોંધણી ફી : રુ. 50-00, સ્થળ : જી. ડી. મોદી વીદ્યાસંકુલ, પાલનપુર

**: સંપર્ક :**

| **ગીરીશ સુંઢીયા** | **અશ્વીન કારીઆ** | **પરેશ રાવલ** |
|---|---|---|
| 09004490245 | 09374018111 | 098987 75385 |

❑

## કંઈક વીશેષ

### મંજરી મેઘાણી

### 2016ને આપણે કેવી રીતે યાદ કરશું

બેંકમાંથી રોકડ રકમ ઉપાડવાનું મેં છોડી દીધું છે. બેંકમાં રકમ જ નથી કે ઉપાડી શકાય. એટીએમ ? એવું જ – – ખાલી. રસ્તાઓ ? સુમસામ. ધંધા ? ધીમા. મનની સ્થીતી ? નીરાશાજનક. અપેક્ષા ? કઈ આશા ! આ પગલાની કીમત ચુકવવી પડશે. કોણે ? ફક્ત એક માણસે. નરેન્દ્ર મોદી. શા માટે ? સીધી વાત છે, મારા પ્યારા ભારતવાસીઓ - આ નોટબંધીનું પગલું એમના મગજની ઉપજ કહેવાય છે.

એક જ જણનું કામ. સાથીઓ સાથે મસલત કર્યા વીના કે પરીણામોનો વીચાર કર્યા વીના એક જણે લીધેલો નીર્ણય. એમનું મંત્રીમંડળ પણ આ નીર્ણયથી ખુશ નથી. હકીકતમાં, એમાંનાં કેટલાંક તો ખુબ ગુસ્સામાં હોવાનું કહેવાય છે.

એક ચતુર, હોંશીયાર, સુનીયોજીત કાર્ય કરનાર વ્યક્તી વડાપ્રધાનપદના આ પડાવ પરથી આવી રાજકીય 'હારાકીરી' શું કામ કરે ? (જાપાનમાં પેટ ચીરીને કરાતી આત્મહત્યાને હારાકીરી કહે છે.) મોદી વીશે ઉડતી માન્યતાઓમાંની એક એવી છે કે મોદીને કોઈ મીત્ર નથી, કોઈ સલાહકાર નથી, અને એ પરપોટામાં જીવે છે. સાચા માણસોને એ મળતા નથી. એ એકાકી અને એકલા માણસ છે, જે ફક્ત પોતાનો જ વીચાર કરે છે, ઈતીહાસમાં પોતાના સ્થાન વીશે વીચારે છે અને કોઈને કાંઈપણ પુછવામાં માનતા નથી.

આજના અનીશ્ચીત વાતાવરણમાં નાગરીકો હવે પછી શેની આશા રાખે ? અસ્વસ્થતા ખુબ વધી ગઈ છે, મરણીયો બનેલો માણસ ગમે તેવું અપકૃત્ય કરવા તૈયાર હોય છે. નોટબંધીના પગલાંને ટેકો આપનારા મોજથી કહે છે, "પણ હજી સુધી તોફાનો નથી થયા... હીંસા પણ નહીં." 'હજી સુધી' સાથે બે શબ્દો ઉમેરું : 'એટલું સારું છે.'

અધુરામાં, આવા નીરાશાજનક અને વીનાશ તરફ ધકેલાઈ રહેલા વાતાવરણ વચ્ચે રાષ્ટ્રગીતનો વીવાદ ઉઠ્યો છે. દેશભક્તી શું તાકાતથી શીખવવાની વસ્તુ છે ? આપણને ધમકાવાઈ રહ્યા છે, રંજાડાઈ રહ્યા છે. પહેલાં તો, આપણાં ખીસ્સામાં પૈસા નથી. પછી આપણને સીનેમાઘરોમાં કૃત્રીમ દેશભક્તી બતાવવાની ફરજ પડાય છે. ધર્મની જેમ દેશભક્તી પણ એક બહુ જ અંગત વસ્તુ છે. એક વ્યક્તી અને તેની લાગણીઓ વચ્ચેની એ ચીજ છે. આને માટે સીનેમાઘરોને શા માટે પસંદ કરાયા છે ? કોઈપણ જાહેર ક્રીયાને ફરજીયાત બનાવો કે તરત લોકોમાંથી એની સૌથી ખરાબ પ્રતીક્રીયા ઉત્પન્ન થાય છે. એક વ્યક્તી, કે જે ગમે ત્યાં હોય, રાષ્ટ્રગીત વાગે કે તરત સન્માનમાં ઉભા રહેવાની વૃત્તી રાખે છે, એને આવી ફરજ પડાય એ તેને ડંખે છે. અહીં જે માગણી કરાઈ છે તે દેશભક્તીની નથી, આજ્ઞાપાલનની છે. ધાકધમકીની પાછળની દેશભક્તી આપણે એને કહી શકીએ... ઉભા થાવ ! સન્માન કરો ! ગાઓ ! અભીવાદન કરો ! નહીંતર !

તોફાની બાળકોને શીસ્ત શીખવવા આવી 'દમદાટી' આપણે કરતાં હોઈએ છીએ. મીસ્ટર પ્રાઈમ મીનીસ્ટર, શું અમે એવા તોફાની બાળકો છીએ ? શા માટે અમારે રોજેરોજ એક યા બીજી 'દમદાટી'ને તાબે થવું પડે ? શા માટે અમારે મૌન રહેવાનું અને નમ્રતાથી એ મુજબ વર્તવાનું ? પાણી મપાઈ ગયા છે, સાહેબ ! આ અભીગમ લાગુ થઈ શકે તેમ નથી. ભારતનું પ્રતીક શું છે, ભારત શેનું પ્રતીનીધીત્વ કરે છે એ અમે જાણીએ છીએ, અને તેને માન આપીએ છીએ. એ છે - આઝાદી અને સમાનતા. પરંતુ એ બંને હમણાંથી એકદમ ગંભીર રીતે 'આઉટ ઓફ સ્ટોક' છે. તમે કહો છો 'એ બધું લોકોના ભલા માટે છે', અમે કહીએ છીએ 'રાષ્ટ્રીયતાનો અમારો અર્થ તમારાથી જુદો પડે છે.' અને સાહેબ, એને કારણે અમે દેશદ્રોહી ગણાઈ શકીએ નહીં.

થોડા જ દીવસોમાં આપણે એક નવા વરસની સવાર જોશું. 2017ની આશાઓ પર 2016ના દુઃખની છાયા ન પડવા દઈએ. થોડા વર્ષોમાંનો આ ડીસેમ્બર સૌથી ખરાબ રહ્યો. નોટબંધીએ આપણને સૌને ખરાબ રીતે ઈજા કરી છે. બધા ભારતીયો માટે એ લાંબાગાળાના ફાયદાનો ભવ્ય વીચાર હશે. પણ એના પરીણામો જો આવા ભયંકર હોય તો એવા ઉદ્દેશ, એવા સ્વપ્નનો શું અર્થ ?

ગાંધીજીનું એક બહુ જાણીતું વાક્ય મને યાદ આવે છે : એમને જ્યારે કોઈએ પુછ્યું કે પશ્ચીમી સંસ્કૃતી વીશે તમે શું માનો છો ? બાપુએ ઋષી-સહજ જવાબ આપ્યો : મને લાગે છે એ ઉદ્દેશ સારો છે.

નોટબંધી માટે પણ એવું જ.

[**શોભા** ડેના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી]

*

### એક આઝાદ દેશમાં જબરદસ્તી જેવો દેશદ્રોહ બીજો એકેય નથી.

થોડા દીવસ પહેલાં હું સીનેમા-ઘરમાં 'ડીઅર ઝીંદગી' જોવા ગયેલ. ફીલ્મ શરુ થતા પહેલાં બે વડીલો આવ્યા, ને

મારી આગળની સીટો પર બેઠા. એમાંના એકને માથે વાળ નહોતા, ને ચશ્મા એવા પહેરેલા કે બેન કીંગ્સ્લે જેવા દેખાતા હતા. ધોતીયા ઉપર પહેરણ જેવું એમણે પહેર્યું હતું. બીજા વડીલ સફેદવાળ ને સફેદ દાઢીવાળા હતા, જેમણે સફેદ લાંબો ઝભ્ભો પહેરેલો.

દાઢીવાળા ભાઈએ મારી સામે જોઈને 'હલ્લો' કહેતા હોય એમ માથું હલાવ્યું, ને પછી એમના મીત્ર સામે ફરીને કહે, 'મોહન, હું તો આલીયાને જોવા ઉતાવળો છું. કેવી સરસ કલાકાર છે ! જાણે કે શાંતીનીકેતનમાં જ ન ભણી હોય !'

મોહન બોલ્યા, 'હા, રોબીદા ! હું ને આલીયા સાથે મળીને અનેક અહીંસક પ્રવૃત્તીઓ કરી શકીએ એમ હું વીચારું છું.'

બંને જણા ઝીણું હસ્યા. એટલામાં રાષ્ટ્રગીત વાગવું શરુ થયું. હું તથા હોલમાંના સૌ ઉભા થયા - ફક્ત આ બે વડીલો બેસી રહ્યા.

મોર્નીન્ગ-શો હોવાથી અડધો હોલ ખાલી હતો એ સારું હતું. નહીંતર વળી કોઈ મુર્ખ પહેલવાને પોતાની દેશભક્તી બતાવવા આ બંનેને ઉભા કર્યા હોત. પણ કોઈએ કાંઈ કહ્યું નહીં. રાષ્ટ્રગીત પત્યું ને પડદો ખાલી થયો. હું બેઠો, એટલામાં દાઢીવાળા વડીલે પાછળ ફરીને મારી સામે જોયું. મારાથી એમને પુછ્યા વગર ન રહેવાયું : કેમ છો ? માફ કરજો, પણ આપ બંને રાષ્ટ્રગીત વખતે ઉભા કેમ ન થયા ? ભારતીય હોવાનો આપને ગર્વ નથી ?

મોહન પાછળ વળ્યા, ને એમના ચશ્મામાંથી મારી પર એક દયામણી નજર કરીને બોલ્યા, 'એ તો વીનયી આજ્ઞાભંગની ક્રીયા હતી. બેસી રહીને અમે આ દેશ પ્રત્યેનો પ્રેમ તથા અમારી દેશભક્તી બતાવતા હતા.'

'માફ કરશો ?' મેં કહ્યું, 'દેશભક્તી બતાવવા તો ઉભા થવું જોઈએ. આપણે રાષ્ટ્રનું સન્માન કરવું જોઈએ.'

'હા, તો જુવાન, મને એ કહે કે રાષ્ટ્રસન્માન એટલે શું ? સૌ પ્રથમ તારી જાતને પુછ કે આપણો દેશ શું છે ? શું દેશ અને રાષ્ટ્રગીત સમાન છે ? કે દેશ અને રાષ્ટ્રીય ધ્વજ સમાન છે ? કે પછી એવાં કેટલાંય રાષ્ટ્રીય મુલ્યો છે, જે આ પ્રતીકો કરતાં પણ વધુ મહત્ત્વના છે ?'

શું બોલવું એની મને સમજ ન પડી, એટલે પછી આજકાલનાં જુવાનીયાની જેમ મેં પણ કંઈક ગોળગોળ વાત કરી, 'સ્વતંત્રતા, આઝાદી. 1947 પહેલા રાષ્ટ્રગીતને સન્માન આપવા ઉભા થવાની અમને તક જ નહોતી મળી. તેથી આજે આઝાદી ઉજવવા હું ઉભો થતો હોઉં છું.'

મોહન એક કૃત્રીમ હાસ્ય સાથે આગળ બોલ્યા, 'આઝાદી ! અને તું આઝાદીની શું વ્યાખ્યા કરીશ ? અંગ્રેજો ગયા પછી આપણે આઝાદ દેશ નહોતા બન્યા. હા, રાજકીય સ્વતંત્રતા આપણને મળી. પણ એ આઝાદી નથી. અરે ના, ના. અમે જે આઝાદી માટે લડ્યા એ તો કોઈપણ જાતના જુલમ કે દમન વગર દરેક વ્યક્તી પોતાની જીંદગી જીવી શકે એ માટેની હતી. મુળભુત રીતે, કોઈ પણ કાર્ય કરવા માટે જોર - જબરદસ્તી નહીં. સુપ્રીમ કોર્ટે ઉભા થવાનું ફરજીયાત બનાવ્યું, એને કારણે હું ને રોબીદા અત્યારે બેસી રહ્યા. સખ્તી જેવું દેશદ્રોહીપણું એક આઝાદ દેશમાં બીજું કશું નથી.'

હું તાકીને એમને જોઈ રહ્યો. એ આગળ બોલ્યા : "1947માં અમે એટલું જ કર્યું કે અંગ્રેજ હકુમતને હટાવીને એની જગાએ ભારતીય સામ્રાજ્ય સ્થાપ્યું. કાલગ્રસ્ત ભારતીય ફોજદારી આચારસંહીતામાંના મોટા ભાગના કાયદા અમે ચાલુ રાખ્યા, જે કાયદા અંગ્રેજોએ આપણને તાબામાં આણવા માટે બનાવેલા. એમાં એવા પણ કાયદા હતા જે વાણી-સ્વાતંત્ર્ય, સમલીંગતા અને સ્ત્રીઓના અધીકારોની પણ વીરુદ્ધમાં હતા. આપણી સરકાર ફીલ્મોમાં કાપકુપ કરે છે, પુસ્તકો પર પ્રતીબંધ લાદે છે, જાણે કે આપણે પુખ્ત નથી, બાળકો છીએ.

"મારા એક મીત્ર છે, જેમણે અંગ્રેજોના સમયમાં એક યુનીવર્સીટી સ્થાપી હતી, પણ તે વખતે કોઈ લાયસન્સની જરુર નહોતી." - એમણે રોબીદા સામે એક ત્રાંસી નજર નાખી - "અને આજે એક ધંધો શરુ કરવા કે ચલાવવા માટે અમલદારો પાસે ભીખ માગવી પડે છે કે લાંચ આપવી પડે છે. રોબીદાએ મને એક વખત કહેલું કે, અંગ્રેજોનો ભારત પરનો કબજો એ આપણા એક સામાજીક રોગનું રાજકીય ચીહ્ન હતું. આજે એ રોગ અંતીમ તબક્કે પહોંચ્યો છે."

'એ કયો રોગ છે ?' મેં પુછ્યું.

રોબીદાએ મારી સામે એક વેદનાભર્યું સ્મીત કર્યું. મોહને કહ્યું, "એ રોગ એટલે રાજકીય દૃષ્ટીથી પરાધીન રહેવાની, સરકારી હકુમતને આજ્ઞાંકીત રહેવાની માનસીક વૃત્તી. લોકશાહીનો શું અર્થ છે ? લોકશાહી એટલે જ્યાં પ્રજા શાસક હોય, અને સરકાર આપણી સેવા માટે હોય. પરંતુ આપણી સરકારો આપણી સેવા કરવાને બદલે આપણી પર શાસન કરે છે, અને આપણે એ આનંદથી સ્વીકારીએ છીએ.

'તમારો શાસક પસંદ કરો' વાળી રમત જ જો આપણે રમવાના હોઈએ, તો પછી આઝાદ થવાનો શો હેતુ ?"

'તારી આજુબાજુ નજર કર,' મોહન બોલ્યા, અને તારા જીવનમાંની બધી જાતજાતની જબરદસ્તીઓ વીશે વીચાર કર. મેં સાંભળ્યું છે કે હમણાંથી તો તમારા પોતાના પૈસા બેંકમાંથી કાઢવા માટે તમારે લાઈનમાં ઉભા રહેવું પડે છે. એક 'કેશલેસ' સમાજમાં રહેવાની તમને ફરજ પડાઈ રહી છે, જે તમારી આઝાદીનો અંત આણશે, કારણ કે સરકાર તમારા પૈસા પર પુરું નીયંત્રણ રાખશે. એ તમને ગમે ત્યારે કામ કરતા બંધ કરી દઈ શકે છે, તમને ઘેરી લઈને અલગ પાડી શકે છે. અંગ્રેજોનું આ જ તો સપનું હતું !"

'ઓહ !' રોબીદા બોલ્યા, 'ફીલ્મનો આ ભાગ હું સાચે જ ધીક્કારું છું.' એ હતું પડદા પર સેન્સર બોર્ડનું સર્ટીફીકેટ.

'આલીયા !' મોહને આનંદથી બુમ પાડી, અને આગળ ફરીને બેસી ગયા. ફીલ્મ શરુ થઈ, અને હું રોજેરોજની ખુશીઓના બેભાન બનાવી દેતા સુખમાં ખોવાયો.

[**અમીત વર્મા**ના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી]

*

## રાષ્ટ્રગીત : હેતુ સારો છે, પણ છેતરપીંડી સારી નથી

નાળીયેરના પાણીનો એક ગ્લાસ આરોગ્ય માટે સારો ગણાય છે. ધારો કે એમાં ઝેર ભેળવેલું છે. લોકોને તમે એ પીવાની ના પાડો છો. એ તમને કહેશે, 'પણ તમે નાળીયેર - પાણીની વીરુદ્ધમાં કેમ છો ?'

અને જો ધર્મના નામે કોઈને મારી નખાય છે અને તમે વાંધો ઉઠાવો તો તમને એવી દલીલ કરાય છે કે, 'એનો અર્થ એ કે તમે ઈશ્વરને ચાહતા નથી.'

આવા દાખલા બતાવે છે કે જ્યારે સત્ય અને અસત્ય ભેગા કરાય છે, ત્યારે શું બને છે. એ એક જીવલેણ મીશ્રણ છે. ખોટું કરીને છટકી જવાનો સારામાં સારો રસ્તો છે - એમાં થોડુંક સારું ભેળવી દેવું. હાલ તો દેશમાં આવું જ દેખાઈ રહ્યું છે.

ગયે અઠવાડીયે આવું જ કંઈક બન્યું. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે એક આદેશ કર્યો છે કે આખા દેશના બધા (ખાનગી માલીકીના) સીનેમાઘરોમાં ફીલ્મ શરુ કરતા પહેલાં રાષ્ટ્રગીત વગાડવું ફરજીયાત છે, અને તે વખતે સીનેમાઘરોના દરવાજા બંધ રાખવા. આદેશમાં એવું પણ કહેવાયું છે કે રાષ્ટ્રગીત વાગે ત્યારે પડદા પર ફક્ત રાષ્ટ્રીય ધ્વજ જ દેખાવો જોઈએ. (એનું નાટકીય રુપાંતર કે બીજું કાંઈ જ બતાવી નહીં શકાય, કારણ કે... બસ, એમણે કીધું એટલે.)

હું કાયદાનો જાણકાર નથી, પણ કોર્ટને આદર સાથે કહું છું કે આ આદેશથી વ્યક્તીગત સ્વાતંત્ર્ય અને આઝાદીની અવગણના થતી લાગે છે.

ભારત એ બે મુલ્યોને વરેલો દેશ છે. દેશભક્તીને નામે એ મુલ્યોને નુકસાન પહોંચાડવાનો આ આડકતરો રસ્તો થયો : ફીલ્મ પહેલાં સીનેમાઘરમાં ઉભા થવાની લોકોને ફરજ પાડવાથી એ સૌ દેશભક્ત બની જશે ! (બીજી બાજુ, ઘરમાં બેસીને 'પાઈરેટેડ' ફીલ્મો જોવામાં કોઈ વાંધો નથી લાગતો.)

એક અરજદારે કોર્ટમાં કામ શરુ કરતા પહેલાં રાષ્ટ્રગીત માટે ઉભા થવાની અરજી કરી. અરજી ફગાવી દેવાઈ. ચોખ્ખી વાત છે, કોર્ટ પોતાને આંગણે દેશભક્તીનો બોજો ઈચ્છતી નહોતી. જો કે, ખાનગી માલીકીના થીયેટરો અને તેમાં જનારા લોકો વચ્ચે એક ફીલ્મ દર્શાવવાના ખાનગી કરાર પર આ આદેશ ઠોકી બેસાડવાનો કોઈ ખટકો કોર્ટને નહોતો. આવા આપખુદ ઠરાવોને કારણે જ ભારતમાં સહેલાઈથી ધંધો કરવાનું પ્રમાણ આટલું નીચું છે. સત્તાપક્ષની લગભગ દરેક વ્યક્તી દેશને નામે ગમે તેવા ફતવા બહાર પાડી શકે છે. તમે એની ટીકા કરો તો તમને પુછાશે, 'તમે રાષ્ટ્રગીતની વીરુદ્ધમાં કેમ છો ?' એથીયે ખરાબ, તમને 'રાષ્ટ્ર વીરોધી'નું લેબલ લાગશે.

આ વસ્તુ આપણને ફરી મુળ વાત પર લાવે છે - ખરાબ સાથે થોડું સારું ભેળવો, અને તમે એનાથી છટકી શકશો.

હા, આદેશમાં કંઈક સારું છે. રાષ્ટ્રગીત માટે સન્માન ઉભું કરાવવાનો હેતુ સારો છે. દરેક નાગરીકને રાષ્ટ્રગીત માટે ગર્વ હોવો જોઈએ, એમાં બેમત નથી. પણ એ સારો હેતુ છેતરપીંડી કે દબાણને વાજબી ઠેરવી શકતો નથી.

કોઈપણ વ્યક્તી પોતાના ઘરમાં રોજ સવારે રાષ્ટ્રગીત વગાડીને સન્માનમાં ઉભી રહી શકે છે. શાળાઓ કે ખાનગી કંપનીઓ પણ એવું કરી શકે છે. પણ, જે ઘડીએ તમે એ માટે જબરદસ્તી કરો, કે તરત તમે ભારતના એક મુળભુત

અધીકારને તોડો છો - વ્યક્તીગત સ્વાતંત્ર્ય.

દુ:ખદ વાત એ છે કે, આ દબાણથી દેશભક્તી વધશે નહીં. એમાં ખરું જોખમ એ છે કે, નવી પેઢી એને એ રીતે જોવા લાગશે કે સીનેમાઘરોમાં ફીલ્મ જોવી હોય તો આ એક કંટાળાજનક પ્રક્રીયા કરવી પડશે. એ સમયગાળો કેટલાંક લોકો કદાચ પોતાના ફોન પરના સંદેશા જોવામાં વાપરશે, તો કોઈક સીનેમાઘરમાં મોડા પ્રવેશ લેશે. રાષ્ટ્રગીતનું એવું અપમાન ચાલશે ? લોકો પોતાની મરજી અને પસંદગી મુજબ રાષ્ટ્રગીત વગાડે કે ગાય, એવું ન હોવું જોઈએ ?

આ આદેશ અત્યારે કામચલાઉ છે, અને ફેબ્રુઆરી 2017માં એના પર ફેર-વીચારણા થશે. હું સુપ્રીમ કોર્ટનું સન્માન કરું છું, અને આશા રાખું છું કે આ આદેશ પર એ ફરીથી વીચારશે. કેમકે, આ આદેશ ફક્ત આઝાદી અને સ્વાતંત્ર્ય જેવા ભારતીય મુલ્યોને નુકસાન પહોંચાડે છે એવું નથી, પણ હકીકતમાં એને કારણે રાષ્ટ્રગીત એક ક્ષુદ્ર અને કંટાળાજનક બાબત બની જશે. રાષ્ટ્રગીત વગાડવાનું સુચન કે નીર્દેશ બરાબર છે, જબરદસ્તી નહીં.

નોંધનીય છે કે આ આદેશ કોર્ટનો છે અને એને સરકાર કે વડાપ્રધાન સાથે લાગતું-વળગતું નથી. જો કે એને કારણે, સમાજમાં અત્યારે જે આપખુદશાહીનું વાતાવરણ ફેલાયેલું છે - કે જ્યાં દેશભક્ત બનવા માટે તમારે શું કરવું એ કહેવામાં આવે છે, અને એ મુજબ જો ન ચાલો તો તમને દેશદ્રોહી ગણવામાં આવે છે - એને બઢાવો મળે છે. આનું કારણ મોદી કે ભાજપ નહીં, પણ એક નબળો વીરોધપક્ષ છે. ઈંદીરાજીના સમયમાં પણ, અસાધારણ રીતે નબળા વીરોધ પક્ષે એક નીરંકુશ સત્તાધારી, વીલક્ષણ આગેવાનને તૈયાર થવાની તક આપી. આપણે જો દેશ અને તેના મુક્ત સમાજને બચાવવો હોય તો એક વાજબી વીરોધપક્ષની આશા તો રાખી જ શકીએ.

દેશના હાર્દના મુલ્યોની જાળવણી માટે આપણને વાજબી ન્યાયાધીશોની પણ જરુર છે. રાષ્ટ્રગીત માટે જેમ ગર્વથી ઉભા થઈએ, તેવી જ રીતે, આઝાદી અને સ્વતંત્રતા માટે પણ ઉભા થઈએ, કે જેને માટે આપણા પુર્વજોએ કુરબાની આપેલી. આપણા મુક્ત સમાજમાં ધીમે ધીમે ઘુસી આવતી આપખુદશાહી પ્રત્યે આપણે સાવચેત રહેવાનું છે - ભલે તેના હેતુ ગમે તેટલા અદ્‌ભુત હોય. કોઈ ખરાબ વસ્તુને ફક્ત એટલા માટે માફ ન કરો, કારણ કે એમાં સારી વસ્તુ ભેળવેલી છે.

[**ચેતન ભગત**ના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી]

❑

# જુનવાણી વીચારો ક્યારે બદલાશે ?

આદીવાસી નૃત્ય જોઈને સેલ્ફી ફોટોની પડાપડી થતી હોય છે પણ જ્યારે આદીવાસી લોકોની વાત આવે ત્યારે નફરત કેમ ? માનવીને બીજા પર ગુસ્સો આવે અને ‘સાવ આદીવાસી જેવો’ તેમ શબ્દ ઉદ્‌ગારી નીર્દોષ આદીવાસી પર દોષનો ટોપલો કેમ નાખી દેવામાં આવે છે ? આદીવાસી લોકો બેકસુર હોવા છતાં વાતવાતમાં ઉતારી પાડવામાં આવતા હોય છે. લગ્નપ્રસંગમાં કોઈનો ડાન્સ ના ગમે ત્યારે તે વ્યક્તીની ઠેકડી ઉડાડતા કહેતા હોય છે કે ‘તું તો આદીવાસી જેવો નાચતો હતો.’ પણ તે ભલા માણસને ક્યાં ખબર છે કે દેશ-પરદેશથી આવતા લોકો આદીવાસી નૃત્ય જોઈને અભીભુત થઈને નૃત્યમાં જોડાઈ જતા હોય છે ! કોઈપણ શાળામાં સાંસ્કૃતીક કાર્યક્રમમાં એક આદીવાસી નૃત્ય તો હોય જ ! આદીવાસી નૃત્ય પર દૃષ્ટીપાત કરતા માલુમ પડે છે કે આદીવાસી લોકોમાં એકતા છે; એકબીજાના હાથ પકડી ઢોલના તાલે અને ગીત ગાતા નૃત્ય કરતા જોવા મળે છે. આદીવાસી નૃત્ય જ દુનીયાને એકતાની ભાવના શીખવે છે. આદીવાસી નૃત્ય સૌને એકતાનું આમંત્રણ પાઠવે છે.

આજના માનવીના મનમાં ઠસી ગયું છે કે, આદીવાસી એટલે નીમ્નકક્ષાનો માનવી. પણ એ બેખબરને ક્યાં ખબર છે કે તે દુનીયાનો મુળનીવાસી છે. આદીવાસી લોકોનું હૃદય દરીયા જેવું વીશાળ હોય છે. જ્યારે મદદની વાત આવે ત્યારે આદીવાસી લોકો મન મુકીને મદદ વરસાવે. આદીવાસી લોકો આર્થીક રીતે સમૃદ્ધ નથી પણ તેઓનું હૃદય સમૃદ્ધ હોય છે. ખાલી હાથે આવેલી વ્યક્તીની હથેળી ભરી દેતા હોય છે. રાતના બીજા પહોરે કોઈને મદદની જરુર પડે ત્યારે એ લોકો નીંદર ખંખેરીને મદદ કરવા માટે જતા હોય છે. આદીવાસી વીસ્તારમાં કોઈ અજાણ્યો માણસ રસ્તો ભુલી જાય ત્યારે તે વ્યક્તીની ભરપુર મહેમાનગતી કરતા હોય છે. એક કહેવત પણ છે, ‘મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો નહીં.’ આદીવાસી વીસ્તારમાં બન્ને વસ્તુઓની તૃપ્તી થતી હોય છે.

આદીવાસી સમાજમાં કોઈપણ પ્રસંગ હોય ત્યારે લોકો ખડેપગે રાત-દીવસ એક ઉભા રહી એકબીજાને મદદ કરીને કામનો બોજો હળવો કરતા હોય છે. આદીવાસીઓને મદદ કરવાની ભાવના કુળમાંથી જ મળતી હોય છે. આદીવાસીઓ

એટલે ઝુંપડીમાં રહેનાર જંગલમાં ભટકનાર, તીરકામઠું લઈને શીકારમાં જનાર વગેરે વીચારો સામાન્ય લોકોના માનસપટ પર પથરાઈ ગયા છે. હકીકતમાં તે વીચારો પુરાણા છે. આજનો આદીવાસી ભણતર, મહેનત- મજુરી કરીને શાનદાર જીવન જીવતો થયો છે. મહેનત-મજુરી કરીને બે ટંકનો રોટલો મેળવી લેતો હોય છે. આજે કોઈએ શેરીમાં કે બજારમાં કોઈ આદીવાસી ભીખારીને જોયો છે ? કોઈ આદીવાસી બજારમાં ભીખ માંગતો જોવા મળ્યો હોય તેવી ઘટના આજ સુધી બની નથી. શું આદીવાસી ઉચ્ચસ્થાને ના પહોંચી શકે ? આદીવાસી વ્યક્તીઓ મહેનત-મજુરી કરી, ભણીગણીને ઉચ્ચસ્થાને પહોંચ્યા છે. ડૉક્ટર, મામલતદાર, એન્જીનીયર પી.એસ.આઈ., ડી.એસ.પી., પ્રાધ્યાપક વગેરે સ્થાને આદીવાસી પહોંચી ગયો છે. આદીવાસી સમાજનાં લોકો પહેલાં કરતાં આજે વધુ ભણતા થયા છે. શીક્ષણના દરેક ક્ષેત્રે કે રમતગમત ક્ષેત્રે આદીવાસી યુવાન-યુવતીઓ દેશના ખુણે-ખુણે ઝળક્યાં છે. વાહન વ્યવહારની અગવડ હોય તે છતાંય પગપાળા, શાળાના પગથીયા ચઢતા વીદ્યાર્થીઓને મેં જોયા છે. શાળાએથી ઘરે આવ્યા પછી ઘરનું કામકાજ કરતા બાળકોને મેં જોયા છે. દીવાળી કે ઉનાળાના વેકેશનમાં ઘર અને ખેતરનું કામકાજ કરતા મેં બાળકોને જોયા છે. ‘સીદ્ધી તેને જઈ વરે જે પરસેવે નહાય’ જેવી કહેવતને તેઓ પુરેપુરી સમજ્યા હોય તેમ લાગે. જ્યોતીરાવ ફુલેએ અવસાન પહેલાં તેમના દ્વારા લીખીત પુસ્તકમાં આગાહી કરી હતી કે, અસ્પૃશ્ય કહીને તીરસ્કાર કરેલા ભીલ, કોલ, કીરાત જેવા શુદ્ર અને અતીશુદ્ર જ્ઞાતીના લોકો આવનાર દીવસોમાં શીક્ષીત બની જશે.

‘વાલ્મીકી રામાયણ સાર’માં સ્વામી સચ્ચીદાનંદે ભીલ પ્રદેશ અને ભીલરાજાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી રામના વનવાસ દરમીયાન ગંગાતટે એક વીશાળ વૃક્ષ હતું ત્યાં રથ છોડીને બધાં આરામ કરવા લાગ્યા. નજીકમાં શૃંગવેરપુર નગર હતું. ત્યાં એક માંડલીક રાજા નીષાદ રહેતો હતો અને તે પ્રદેશ ભીલોનો હતો અને ત્યાંના રાજા પણ ભીલ ! રાજાને જેવી ખબર પડી કે રાજા આવ્યા છે ત્યારે રાજા પોતાના મંત્રીઓ અને સરદારો સાથે શ્રી રામને મળવા ઝડપભેર જાય છે, પરસ્પર ત્યાં બધા ભેટી પડે છે. રાજા તેમને આહાર કરાવે છે અને ઘોડાઓને ચંદી ખવડાવે છે. આમ ભીલરાજાએ બધી જ રીતે આગતા-સ્વાગતા કરી. ત્યારબાદ તૃણશય્યા બનાવી ત્રણેયને સુવડાવ્યા. પોતે આખી રાત જાગતા રહી રક્ષણ કરતા રહ્યા. લક્ષ્મણને ઉંઘ આવતી ન હતી તેથી ઉઠીને ગુહરાજા સાથે સત્સંગ કર્યો. ગુહરાજા ભીલ હતો પણ મહાજ્ઞાની હતો. રામાયણમાં ભીલ શબરીને કેમ ભુલાય ? શબરીનું રામાયણમાં દીવ્યપાત્ર આલેખન થયું છે. માતંગ ઋષીએ મરતાં-મરતાં કહેલું કે, ‘તું પ્રતીક્ષા કરજે એક દીવસ અહીં રાજા આવશે અને તને ધન્ય ધન્ય કરી દેશે.’ એક દીવસ ઓચીંતા શ્રી રામ આવી પહોંચ્યાં. વૃદ્ધ શબરીના પગમાં જોર આવી ગયું. તે શ્રી રામના ચરણોમાં ઢળી પડી. શબરી ધન્ય ધન્ય થઈ ગયાં.

જુનવાણી માનસનું ભુત હજી ઘણા માનવીમાં સવાર થઈને ફરતું હોય છે. એક આદીવાસી યુવતી બીએડ કરવા અન્ય પ્રદેશમાં ગઈ. આદીવાસી યુવતીને કોઈકે પુછ્યું, ‘શું તમે આદીવાસીઓ હીન્દી ફીલ્મ જુઓ છો ?’ આદીવાસી યુવતીએ તેની બહેનપણીને વળતો ઉત્તર આપ્યો, ‘આદીવાસી લોકો હીન્દી ફીલ્મ ભરપુર જુએ, કેમ નહીં ?’ પેલી બીજા પ્રશ્નો પુછતી જ બંધ થઈ ગઈ. આજે માનવીના વીચારો પર ઉધઈ ફરી વળી હોય તેમ લાગે છે. આવા વીચારોની ઉધઈનો નાશ કરવા જંતુનાશક દવા કોઈ મેડીકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ નથી પણ દરેક ઘરમાં રહેતા માનવી પાસે જ છે.

**– મથુર વસાવા**

[સેન્ટ જોસેફ હાઈસ્કુલ ઉના જી. ગીર સોમનાથ]

❑

## એક કાળ એવો આવશે...

એક કાળ એવો આવશે. હમણાં જ મેં કહ્યું કે સલામતીમાં રાચનારા માણસો ચેતતા રહેજો. તમારા રોકડા પૈસા રાખશો નહી. ચીજવસ્તુમાં રાખજો. સાહેબ ! ઘણાં વર્ષોથી કહું છું. તમારા રોકડા પૈસા રાખ્યા તો મર્યા સમજજો. આ કાળ વીપરીત આવે છે. માટે, પૈસા ચીજવસ્તુમાં રાખજો. પણ બીજી વાત કરું છું. કાળાં નાણાં અંગે પેલી વાત તો સરકારથી થઈ શકે એમ નથી, કારણ કે એટલી બધી નોટો પાછી લેવી હોય તો દસબાર વર્ષ તો નોટો છાપવામાં જોઈએ અને દસબાર વર્ષ કંઈ છાનું રહી શકે નહી. એટલે એ બહુ અઘરી વાત છે. તો પણ એક કાળે કરવું પડશે. મને એમ લાગે છે.

**– શ્રી મોટા**

[તા. 8-10-1972ના રોજ આપેલું પ્રવચન, ‘સાવધાન ! સલામતી ઝુંટવાઈ જવાની છે.’, પ્ર. આ., પૃ. 11. સૌજન્ય : ‘હરીભાવ’ - ડીસેમ્બર, 2016]

❑

# રાષ્ટ્રીયસ્તરની ફોટો મેરેથોન સ્પર્ધામાં
# સ્તુતી વાઘેલા ગ્રાન્ડ વીનર બની...



*તાજેતરમાં મુંબઈમાં યોજાઈ ગયેલી વર્ષ 2016ની ભારતની સૌથી મોટી ફોટો સ્પર્ધા ફોટોમેરેથોનમાં અમદાવાદની ફોટોગ્રાફર યુવતી સ્તુતી વાઘેલા પ્રથમ પુરસ્કાર મેળવવાની સાથે સાથે ગ્રાન્ડ વીજેતા બની છે. આ સ્પર્ધા ભારતમાં છેલ્લાં સાત વર્ષથી યોજાય છે. ઉપરાંત, ઈન્ડોનેશીયા, મલેશીયા, સીંગાપુર, વીએટનામ, થાઈલેન્ડ, કંબોડીયા, હોંગ કોંગ, ફીલીપાઈન્સ અને બ્રુનેઈ મળીને કુલ 10 દેશોમાં પણ દર વર્ષે યોજાય છે. મુંબઈમાં યોજાઈ ગયેલી આ વર્ષની ફોટો મેરેથોનમાં 800થી વધુ ફોટોગ્રાફરોએ ભાગ લીધો હતો. માત્ર બે-બે કલાકની સમય અવધીમાં 'ફ્લેવર' અને 'હાર્મની' એમ બે જુદા જુદા વીષયો અંગેના ફોટોગ્રાફ્સ સ્પર્ધકોએ લેવાના હતા. સ્તુતીની સાથે તેની બહેન નીયતી અને સ્તુતીના પતી અર્ચીત પણ દર વર્ષે આ સ્પર્ધામાં ભાગ લેતા રહ્યા છે અને 'રનર્સ અપ' બન્યા છે. આ સ્પર્ધાના ઈતીહાસમાં વીજેતા બનનારી સ્તુતી વાઘેલા પ્રથમ ગુજરાતી યુવતી છે. સ્તુતીને પુરસ્કાર રુપે જાપાન પ્રવાસની ભેટ મળી છે.*

*સ્તુતીએ આ સ્પર્ધામાં ભવ્ય સફળતા મેળવીને મહીલાઓ તેમજ અમદાવાદ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેથી કેટલીક સ્વૈચ્છીક સંસ્થાઓ અને નાગરીકોએ મળીને તા. 17 ડીસેમ્બર, 2016 - શનીવારના રોજ 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસીયેશન' (એએમએ) ખાતે સ્તુતીનો સન્માન સમારંભ યોજ્યો હતો, જેમાં સ્તુતીએ નીચે મુજબ પ્રતીભાવ આપ્યો હતો :*

મારા વીષે તમને કહું તો મારી સફળતા પાછળ સૌથી મોટો સપોર્ટ મારા માતાપીતાનો છે. કારણ કે એમણે નાનપણથી જ કોઈપણ પરીસ્થીતીની ચીંતા કર્યા વગર અમને આગળ વધવા માટેની પુરેપુરી તક આપી છે. જેની શરુઆત તેમણે અમને અમારી પ્રથમ શાળા શ્રેયસ ફાઉન્ડેશનમાં અમારું એડમીશન કરાવીને કરી હતી. જ્યાં અમે 'ભણતરની સાથે ગણતર' કહેવતને સાચી ઠેરવી. શ્રેયસ સ્કુલમાં અમને નવું નવું વીચારવાની અને શીખવાની પ્રેરણા મળી.

ધોરણ 10 પછી મારા મમ્મીએ મારામાં આર્ટ જોઈ. એટલે પછી ફાઈન આર્ટ્સ કોલેજમાં એપ્લાઈડ આર્ટીસ્ટ બની. હા, ત્યાંથી જ મારી વીસ્યુઅલાઈઝેશનની શરુઆત થઈ. હાલ હું 3D Artist પણ છું. 3Dમાં પણ ફોટોગ્રાફીના angleની જરુર પડે છે. જેથી મારા પતી અર્ચીતે ફોટોગ્રાફી શીખવાડવાની શરુઆત કરી. આમ તો મારા લગ્ન સમયે જ હસ્તમેળાપ વખતે અર્ચીતે તેના હાથ સાથે ફોટોગ્રાફીની કળા પણ મને આપી છે.

હું, મારી બહેન નીયતી અને મારા પતી અર્ચીત... અમે ત્રણેય છેલ્લા ઘણા વખતથી ફોટોગ્રાફી કરીએ છીએ. 'કેનન ફોટો મેરેથોન'માં મને જે ગ્રાન્ડ પ્રાઈઝ વીનર થવાનું સૌભાગ્ય સાંપડ્યું એ ઘડી મારા માટે ખુબ ગૌરવ અને આનંદની ઘડી છે. આ મેરેથોનમાં અમે છેલ્લા ત્રણ વર્ષથી ભાગ લઈએ છીએ; જેમાં લગભગ 800થી વધારે સ્પર્ધકો ભાગ લેતા હોય છે. આ સ્પર્ધા ભારતમાં મેટ્રો સીટીઝ જેમ કે દીલ્હી, મુંબઈ, બેંગ્લોર જેવા શહેરોમાં યોજાય છે. આ વખતે પણ મેરેથોનમાં અમને બે થીમ આપવામાં આવી હતી અને એ થીમમાં અમને બે - બે કલાકનો જ સમય આપવામાં આવ્યો હતો. ખરેખર તો અમે કોમ્પીટીશનમાં જવાના જ ન હતા. પણ અર્ચીતને આ કોમ્પીટીશનમાં જઈને જીતવાની આ વખતે આશા હતી. પરંતુ અમારા પ્રોફેશનલ કમીટમેન્ટના કારણે તેમણે મને કહ્યું, 'અહીંયાનું હું સંભાળી લઈશ.' અમને દબાણ કરીને કોમ્પીટીશનમાં ભાગ લેવા માટે અર્ચીતે મોકલ્યા.

અમે બંને બહેનો રાત્રે મહેંદીની ફોટોગ્રાફી કરીને લગભગ અગીયાર વાગે મારા ભાઈ અને મમ્મી સાથે કાર લઈને મુંબઈ જવા નીકળ્યા. જ્યારે ઘરેથી નીકળ્યા ત્યારે અમે મનમાં ડર અને સંકોચ સાથે નીકળ્યા હતા. એનું કારણ હતું કે અર્ચીત અમારી જોડે હતો નહીં; જે અમને કાયમ હીંમત અને સપોર્ટ આપે. એટલે અમે વીચાર્યું કે, બીજું કંઈ ન થાય તો કંઈ નહીં અમે મુંબઈ ફરીને પાછા આવીશું. 'પડ્યા પર પાટું'ની જેમ અમે રજીસ્ટ્રેશનની લાઈનમાં ઉભા રહ્યા હતા; ત્યારે જ યાદ આવ્યું કે આપણે ઉતાવળમાં તો મેઈન કેમેરા-

બેગ ઘરે જ ભુલી ગયા છીએ ! અધુરામાં પુરું ભાગ લેવા આવેલા તમામ મોટી મોટી કીટ લઈને આવેલા... મોટા અને બહુ બધા ફોટોગ્રાફર્સ. એમને જોઈને અમે વધારે ડરી ગયા. એક સમયે તો અમને વોશરુમમાં મળેલી એક ભાગ લેનાર છોકરીએ સવાલ કર્યો, 'તમે ક્યાંથી આવ્યા ?' મારો જવાબ સાંભળી એણે કોમેન્ટ કરી, 'Are you crazy ? છેક અમદાવાદથી તમે અહીં આ હરીફાઈ માટે આવ્યા ?'

અમે અમદાવાદથી ડાયરેક્ટ રંગ શારદા ઓડીટોરીયમ પહોંચ્યા. આમ સીધું જ કોમ્પીટીશનમાં ઝંપલાવ્યું. અંગ્રેજી થોડું કાચું હોવાના કારણે પહેલા તો જે વીષય અપાયો હતો એનું ઈન્ટરનેટમાં ગુજરાતી અને હીંદીમાં ટ્રાન્સલેશન કરી; એ વીષયને સમજવાનો પ્રયત્ન કર્યો. વીષય મળતા જ હું અને મારી બહેન નીયતી વીષયો અનુસાર પોતપોતાના વીચારો પ્રમાણે ફોટોઝ પાડવા નીકળી પડ્યા.



**'ફ્લેવર'** થીમ માટે મારે બાર જોઈતું હતું, પણ એ જગ્યા ક્યાં હશે એની મને ખબર નહોતી. તેથી બાર ક્યાં હશે એ પુછવા હું ત્યાં એક લોકલ રેસ્ટોરન્ટમાં ગઈ. એમણે જે જગ્યા મને બતાવી એ તો બંધ હતી. આથી ફરી હું એમને પુછવા ગઈ કે બીજે ક્યાંય નજીકમાં કોઈ બાર હશે ? એમનો જવાબ 'ના' હતો. બીજે દુર ક્યાંય હું પહોંચી વળું એટલો ટાઈમ નહોતો. ત્યાંથી થોડી નીરાશ થઈને હું બહાર નીકળતી જ હતી કે મારી નજર તે રેસ્ટોરન્ટની એક વોલ પર પડી અને બસ; એ જ ઘડી ! મને મારી થીમ **'ફ્લેવર'**નો ફોટો મળી ગયો. સદ્‌નસીબે બીજી થીમ **'હાર્મની'** એનાઉન્સ થયા પછી મને એ થીમ માટેનો ફોટો પહેલી પંદર મીનીટમાં જ મળી ગયો. રસ્તામાં મારી નજર એક સ્કુલની વોલ પર પડી હતી. જ્યાં પરફેક્ટ **'હાર્મની'** માટેનો ફોટો મળ્યો. જેમાં મને જોઈતી બધી વસ્તુઓ હતી.

સાંજે પ્રાઈઝ ડીસ્ટ્રીબ્યુશન ફંક્શન પુરું થાય તેની અમે રાહ જોતાં હતા. જ્યારે એંકર ભીડમાંથી બધાને વીનર બનવા માટેનાં સવાલ કરતાં હતાં પણ અમે સીટમાં સંતાઈ જતા હતા. જેથી અમને બોલવા માટે ઉભા ન કરે.

આજે આ હૉલમાં આટલી સંખ્યામાં સહુ વચ્ચે હું સ્પીચ આપી રહી છું... જ્યારે 4th રનર્સ અપ તરીકે મારી બહેનનું નામ એનાઉન્સ થયું ત્યારે હું એકલી જ ખુશીનાં મારી બુમો પાડતી હતી. મને મારી તો કોઈ આશા જ ન હતી. એટલે એકવાર તો એવો પણ વીચાર આવ્યો કે હવે ઘરે જવા નીકળી જઈએ. કારણ કે નીયતી તો જ્યારે પણ ભાગ લે છે ત્યારે કોઈક ને કોઈક પ્રાઈઝ લઈને જ આવે છે. જ્યારે મારું નામ આવ્યું ત્યારે હું અડધી ઉંઘમાં હતી. મારું નામ આવ્યું ત્યારે મારી બહેને કહ્યું કે, 'ચકી (મારું હુલામણું નામ), ઉપર જો, જલ્દી ઉપર જો, શું આવ્યું, જો જલ્દી....' જ્યારે મેં મારું નામ જોયું તો હું તો જોઈને પાછું નીચે માથું કરીને બેસી રહી. તેણે ફરી કીધું : 'અરે, શું કરે છે ? તને પ્રાઈઝ મળ્યું છે... જો જલ્દી...' પ્રાઈઝ લેતી વખતે તો હું એકદમ સ્પીચલેસ હતી કે, મને પ્રાઈઝ મળ્યું... શું કરું ? હસું કે રડું ? કોઈ જ એક્સપ્રેશન નહીં. એકદમ ચુપ.

પહેલા તો આવું જ મનમાં આવ્યું કે 'આ શું ? આટલા બધામાંથી હું એક પહેલી !' ખુબ જ મોટી સરપ્રાઈઝ હતી એ મારા માટે. ત્યારે ત્યાં એનાઉન્સ કર્યું કે સાત વર્ષની Historyમાં હું પ્રથમ એવી યુવતી છું કે જે ફોટોગ્રાફર તરીકે પહેલી અને એ પણ 'ગુજરાતી' અને એ પણ 'અમદાવાદી !' મને એવો વીચાર આવ્યો કે ચાલો કંઈક અલગ કરીને ઓળખાણ મેળવવાનું, મમ્મી-પપ્પાનું નામ રોશન

*પ્રાઈઝ લેતી વખતે તો હું એકદમ સ્પીચલેસ હતી કે, મને પ્રાઈઝ મળ્યું... શું કરું ? હસું કે રડું ? કોઈ જ એક્સપ્રેશન નહીં. એકદમ ચુપ.*

કરવાની ઈચ્છાનું અને અર્ચીતે મારી પાછળ કરેલી મહેનત કે સપોર્ટનું મને વળતર મળી ગયું. વાહ ! મને મારા કામના લીધે સન્માન મળ્યું. 800થી વધારે લોકો મને જોઈને ખુશ હતાં. હું તો સ્પીચલેસ ! એટલું પણ ન કહી શકી કે હું અમદાવાદ, ગુજરાતથી આવી છું. ત્યાર પછી મારી બહેનનાં શબ્દો... 'આ તેં શું કર્યું ? તને ખબર છે તને શું મળ્યું છે ?... અર્ચીતનાં એક્સપ્રેશન... Mv... આ તે શું કર્યું ?' મમ્મી-પપ્પા તો એટલા ખુશ હતા કે 'આપણી ચકી જાપાન ઉડશે...' મારા બીજા મમ્મી... 'આ મારી છોકરી છે, વહુ નહીં... એનો નંબર આવ્યો છે.' એ તો ગાંડા-ગાંડા થઈને બધાંને જણાવતા હતાં. મારો ભાઈ તો એટલો ખુશ થઈ ગયો કે હવે ઘરે ગાડી લઈને જતા મજા આવશે. 'મારી બહેન જીતીને આવી અને હું એને જીતતી જોઈ શક્યો.' આજે બધાંને બહુ જ પ્રાઉડ ફીલ થાય છે. જે મને ઓળખે છે એ 'મારી દીકરી', 'મારી ફ્રેન્ડ', 'બહેન', 'ભાભી', 'અમારા શ્યામસુંદરની વહુ', 'શારદા ફ્લેટની દીકરી', 'ભુદરપુરાની દીકરી' વગેરે... એક વસ્તુ છે, મારા પપ્પાજી (સદ્‌ગત સસરા) હોત તો એ પણ મારા પપ્પાની જેમ બધાંને ફોન કરત, બધાને જણાવત અને ખુશ ખુશ થઈને કે'ત કે, મારી નન્હી છે, જે જીતી છે. miss you... પણ તમારા આશીર્વાદથી આ જીત મને મળી શકી છે.



મારે ખાસ નોંધવું છે કે મારી સફળતા પાછળ ઘણાં લોકોનો ફાળો છે. જેમ મારા મમ્મી - પપ્પાએ મને આટલી ભણાવી - ગણાવી અને પુરેપુરો સપોર્ટ આપ્યો, સારા સંસ્કારો આપ્યાં અને મારા ભાઈ-બહેન.

આમ તો એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે એવું કહેવાય છે, પણ મારા કેસમાં બીલકુલ ઉલટું છે : જેનું ઉદાહરણ અર્ચીત છે. મારા મમ્મી જેમણે મને પુરેપુરો સાથ આપ્યો. હું અને અર્ચીત બહાર નીકળી આગળ વધી શકીએ એ માટે બીજી બધી જવાબદારીઓ એ સંભાળી લે છે અને પુત્રવધુને દીકરીની જેમ રાખે છે. આખું ફેમીલી સપોર્ટ કરે છે. ત્યારબાદ મારા વડીલો, પરીવારજનો અને શુભેચ્છકોનાં આશીર્વાદ ! ખાસ તો દુધવાની કોમ્પીટીશન. ત્યાંનાં મેન્ટોર અને જજીસ. એ બધાં પાસેથી મને બહુ શીખવા મળ્યું. જેનું ઈમ્પ્લીમેન્ટેશન મેં આ કોમ્પીટીશનમાં કર્યું અને હું જીતી.

જો સારું અને સાચું કામ કરવામાં આવે અને આપણો વીશ્વાસ અને મક્કમ નીર્ણય હોય અને 100 ટકા મહેનત હોય તો એને પુરું કરવા માટે ભગવાન ખુદ સાથ આપે છે.

ફરીવાર હું આપ સૌનો અને મુખ્ય મહેમાનોનો આભાર માનું છું. આપ સૌની ઉપસ્થીતીથી મારો આત્મવીશ્વાસ વધ્યો છે અને ફોટોગ્રાફીમાં આગળ વધવાની પ્રેરણા મળી છે. છેલ્લે મારે બે વાત કરવી છે કે જેમ મારા મમ્મી-પપ્પાનાં સપોર્ટથી અમદાવાદથી મુંબઈની સફર સુધી પહોંચી એ જ રીતે કોઈપણ બાળક કે કોઈ યુવતી કોઈપણ ઉંચા સ્તરે પહોંચી શકે, તે માટે જરુર છે ફક્ત એક તક આપવાની.

જેમ એક યુવતી તરીકે મને તક મળી અને મને શીખવા મળ્યું તો હું આગળ આવી શકી. એ જ રીતે બીજી તકવંચીત યુવતીઓને ફોટોગ્રાફીમાં આગળ વધવું હોય તો અમે તેમને મદદ અને માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરીશું. હું ઈચ્છીશ કે આ વર્ષે આવી 10 યુવતીઓને તૈયાર કરવાનું સૌભાગ્ય અમને મળે અને હું અને તેઓ પણ photo marathonમાં સાથે ભાગ લઈએ અને સીદ્ધીઓ પ્રાપ્ત કરીએ. ફરીવાર આપ સૌનો ખુબ ખુબ આભાર.

*આમ તો એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે એવું કહેવાય છે, પણ મારા કેસમાં બીલકુલ ઉલટું છે : જેનું ઉદાહરણ અર્ચીત છે.*

**– સ્તુતી**

❑

# નવું વાચન

***ન સાંભળે કોઈ*** *(કાવ્યસંગ્રહ) : પ્રવીણ ગઢવી, પ્રકાશક : ગુજરાતી દલીત સાહીત્ય અકાદમી, 'પ્રકંપ', 7, દુર્ગાકૃપા સોસા., કીર્તીધામ તીર્થ પાસે, ચાંદખેડા, અમદાવાદ-382 424, મુલ્ય : રૂ. 120.*




પ્રવીણ ગઢવી... નામ જ પુરતું છે... બાકી કહેવું હોય તો જાણીતા દલીત સર્જક. કવીતા, ટુંકી વાર્તા, વીવેચન, સંપાદન - એમ મહત્ત્વનાં સાહીત્યપ્રકારોમાં એમણે ખેડાણ કર્યું છે. આ ઉપરાંત નીવૃત્ત આઈએએસ અને ગુજરાતી દલીત સાહીત્ય અકાદમીના પ્રમુખ પણ... અલબત્ત, મુખ્ય નીસબત શોષીતોની વેદનાને વાચા આપવાની. 'ગુજરાત દીપોત્સવી' (વી.સં. 2064)માં નટુભાઈ પરમારે પ્રવીણભાઈનો મીતાક્ષરી પરીચય આ શબ્દોમાં આપ્યો છે :

"રાષ્ટ્રીય શાયર મેઘાણીએ દલીતોની પીડાને - વ્યથાને જનજન સુધી પહોંચાડવા જેમ સંનીષ્ઠ પ્રયાસ કર્યો છે. તેમ લોકકવી પદ્મશ્રી દુલા ભાયા કાગે પણ છેક અંગ્રેજોના સમયમાં એમની વેઠ કરતાં દલીતોની વાત એમના દુહાઓ અને છંદોમાં વર્ણવી છે. 'ચારણ' એવા પ્રવીણ ગઢવી પર પણ કાગ અને મેઘાણીની અસર ન હોય તો જ નવાઈ. એટલે જ કાગ અને મેઘાણીના દલીતપ્રેમ વીશે પ્રવીણ ગઢવી સ્વતંત્ર અભ્યાસલેખો પણ આપી શક્યા છે. એ પણ કેવી વીડંબના કે મેઘાણીના દલીતપ્રેમ અને કાગની દલીતવાણી પર પણ પ્રવીણ ગઢવી સીવાય બીજા કોઈ અદલીત સર્જકનું ધ્યાન પણ ગયું નથી. આ બાબત પણ પ્રવીણ ગઢવીની અનન્ય દલીતનીષ્ઠાનો દાખલો પુરો પાડે છે."

'તરસથી, તડપથી !' ગઝલ લખતા આ કવીની અહીં અછાંદસ રચનાઓ, મહદ્ અંશે ગ્રંથસ્થ થઈ છે. સંગ્રહનું શીર્ષક મહાભારતની ઉક્તી 'કશ્ચીદ શ્રુણોતી મે' પરથી થયું છે, આમ પૌરાણીક અને ઐતીહાસીક પાત્રો અને મહામાનવોને કવી પોતાની રચનાઓમાં સાહજીકપણે વણી લે છે. સાથોસાથ એમનો સેક્યુલર અને રેશનલ અભીગમ પણ જોવા મળે છે તે કવીની વીશેષતા છે... એમની રચનાઓને જ બોલવા દઈએ :

**મુળસોતી ઉખાડી નાંખી**
**ધૃણાસ્પદ વર્ણવ્યવસ્થા અને આભડછેટ.**
**એ હતા બાબા આંબેડકર (પૃ. 3)**

*

**અગરબત્તીના**
**કારખાનાના મજુરોનો પ્રસ્વેદ**
**મ્હેંક મ્હેંક ! (પૃ. 26)**

*

**ભીખમાં મેં મત આપ્યા પછી**
**ઉપાડી લીધી મુંને**
**રાવણની જેમ.**
**હું મુઈ લોકશાહી**
**મેં જ મારું અપહરણ કરાવ્યું**
**રાવણો પાસે.**
**હવે શું કરું ? ક્યાં જાઉં ? (પૃ. 36)**

*

**- પછી ઝીણાને આવ્યું સપનું સુંવાળું**
**મુસ્લીમ રાષ્ટ્રનું.**
**વીર સાવરકરને ય આવ્યું એવું જ સ્વપ્નું**
**હીન્દુ રાષ્ટ્રનું.**
**ગાંધી મથ્યા ઘણું,**
**તોય ન માન્યા ઝીણા.**
**પાકીસ્તાન મેળવીને જંપ્યા.**
**ગોડસેએ ગાંધીને ગોળીએ દીધા...!**
**પાડાના વાંકે પખાલીને ડામ**
**તે આનું નામ ! (પૃ. 75)**

'ન સાંભળે કોઈ'નો અવાજ એટલો બુલંદ અને બળુકો છે કે તે સાંભળ્યા વગર કોઈનો છુટકો જ નથી !

***અલ્પવીરામ*** *(જો આ હોય મારું અંતીમ પ્રવચન) : સંપાદન - કાન્તી પટેલ, સંપાદન સહાય - અલકેશ પટેલ, અરુણોદય પ્રકાશન, 202, હર્ષ કોમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 375.*




એપ્રીલ 2010થી એપ્રીલ 2012 દરમીયાન મુંબઈની સંસ્થાઓના ઉપક્રમે 'અલ્પવીરામ, જો આ હોય મારું અંતીમ પ્રવચન' વીષયે વ્યાખ્યાનશ્રેણી યોજાઈ હતી. તેની પ્રેરણા આયોજકોને અમેરીકાની યશોદાયી વ્યાખ્યાનશ્રેણી 'The Last Lecture', જેનું પછીથી પુસ્તક થયેલું તેના પરથી આવેલી. સાહીત્ય, કલા, પત્રકારત્વ, વીજ્ઞાન,

વકીલાત - એમ ભીન્ન ભીન્ન ક્ષેત્રમાં કાર્યરત રહીને સમાજને પ્રદાન કર્યું હોય એવી 25 પ્રતીભાઓનું પ્રવચન અહીં સંકલીત થયેલું જોવા મળે છે. દરેક વક્તાનો એકાદ પેઈજમાં પરીચય અપાયો છે તે ખુબ ઉપયોગી છે. જોકે પુસ્તકમાં રહેલી છાપભુલો ખુંચે એવી છે તેમ છતાં પ્રવચનમાં રહેલું હાર્દ પ્રેરણાદાયી છે. આમ તો તમામ 25 પ્રવચનો શબ્દશ: વાંચવા પડે છતાં તેની એક ઝલક :

• હવે ગાંધીનો દોષ હોય તો એટલો જ છે કે તેમણે એ પહેલાં જ કહી દીધું હતું. પરીણામે કેટલાંક લોકોને એ આઉટડેટેડ લાગતા હતા, તો કોઈને બીફોર ડેટ લાગતા હતા. પણ કોઈને એ બીલકુલ રેલેવન્ટ નહોતા લાગતા. અત્યારે આપણા માટે આ રેલેવન્ટ થઈ ગયા છે. એ આઉટડેટેડ વીષય નથી કે બીફોર ડેટ વીષય પણ નથી, કેમકે અત્યારે એ આપણું બારણું ખખડાવે છે. માત્ર એક નહીં, પણ અનેક વીષયો છે. સમાજ સાથેના વ્યવહારના સંબંધોને લોકભોગ્ય બનાવો, કારણ કે કદાચ દુનીયાની સર્વશ્રેષ્ઠ રાજ્યવ્યવસ્થા સુધી આપણે આવ્યા છીએ, પણ એ આખરની વ્યવસ્થા નથી. લોકશાહીએ બધા પ્રશ્નોના ઉકેલ આપ્યા નથી. લોકશાહીને વધારે રેલેવન્ટ કેમ કરવી એ પોલીટીક્સનો આજનો પ્રશ્ન છે... [નારાયણ દેસાઈ - ‘ગૌરવ અને ગર્વ વચ્ચે તફાવત છે.’]

• મારી દૃષ્ટીએ જીવનને પરીપુર્ણ કરવા માટે આ ત્રણ ચીજોની આવશ્યકતા છે : શુદ્ધી, સુક્ષ્મતા અને સ્થીરતા. આ સીવાય અન્ય સીદ્ધીઓ ગૌણ બની જાય. તમારું જીવન તમારા જ હાથમાં છે. તમે એને તમારી ફીલસુફી પ્રમાણે જીવવા કટીબદ્ધ છો... [ડૉ. પંકજ જોશી - ‘વીજ્ઞાન અને તત્ત્વજ્ઞાન જુદાં નથી.’]

• સૌથી વધારે ફાયદો તો થયો યુવાનો સાથે જીવન ગાળવાનો. મને આજે પણ મારી ઉંમરના માણસો સાથે ફાવતું નથી. તેમની વચ્ચે જાણે કે ખંડીયેરોમાં ફરતા હોઈએ તેવું લાગે. માત્ર ભુતકાળ તરફ જોવું તે ઘડપણની નીશાની છે, હું યુવાનો પાસેથી ભવીષ્ય તરફ જોવાનું શીખ્યો. નવી પેઢી સાથે સંબંધ ચાલુ જ રહ્યો અને હું સતત જીવતો જ રહ્યો. આજે પણ મારા મીત્રો અને સાથીદારો યુવાનો છે, મને વૃદ્ધત્વ કદી લાગ્યું નથી. નીવૃત્તીનો ખ્યાલ કદી આવ્યો નથી. વૃદ્ધત્વને રોકવું હોય તો હૃદય અને મન જુવાન રાખો... [ગીરીશ પટેલ -‘વો સુબહ કભી તો આયેગી.’]

• આ આપણું શરીર એક અજબ કરામત છે કુદરતની. એને સાચવીને વાપરો તો ટકે, નીરોગી રહે અને ધાર્યું કામ આપે. જાણીને પણ અજાણ્યા થાઓ અને બેફામ વર્તન કરો તો વહેલેમોડે બળવો પોકાર્યા વીના ન રહે. આયુષ્ય હોય તો પડી રહો ખાટલામાં નહીંતર પહોંચી જાઓ ઉપર, પણ વૃદ્ધાવસ્થાનો આનંદ કેવો હશે એ તો જાણ્યા વગરના જ રહી જાઓ ને ! એટલે શરીરને જાળવો, એ તમારી ફરજ છે. પણ શરીર તે જ તમે નથી. એ સત્ય પણ જાણવાનો પ્રયત્ન જરુર કરજો. એમાં સફળ થશો ત્યારે માંદગીનો અને મૃત્યુનો ડર જતો રહેશે... [ધીરુબહેન પટેલ - ‘જીવનની દરેક અવસ્થાનું સુખ નીરનીરાળું હોય છે.’]

અહીં દરેકે ઉંમરના અંતીમ પડાવે (કેટલાક વક્તાઓ તો પુસ્તક પ્રગટ થયું ત્યારે અવસાન પામ્યાં છે) જીવનની ફીલસુફી આલેખી છે. દરેકના જીવનનો ઉછેર, શીક્ષણ, અનુભવ, રસનું ક્ષેત્ર, અભીગમ અલગ અલગ હોવાથી ચીંતન મૌલીક અને વૈવીધ્યસભર થયું છે... ગ્રંથને ભાવભીનો આવકાર.

***નાની પાટીમાં શીલાલેખ : ભદ્રાયુ વછરાજાની, પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા.લી., ‘દ્વારકેશ’, રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-380001. મુલ્ય : રૂ. 90.***




ગુજરાતમાં ‘લૉ પ્રૉફાઈલ રહીને હાઈ કૉન્ટ્રીબ્યુશન’ કરતાં, ગુજરાતનાં ગૌરવરુપ 23 વ્યક્તીત્વોનો પરીચય અહીં સાંપડે છે. રાજવીઓનો પરીચય શીલાલેખ દ્વારા મળે પરંતુ આજીવન શીક્ષક હોય એમને માટે તો પાટીથી ઉત્તમ માધ્યમ કયું હોઈ શકે ? વળી, પાટીમાં સમાય એવો મીતાક્ષરી અને છતાં ચોટડુક ! નખદર્શનથી સીતાજીને પામી શકાય એમ થોડાં લસરકાથી પાંગરતી પ્રતીભાઓના અહીં દર્શન થાય છે :

• ચપટીકમાં સમજાય તેવા સહજ અને ગહન ગુફામાં વીચારતા કરી દે તેવા રહસ્યમયી સુભાષને ‘ઘરશાળા’માં વળી કંઈક જુદા જ પરીવેશમાં નીહાળી શકાય. સાંઈ મકરંદ કે કવી રાજેન્દ્ર શુક્લ, દલપત પઢીયાર કે યુવાન મહેન્દ્રસીંહ પરમાર, મુંબઈના પ્રખર જૈન મુની કે ધુણી ધખાવીને બેઠેલા સાધુ... સુભાષ માટે બધા સર્વસ્વીકૃત. ‘સરાય’માં સૌનાં બેસણાં... ઓશો મીરાં માટે કહે છે : મીરાં બોલને કા નહીં, જીનેકા નામ હૈ. સુભાષ ભટ્ટ જેવું વ્યક્તીત્વ વીવેચનનું નહીં, આચમનનું રુપ છે. [શીક્ષણયજ્ઞનો સુફી સંત : સુભાષ ભટ્ટ.]

• આજ સુધી એમીટી સ્કુલે વીકાસની હરણફાળ ભરવામાં પાછું વળીને જાયું નથી. શ્રી રણછોડ શાહ નાવીન્યના ઉપાસક અને તદ્દન નવી વીચારશૈલી સભર પ્રવૃત્તીના સાધક. શ્રી રણછોડ શાહ એટલે પ્રવૃત્તીની પાઠશાળા ! શ્રી રણછોડ શાહ એટલે ઈનોવેશનના ઈકબાલ ! [સર્જનાત્મક પ્રવૃત્તીઓની ‘લાઈવ’ પાઠશાળા : રણછોડ શાહ.]

• એ સમયમાં, દરબાર જ્ઞાતીમાં મહીલાઓને કોઈ જાતની છુટછાટ નહીં. વડીલોને પુછીને પાણી પીવાનું અને વડીલોનો પડ્યો બોલ ઝીલવાનો. આવી પાબંદીઓને કારણે પ્રતાપબાએ લગ્ન ન કરવાનો નીર્ણય લીધો. એમને તો પુસ્તક હારે જ પરણવું’તું... અને કર્યું પણ એમ જ. કલા-હુન્નર-સંગીત-વાંચન પ્રતાપબાના અતુટ બંધને બંધાયેલા જીવનસાથી. આકાશવાણી-

રાજકોટ સાથે પ્રતાપબાનો નાતો ચાલીસથી વધુ વરસનો... પ્રતાપબાએ રેડીયોના માધ્યમથી ચાલીસ વરસ બાળકોને વાર્તા સંભળાવી છે, અને ઘરેઘરમાં દાદીમાની ગરજ સાલતી હતી તે પુરી કરી છે ! ! પ્રતાપબાએ લગ્ન નથી કર્યાં છતાં ક્યારેય એકલાં નથી રહ્યાં... [મુલ્યોનું જતન કરવા, વતનને વહાલ કરતાં 75 વર્ષનાં જુવાનજોધ શીક્ષીકા : ડૉ. પ્રતાપબા રાઠોડ]

• જુની S.S.C. થી M.Ed. અને હાથછડની મજુરીથી લઈને આચાર્ય... કુસુમબહેનની શુન્યમાંથી શતકની આ યાત્રા વીરલ છે. 1988માં M.Ed. થયા પછી સુરતની શેઠ પી.ટી. મહીલા કોલેજમાં લેક્ચરર તરીકે નીમણુક થઈ ત્યારે કુસુમબહેનનાં હૃદયે કહ્યું : સંકટ અને આપત્તી વખતે પડખે ઉભા રહી ટેકો કરનાર વ્યક્તી અને સંસ્થાથી અદકેરું સ્વર્ગ બીજે ક્યાં મળે ? કુસુમબહેન ત્યાં જ છે અને શ્રી હળપતી સેવા સંઘની પચાસ શાળાઓના સંચાલનની ટીમમાં જોડાઈ ગયાં છે... [શુન્યથી શતક સુધીનાં યાત્રીક : કુસુમબહેન પટેલ]

સહજ શીક્ષક અને હળવો ફુલ બાળસાહીત્યકાર : ઈશ્વર પરમાર, સ્ત્રીસાશક્તીકરણનાં ઉદાહરણરુપ માતા-પુત્રી 'સેવાની ધુણી ધખાવનાર 'મોટા બા' : હસુમતીબહેન પુરોહીત' તથા 'સહજતાના શ્રેષ્ઠી : મંદાકીની પુરોહીત', 'વંચીતોનાં સાચા વાલી : રેહાના-જીતુ' - એમ આગવી ભાત પાડનાર પ્રતીભાઓ વીશેની સુંદર જાણકારી અહીં અપાઈ છે... આ પુસ્તક પછી 'મુઠ્ઠી ઉંચેરા 100 માનવ-રત્નો' પુસ્તક પણ મળ્યું તે બીના નોંધપાત્ર છે.

## ખેડુત વેદના યાત્રા...

સોમનાથ - વેરાવલથી ખેડુત વેદના યાત્રા નીકળી ચુકી છે. ખેડુતોને થતા અન્યાય દુર કરી, ન્યાય મેળવવા માટેની આ યાત્રાના મુદ્દા તા. 1-12-2016ના 'નયા માર્ગ'માં પ્રગટ થયા છે. ગામેગામથી આ પદયાત્રાને ગ્રામજનો તથા ખેડુતોનો ઉમળકાભર્યો આવકાર મળી રહ્યો છે... કહેવા ખાતર ખેડુતને 'જગતનો તાત' કહેવામાં આવે છે પરંતુ હકીકતે સરકાર અને ખુદ સમાજ, એ તાતને લાત મારવાનું કુકૃત્ય કરતા હોવાનું જોવા મળે છે. ખેડુત સમાજના મંત્રી સાગર રબારી અને ટ્રસ્ટી પીનાક ધામેલીયાની પદયાત્રામાં સ્થાનીક આગેવાનો સહભાગી થતા રહે છે. પદયાત્રાના 13માદીવસે બપોરે યાત્રાનું રોકાણ વાગડ ખાતે હતું. સરપંચ સુરુભા, પ્રદ્યુમ્નસીંહ ચુડાસમા, રામદેવસીંહ ચુડાસમા અને ભાલ બચાવો સમીતીના કનુભાઈ (સોઢી) જોડાયા હતા અને રાત્રી રોકાણ ધંધુકા કર્યું હતું. બીજી જાન્યુઆરી, 2017ના દીવસે મુખ્યમંત્રીને સચીવાલય ગાંધીનગર ખાતે આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ છે.

**સંપર્ક :** સાગર રબારી (ખેડુત સમાજ) 94093 07693

**સાભાર સ્વીકાર :**

**વીશ્વશાંતી યાત્રા** - મોતીભાઈ પટેલ, સંપાદક - ડૉ. દક્ષેશ ઠાકર, પાર્શ્વ પબ્લીકેશન, 102, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામની રેલવે ફાટક સામે, મીઠાખળી, અમદાવાદ-380006, મુલ્ય : રૂ. 80.

**કુંજગલી** (ગઝલસંગ્રહ) : યુગ પાલનપુરી, પ્રકાશક : રમીઝ જે. સીન્ધી, હાજીફળી, પાલનપુર-385001, મુલ્ય : રૂ. 100.

**21મી સદીમાં સકારાત્મક બાળઉછેર :** ડૉ. વીશાલ વારીયા, પ્રકાશક : જયશ્રીબહેન દેવચંદભાઈ સાવલીયા, C/o. બાળ કેળવણી મંદીર, બગસરા-365440, સહયોગ રાશી રૂ. 30.

**કૃષ્ણબ્રહ્મ** (કાવ્યસંગ્રહ) : નલીન પંડ્યા, અભીધા પ્રકાશન, 'સોના હાઉસ' 1, કૃષ્ણનગર સોસા. વીભાગ-2, અખબારનગર સર્કલથી નવા વાડજ મેઈન રોડ, અમદાવાદ-380013, મુલ્ય : રૂ. 130.

**સ્વયંજ્યોતી સુખધામ :** પ્રી. અમીચંદભાઈ શા. પટેલ 'અ', કુસુમ પ્રકાશન, 222, સર્વોદય કોમર્શીયલ સેન્ટર, રીલીફ સીનેમા પાસે, જીપીઓ પાસે, સલાપસ રોડ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 100.

**ખુદને જાણે તે ખુદાને જાણે :** પ્રી. અમીચંદભાઈ શા. પટેલ 'અ', પ્રકાશક - વીજય ભાવસાર, અવનીકા પ્રકાશન, 419/A, સર્વોદય કોમ. સેન્ટર, ચોથે માળ, જીપીઓ પાસે, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 100.

**હીંદુત્વ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર :** લેખક - ડૉ. એસ. પી. કશ્યપ, અનુવાદક - આનંદ પરમાર, પી. કસ્ટીયાની ચાલી, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ-380021, મુલ્ય : રૂ. 5. ❑

# પત્ર-સાર

ચાલો, આપણે 9/11 તારીખને રચનાત્મક દૃષ્ટીથી નીહાળીએ : 9/11 તારીખની વાત થાય ત્યારે સામાન્ય રીતે માનસપટ પર આતંકવાદ, ન્યુ યૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો હુમલો યાદ આવી જાય... પરંતુ આ તારીખે જ વીશ્વમાં અનેક ઘટનાઓએ ઈતીહાસમાં સ્થાન લીધું છે તેનો નવી પેઢીને ખ્યાલ નથી, જોઈએ ઐતીહાસીક ઘટનાઓ -

• નેલ્સન મંડેલાએ સાચું કહ્યું હતું કે ભારતે અમારે ત્યાં એમ. કે. ગાંધી મોકલ્યા પણ દક્ષીણ આફ્રીકાએ એમને મહાત્મા ગાંધી તરીકે મોકલ્યા ! અહીં મહત્ત્વ છે 9/11નું. સને 1906ની 9મીએ જ્હોનીસબર્ગથી સત્યાગ્રહ આરંભાયો ! દમન સામે અહીંસક માર્ગે સત્ય ખાતર લડી શકાય છે તેનો પ્રથમ પ્રયોગ ગાંધીજીએ તે દીવસે કર્યો.

• 9/11ના દીવસે જ સ્વામી વીવેકાનંદે વીશ્વ ધર્મ પરીષદમાં ભારતનું પ્રતીનીધીત્વ કરીને વ્યાખ્યાન આપ્યું. ભારતનો ડંકો વગાડ્યો.

• દેશવ્યાપી ભુમીક્રાન્તી કરનાર વીનોબા ભાવેનો જન્મ પણ 9/11, મહંમદઅલી ઝીણાની મૃત્યુ તારીખ 9/11 અને ગુજરાતની વાત કરીએ તો સૌરાષ્ટ્રમાં ભુમીક્રાંતી થઈ તે પણ 9/11.

• આ જ તારીખે 1972-73માં અમેરીકાએ ચીલી પર હુમલો કર્યો.

• ભારતના વડાપ્રધાને 8મીની મધરાતથી રુપીયા 500 અને 1000ની નોટો ચલણમાંથી રદ કરી તેના સમાચારો છપાયાં 9/11ના અખબારોમાં.

**- અરુણ બુચ**

[ગાંધીનગર (મો) 98250 18134]

16/11ના અંકમાં ડંકેશ ઓઝાનો 'રુપાલની પલ્લી' સંદર્ભનો લેખ ધારદાર છે. ઘી જેવી ઉત્તમ ખાદ્યસામગ્રી વરદાયીની માતાના અભીષેકમાં વાપરવા માટેની ક્રીયા શ્રદ્ધાળુઓને ભક્તીસભર લાગે એવો તેમનો મત હોય એ સ્વાભાવીક છે. પરંતુ જમીન પર ઢોળાયેલું એ ઘી દલીતો દ્વારા ઉપયોગ માટે ભેગું કરાય એ સામાજીક પરીપ્રેક્ષ્યમાં દલીતોની દલીતાઈને વધારે હીણી બનાવે છે. ગંદું થયા વગર એ ઘી કોઈ રીતે શુદ્ધપાત્રમાં એકત્ર કરીને જરુરીયાતમંદોને અપાય એમાં શ્રદ્ધાની સાર્થકતા લેખાય... દલીત સરપંચની વ્યથા-વેદના અંગે બી. કેશરશીવમ્‌ના લેખમાં નાયક સરપંચ ગામનો પ્રથમ નાગરીક છે. બંધારણે બક્ષેલા અધીકારથી તે આ પદે અભીષીક્ત થયેલો છે. તેમાં તેનો કયો ગુનો છે ? જોહુકમીથી તેના પર તીરસ્કાર કરાય, તેને હડધુત કરાય અને ફરજ બજાવવા દેવાય નહીં એમાં કહેવાતા સવર્ણો કે બડેખાંઓની જરાય મર્દાનગી નથી. 'ભુલ' વીષે યશવંત મહેતાનો લેખ મનનીય છે. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. એક મહીલાને દોષીત ઠરાવીને તેને પથ્થરો વડે મારી નાખવા ઝઝુમેલા દંભી ધાર્મીક વડાઓને ઈસુએ આદેશ આપ્યો હતો કે તમારામાંથી જે ભુલ કે પાપ વગરનો હોય તે પ્રથમ પથ્થર મારે. દરેકને પોતાના દોષ દેખાયા. એટલે બધાએ ચાલતી પકડી. લેખનો ઉપસંહાર સાચો છે કે ભુલોથી ઉગરવા માટે ચારીત્ર્યની કેળવણી જરુરી છે. ભુલકાંઓને ભણાવનાર કેટલાક પંથભુલેલા શીક્ષકોના કડવા અનુભવોનું વીપરીત ચીત્ર નટવર પટેલે રજુ કરેલું છે, તે ઘણી સ્કુલોમાં દેખાઈ આવે છે. જો શીક્ષકો વીદ્યાર્થીઓના વાલી અને માર્ગદર્શક બને તો શાળાના વર્ગ સ્વર્ગ બની જાય ! ત્યાં ભારતના ભાવીનું ઉત્તમ ઘડતર થાય.

**- ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**

[નડીયાદ (મો) 98259 28342]

પરીચય ટ્રસ્ટ પ્રકાશન પુસ્તીકા - 1382 હમણાં વાંચવામાં આવી. ઑંગ સાન સુ કી વીશે રવીન્દ્ર અંધારીયાએ ઘણી જાણકારી આપી છે. સુ કી હાલ 72 વર્ષનાં છે. મ્યાનમાર (જુનું નામ બર્મા)ના લશ્કરી શાસકોના દમન સામે તેઓ છેક 1962થી લડી રહ્યાં છે. પોતાની માનસીક તાકાતથી પ્રજામતને જાગૃત કરે છે. મારી પાસે આંકડો તો નથી પરંતુ અસંખ્ય પ્રજાજનો લશ્કરી અત્યાચારોનો ભોગ બન્યાં હશે. સુ કીની ધીરજ, મક્કમતા કાબીલેદાદ છે. સંતાનો અને પતીથી વીખુટા પડ્યા હોવા છતાં લાંબો કારાવાસ ભોગવીને અહીંસક માર્ગે લોકશાહી સ્થાપી. એમના પીતાએ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન સાથીદારોનાં કાવતરાંનો ભોગ બનવાથી જીવ ગુમાવ્યો. ક્રાન્તીની મશાલ સુ કીએ આગળ ધપાવી. એમણે નેશનલ લીગ ફોર ડેમોક્રસી (એનએલડી) પક્ષની સ્થાપના કરી. 2015માં મુક્ત સામાન્ય ચુંટણી થઈ તેમાં એનએલડીને બહુમતી મળી પરંતુ તેઓ વીદેશીને પરણ્યાં હોવાથી બંધારણ મુજબ રાષ્ટ્રપ્રમુખ બની શક્યાં નહીં. જોકે તેઓએ જાહેરાત કરી જ હતી કે 'કોઈ પદ સ્વીકારીશ નહીં.' તેઓના લગ્ન ભુતાનના નાગરીક સાથે થયેલાં.

આ પત્ર એ માટે લખું છું કે, ઑંગ સાન સુ કી તાજેતરમાં ભારતની મુલાકાતે આવી ગયાં. તેઓ લોકપ્રીય છે અને છતાં પ્રમુખપદ માટે કોઈ ખટપટ કરી નહીં. સમગ્ર લડત ગાંધીચીંધ્યા માર્ગે ચલાવી. મ્યાનમારના બંધારણ સાથે ચેડાં કર્યા નહીં. તેઓ નરેન્દ્ર મોદીને મળ્યા પણ મીડીયાએ પુરતી પ્રસીદ્ધી આપી નહીં. મને લાગે છે કે ભારત તરફથી તેમનું રાષ્ટ્રીયસ્તરે સન્માન થવું જોઈતું હતું. સન્માન્ય નારીની આપણે નોંધ લેવા માંગતા નથી તે દુ:ખદ છે.

**- હરીશ એન. ભટ્ટ**

[રાયમા, તા. હાંસોટ (મો) 99791 19637]

નોટબંધી એકવાર ચાલુ થઈ ગઈ, પછી તેને બંધ કરવાનું કે મુલતવી રાખવાનું કોઈ રીતે સલાહભર્યું કે વ્યવહારુ નથી. નોટબંધી પાછળ સરકારનો આશય કાળું નાણું ડામવાનો તેમજ સંતાડી રાખેલી મુડી બહાર લાવવાનો તો ખરો જ, પરંતુ

દુશ્મન દેશ પાકીસ્તાન રાત-દીવસ પોતાની ટંકશાળોમાં ભારતની નકલી નોટો છાપે છે જે અબજો રુપીયામાં ઘુસાડી દેવાઈ છે. તેને ચલણમાંથી બહાર ફેંકી દેવાનો છે. આ ત્રણેય આશયો આવકાર્ય છે અને કોંગ્રેસ પક્ષ જ્યારે સત્તામાં હતો ત્યારે પણ તે આ જ કરવા માગતો હતો. પરંતુ ભાજપને તે વખતે તેમાં કોઈ દેશભક્તી દેખાઈ ન હતી કારણ વીપક્ષ તરીકે તેની આંખો ધૃતરાષ્ટ્ર જેવી થઈ ગઈ હતી. ભાજપ કાંઈ સારું જોઈ શકતો ન હતો, બોલી શકતો ન હતો કે સાંભળી શકતો ન હતો. હવે તેને ડહાપણની દાઢ એકાએક ફુટી નીકળી છે, તે દેશભક્તીને કારણે નહીં પરંતુ ઉત્તરપ્રદેશમાં ચુંટણી લડી રહેલા વીપક્ષોના નાણાંનું બાષ્પીભવન કરવાના ઉદ્દેશ્યથી ફુટી નીકળી છે !

ગમે તેમ પણ અત્યારે ઉદ્દેશ્યો સારા છે, અને બીલ્ડરોની તીજોરીઓ હવે કાળા નાણાંથી ગંધાવા માંડી છે જેનો હવે અગ્નીસંસ્કાર કરી નાંખવાની જરુર છે. તેમાં કોંગ્રેસે 1942 જેવી વીદેશી કાપડની હોળી જેવા એલાન આપવા જોઈએ, તેને બદલે કોંગ્રેસ શાકભાજી રસ્તે ફેંકી દે છે અને દુધ રસ્તા પર ઢોળી નાંખી પોતાની અક્કલનું પ્રદર્શન કરે છે, તે વખોડવાલાયક છે. આવો બગાડ કોંગ્રેસે કરવો જોઈએ નહીં. જવાબદાર વીપક્ષને શોભે એ રીતે વીરોધ વ્યક્ત કરવો જોઈએ, જે તે કરી શકતો નથી એ દુ:ખદાયક છે. કોંગ્રેસને સારી વીચારધારા આપી શકે અને કાર્યકરોને યોગ્ય સલાહ-સુચનો આપી શકે એવા કોઈ નેતા આ જામી પડેલા આલીયા-માલીયા - જમાલીયાઓએ ટકવા જ દીધા નથી, પરીણામે આ દુ:ખજનક સ્થીતી નીર્માણ થવા પામી છે. મને પણ ફગાવી દીધેલો, બહુ જોરદાર માણસો છે.

અત્યારે પણ કોંગ્રેસ પક્ષ આત્મમંથન કરે અને પોઝીટીવ માર્ગો અપનાવી વીરોધ વ્યક્ત કરે; બાકી મોદીએ બીલ્ડરો સામે જે લોખંડી મુક્કો ઉગામ્યો છે તે ઉગામવાની વર્ષોથી જરુર હતી. આ બીલ્ડરો પાસે એટલું કાળું નાણું જમા થઈ ગયું છે કે ખેતીની જમીનો કરોડ કરોડ રુપીયાના ભાવે ખરીદી ખેતી કમ કરી નાંખી છે. આજે સારા શાકભાજી મળતા નથી અને બહારથી લાવવા પડે છે. મકાનોના ભાવ સીન્ડીકેટો રચી ઉંચા ને ઉંચા લઈ ગયા છે અને અત્યારે તો કોઈ કાયદેસર કે નીતીમત્તાથી જીવનાર મકાન ખરીદી જ ન શકે એવી દયાજનક હાલત આ બીલ્ડરોએ પેદા કરી છે. રેવન્યુ અમલદારો તેમાં સામેલ છે. ભ્રષ્ટાચારમાં અમલદારો આ બીલ્ડરો સાથે હરીફાઈમાં પડ્યા લાગે છે. પરીણામે કાયદાની ઐસી-તૈસી કરનાર આ બીલ્ડરો, અમલદારો અને રાજકારણીઓ સામે કાળું નાણું રાખવા, ટ્રાન્સફર કરવા 20/20 વર્ષની સજા પણ મોદી સરકાર લાવવા માગે, તો પણ જનતા તેને સાથ આપવા તૈયાર છે.

**- ભરતભાઈ આર. પંડ્યા**

[સુરત (મો) 90166 03631]

ઈન્દીરા ગાંધીએ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરીને બેંકના દરવાજા ખોલી નાખ્યા હતા, આજે નોટબંધીને કારણે આ દેશની 125 કરોડ જેટલી જનતાના ધોળા નાણાં ઉપાડવા માટે બેંકના દરવાજા બંધ છે ! છ મહીના અગાઉ વડાપ્રધાને કાળા ધનનાં સંગ્રહખોરોને આદેશ આપીને કાળું નાણું જાહેર કરવાની અપીલ કરી હતી. પરંતુ માતેલા સાંઢ જેવા આ મુઠ્ઠીભર લોકો વડાપ્રધાનના આદેશને ઘોળીને પી ગયા. છાસવારે અભીનંદનના મોટા મોટા હોર્ડીંગ લગાડનારા ભાજપીઓનું નોટબંધીના સમર્થનમાં એક પણ હોર્ડીંગ દેખાયું નહીં. આ લખાય છે ત્યારે સંસદનું કામ ઠપ્પ છે. બધા જ વીરોધપક્ષો સરકારના અણઘડ નીર્ણયથી પેદા થયેલી પ્રજાની હાડમારી સામે અવાજ ઉઠાવવા ભેગા થયા છે. તૃણમુલ કોંગ્રેસના મમતા અને શીવસેનાનાએ નોટબંધીના વીરોધમાં રાષ્ટ્રપતીને આવેદનપત્ર આપ્યું છે. વડાપ્રધાને શીવસેનાને ટોણો મારતાં કહ્યું કે, 'ઉપર જઈને બાબાસાહેબને શું જવાબ આપશો, હું ઉપર જઈશ ત્યારે બાબાસાહેબ પીઠ થાબડીને મને અભીનંદન આપશે !' ત્યારબાદ શીવસેનાએ નોટબંધીનું સમર્થન કર્યું. નોટબંધીના નીર્ણયનું સમર્થન કરનારા દેશભક્ત ગણાય છે. બેંકની લાઈનમાં ઉભા રહેનારા આશરે 80 ઉપરાંત લોકો મરણ પામ્યાં. સરકારે તેમને દેશભક્ત જાહેર કરીને વળતર આપવું જોઈએ.

સમાન નાગરીક કાયદો લાગુ થાય તે માટે કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે ભાજપનેતાઓ વીરોધ કરતા હતા. હવે સત્તામાં આવ્યા પછી સમાન નાગરીક ધારો લાવવા માટે ગભરાવા લાગ્યા છે. આ કાયદાથી હીન્દુ રાષ્ટ્રનું નીર્માણ થઈ શકે નહીં એવી બીક ભાજપને સતાવે છે. પરંતુ મુસ્લીમોને બાકાત રાખીને અન્ય લોકો માટે આ કાયદો કેમ લાગુ કરતા નથી ? હીન્દુ ધર્મમાં વૈદીક વીચાર અને સંત પરંપરા એવા બે પ્રવાહ છે. તુકારામથી માંડીને કબીર સુધી કોઈપણ સંતોએ વૈદીક પરંપરાનું ગૌરવ કર્યું નથી. આ સંત પરંપરાનો સાર સંવીધાનમાં જોવા મળે છે તેથી વારંવાર સંવીધાન બદલવાની વાત થાય છે. કેન્દ્રના સામાજીક ન્યાય વીભાગના મંત્રી રામદાસ આઠવલે કહે છે કે અમારી સરકાર બંધારણ અને બાબાસાહેબના વીચારો પર પ્રગતીના પંથે જઈ રહી છે. જે વીકાસ 60 વર્ષમાં ન થયો તે વીકાસ અઢાર મહીનામાં વડાપ્રધાને કરી દેખાડ્યો ! પરંતુ હવે આ દેશમાં હુકમશાહી જોઈએ કે લોકશાહી તે ભારતની પ્રજાએ નક્કી કરવું પડશે. આજે તો માત્ર ભાજપના સમર્થકો જ દેશભક્ત હોય એવો માહોલ રચાયો છે !

**- સુભાષ પાળેકર**

[વડોદરા (મો) 99983 45602]

❑

# જોઈએ છે : 'ઓફીસ એડમીનીસ્ટ્રેટર'

સેવા રૂરલ, ઝઘડીયા એ, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અને વિચારોને અનુસરી, દક્ષિણ ગુજરાતના આદીવાસી વિસ્તારમાં ગરીબોનો સ્વાસ્થ્ય અને વિકાસ માટે 1980થી કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા છે.

મેનેજીંગ ટ્રસ્ટીઓને રોજીંદા ઓફીસ એડમીનીસ્ટ્રેશનને લગતાં કામોમાં મદદ કરવા હેતુ, સંસ્થાને એક **'ઓફીસ એડમીનીસ્ટ્રેટર'**ની જરૂર છે.

ઉમેદવાર માટે સેવા રૂરલના સિદ્ધાંતો તથા મૂલ્યોને અપનાવવા અત્યંત જરૂરી છે.

## જવાબદારીઓ :

સફળ ઉમેદવાર નીચે દર્શાવેલી બધી અથવા મહદ્ બાબતો માટે જવાબદાર રહેશે.

- ♦ પર્સોનલ એડમીનીસ્ટ્રેશન
- ♦ સોસાયટીને લાગુ પડતાં લેબર અંગેના કાયદાઓનું પાલન
- ♦ સંસ્થાની સુવિધાઓની જાળવણી
- ♦ ઓફીસને લગતી જરૂરિયાતો તથા ઉપકરણોની પૂર્તતા
- ♦ ઓફીસને લગતી સેવાઓ જેવી કે ટ્રાન્સપોર્ટ, ગેસ્ટહાઉસ, કેન્ટીન વગેરેનું સંચાલન
- ♦ સરકારી સંસ્થાઓ, લાભાર્થીઓ તથા દાતાઓ સાથેના સંબંધોની જાળવણી
- ♦ મહેમાનો માટેની વ્યવસ્થાનું સંચાલન વગેરે.

## જરૂરિયાતો :

- ♦ સ્નાતક ડીગ્રી ઉપરાંત ઓફીસ, એડમીનીસ્ટ્રેશન માટે પ્રમાણિત અનુભવ
- ♦ ઉત્તમ કોમ્યુનીકેશન સ્કીલ, અંગ્રેજી ભાષાનું જ્ઞાન આવશ્યક છે.
- ♦ કોમ્પ્યુટરના વપરાશ, ખાસ કરીને MS Office, Email અને Internetના ઉપયોગ ઉપર પ્રભુત્વ.

**વધુ માહિતી માટે સંપર્ક :**

**Email : sewarural@ymail.com**

**Website : www.sewarural.org**

**મુકેશ પરીખ : 9427464047**

[જાxખ]

# ન્યુઝીલેન્ડના મુળનીવાસીઓ 'માઓરી'ઓ મધ્યે બે દીવસ

ફાધર વર્ગીસ પોલ, એસ.જે.

'કીયા ઓરા'. બોલો, 'કીયા ઓરા' ગાઈડે કહ્યું. કોઈને કંઈ સમજણ ન પડી ! અમારી બધા પાસે એકીઅવાજે 'કીયા ઓરા' બોલાવ્યા પછી યુવાન ગાઈડે 'કીયા ઓરા'નો અર્થ અમને સમજાવ્યો. અંગ્રેજીમાં 'કીયા ઓરા' એટલે 'હલ્લો.' 'અમે માઓરી લોકો, અમારા મહેમાનોને 'કીયા ઓરા' કહીને આવકારીએ છીએ', પોતાની સાથેની યુવતીને પાસે બોલાવીને ગાઈડે અમને કહ્યું.

પછી સાથે ગાળવાના ત્રણેક કલાકના નાચગાન, સામાજીક જીવન વગેરે કાર્યક્રમનો ટુંકો ખ્યાલ આપીને બંને ગાઈડોએ અમને કહ્યું, 'આભાર.' આભારનો ખુલાસો કરતાં તેમણે ઉમેર્યું, 'અમે તમારો આભાર માનીએ છીએ; કારણ, તમારા જેવા પ્રવાસીઓની મુલાકાત થવાથી અમારું ગામ આર્થીક રીતે સમૃદ્ધ છે, સધ્ધર છે.'

મેં ન્યુઝીલેન્ડમાં ગાળેલા 11 દીવસો પૈકીના પુરા બે દીવસ 'માઓરી' લોકોના ગામ 'વોકારેવારેવા' અને ગામને અડીને આવેલા શહેર 'રોતોરુવા'માં ગાળ્યા.

ઑકલૅન્ડ વીમાનમથકે મારો ભત્રીજો ષાજુ અને એની દીકરી રોસમી મને લેવા આવ્યાં હતાં. તેમની સાથે ઘરે ચા-નાસ્તો કરતાં મારા ભત્રીજા ષાજુ ને પત્ની મીનીએ મારા માટે તૈયાર કરી રાખેલ 11 દીવસનો કાર્યક્રમ મને બતાવતાં જણાવ્યું, 'અંકલ, તમે કહ્યું હતું કે, તમારે માટે કોઈ લાંબો પ્રવાસ ગોઠવશો નહીં. એટલે તમારે માટે ઑકલેન્ડ બહાર ફક્ત એક જ પ્રવાસ ગોઠવ્યો છે. તે અહીંના સ્થાનીક માઓરી લોકોના રોતોરુવા શહેર અને પાસેના અદ્ભુત તેર્મલ (thermal) ગામની બે દીવસની મુલાકાતે જવાનું છે. અહીંના મુળનીવાસી માઓરીઓના ગામ વોકારેવારેવાની મુલાકાત તમને જીંદગીભર યાદ રહેશે.'

ન્યુઝીલેન્ડના લોકો માને છે કે, યુરોપથી સ્થળાંતર કરેલા લોકો ત્યાં આવીને વસ્યા હતા તેનાં હજારેક વર્ષ પહેલાં ત્યાંના આદીજાતી લોકો ત્યાંનાં જંગલો અને દરીયાકીનારે વસતા હતા. આજે ન્યુઝીલેન્ડના 14 ટકા લોકો માઓરી જેવી જનજાતીઓમાં ગણાય છે. માઓરી સંસ્કૃતીની અસર સમગ્ર ન્યુઝીલેન્ડમાં અનુભવાય છે. હું ઑકલેન્ડ શહેરના મધ્યભાગમાં રહેતા મારા ભત્રીજાના ઘરેથી પાસેના ક્રાઈસ્ટ ધ કીંગ ચર્ચમાં ગયો. રવીવાર હોવાને કારણે ચર્ચમાં આશરે 600 જેટલા શ્રદ્ધાળુઓ હશે. પરમપુજાની શરુઆતમાં સ્થાનીક આદી લોકો માઓરી ભાષામાં 'પીતા, પુત્ર અને પવીત્ર આત્માને નામે આમેન'થી ક્રુસના નીશાન સાથે બોલ્યા અને એ જ માઓરી ભાષામાં સૌ ભક્તજનોને પરમપુજામાં આવકાર્યા.

મને ખુબ નવાઈ લાગી હતી. કારણ, ષાજુએ મને કહ્યું હતું કે, પરમપુજા અંગ્રેજીમાં છે. પરંતુ ન્યુઝીલેન્ડની મુળ પ્રજા સાથેની એકતા અને તેમની ભાષા તથા સંસ્કૃતીની કદર આ રીતે સ્વાભાવીકપણે વ્યક્ત કર્યા પછી પરમપુજાની બાકીની બધી પ્રાર્થનાઓ અને બાઈબલનું વાંચન બધું જ અંગ્રેજી ભાષામાં હતું. સીવાય કે, છેલ્લે વીદાયબોલ અને ક્રુસના નીશાન સાથેની પ્રાર્થના માઓરી ભાષામાં હતી. શરુઆતની જેમ પરમપુજાના અંતે પણ સૌ ભક્તજનોએ માઓરી ભાષામાં ધર્મગુરુએ કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો.

ન્યુઝીલેન્ડમાં સર્વત્ર મુળ આદીજાતી લોકોનો પ્રભાવ હોય છે. હું ન્યુઝીલેન્ડમાં કોઈ આદીજાતી વ્યક્તીને અંગત રીતે મળ્યો નથી. પરંતુ હું જાણું છું ત્યાં સુધી સ્થાનીક લોકો અને બહારથી, મુખ્યત્વે યુરોપથી આવેલા બહુમતી લોકો વચ્ચે કોઈ ભેદભાવ નથી. જોકે, ન્યુઝીલેન્ડનો ઈતીહાસ કહે છે કે, બંને વચ્ચે ખુબ સંઘર્ષો અને યુદ્ધો પણ થયાં છે. યુરોપીયન લોકો સ્થળાંતર કરીને ન્યુઝીલેન્ડમાં વસવાટ કરવા લાગ્યા ત્યારે ઘણા મુળ નીવાસીઓને એમના નીવાસસ્થાનેથી બળજબરીથી ખસેડી નાખવામાં આવ્યા હતા. પછી બંને મુળજાતી પ્રજા અને પરદેશી વસાહતી પ્રજા વચ્ચે ઘણી સંધીઓ અને સમજુતી થઈ હતી. આજે બંધારણીય રીતે પણ ન્યુઝીલેન્ડની આદીજાતી પ્રજા ખુશીથી અને બધા સાથે સંપસુમેળથી જીવે છે.

ન્યુઝીલેન્ડમાં મારા ટુંકા સમયના રોકાણ દરમીયાન ત્યાંની આદીજાતી માઓરી પ્રજાનાં જીવન, ભાષા ને સંસ્કૃતીને નજીકથી અનુભવવાની મને તક મળી છે. હું ઑકલેન્ડ પહોંચ્યો તે પહેલાં મારા ભત્રીજાએ મારા માટે એક ખાસ પ્રવાસ ગોઠવ્યો હતો. ઑકલેન્ડથી આશરે ત્રણસો કીલોમીટર દુર ત્યાંના આદીજાતી લોકો એટલે માઓરી પ્રજા વચ્ચે રોતોરુવા શહેર અને વોકારેવારેવા

ગામમાં બે દીવસ ગાળવાનો એ પ્રવાસ હતો.

એક દીવસ વહેલી સવારે ઑકલેન્ડથી નીકળીને મોટરગાડીમાં ત્રણેક કલાકની મુસાફરી પછી દસેક વાગ્યે અમે રોતોરુવા શહેરમાં પહોંચ્યાં. ત્યાં અમે એટલે પાજુ, એમની પત્ની મીની અને હું અગાઉ વ્યવસ્થા કરેલા સીલ્વર ઑક હેરીટેજ હોટલમાં ઉતર્યાં. તરત જ હાથ-મોં ધોઈ ફ્રેશ થઈને નાસ્તો કર્યો અને વીના વીલંબે અગાઉ ગોઠવેલા આદીજાતી લોકો માઓરીઓના સાંસ્કૃતીક કાર્યક્રમમાં ભાગ લેવા માટે વોકારેવારેવા ગામના પ્રવેશ દ્વારે પહોંચ્યાં. ત્યાં એક હૃષ્ટપુષ્ટ યુવાન અને એક દેખાવડી યુવતી અમારાં ગાઈડો તરીકે ઉભાં હતાં.

પાંચેક મીનીટ પછી છુટાછવાયા ઉભેલા બધા પ્રવાસીઓને પાસે બોલાવીને પેલા યુવાને કહ્યું : 'કીયા ઓરા'... પછી અંગ્રેજી લીપીમાં લખેલા એક પાટીયા પર લખેલું લાંબું નામ અમારી પાસે વંચાવડાવીને યુવાને કહ્યું કે, આ અમારી માઓરી પ્રજાના ગામનું નામ છે 'વોકારેવારેવા'.

ગાઈડે કહ્યું કે, ત્રણેક સદી પહેલાં આદીજાતી લોકટોળીમાં પ્રથમ વાર લડવૈયાઓને ભેગા કરનાર યુદ્ધવીર 'વાહીયાઓ'ના નામ પરથી સ્થાનીક લોકોએ ગામને વોકારેવારેવાતન્ગા નામ આપ્યું હતું. એનું ટૂંકું રુપ હવે વોકારેવારેવા છે.

પછી એ યુવાને પોતાનું અને તેમની સાથીદાર યુવતીનું નામ આપીને અમને કહ્યું, 'હવે મારી સાથીદાર યુવતી આપને ગામમાં જોવાલાયક બાબતો વીશે તેમજ આપને માટે ખાસ તૈયાર કરેલા સાંસ્કૃતીક કાર્યક્રમોનો ખ્યાલ આપશે.'

માઓરી લોકો અને એમની ભાષા ને સંસ્કૃતી વીશે તેમજ વોકારેવારેવા ગામની વીશેષતાઓ અને ખુબીઓ વીશે ટુંકમાં સમજાવીને યુવતીએ અમને કહ્યું, 'આપનામાંથી કોઈને કંઈ પ્રશ્ન પુછવો છે ? કે કોઈ ખુલાસાની જરુર છે ?' અમે બધા પાસેના એક નાના પુલ પર થઈને ગામની અંદર જવા ઉત્સુક હતા. એટલે કોઈએ કોઈ પ્રશ્ન પુછ્યો નહીં.

બધા પ્રવાસીઓ બે ટુકડીમાં વહેંચાઈ ગયા. એક ટુકડી પેલી યુવતી સાથે અને મારી સાથેની બીજી ટુકડી એ યુવાન સાથે માઓરી ગામ વોકારેવારેવામાં પ્રવેશી. ગામના પ્રવેશદ્વારમાં પ્રથમ અને દ્વીતીય વીશ્વયુદ્ધોમાં મરેલા લડવૈયાઓના સ્મારકરુપે કામઠાના આકારે બાંધેલા 'આર્ચવે' (Archway) છે. એક નાના પુલ પર થઈને લોકોને વોકારેવારેવા ગામમાં પ્રવેશવાનું હોય છે. ગામમાં પ્રવેશતાં જ ઠેર ઠેર જમીનમાંથી આગથી નીકળતા વીચીત્ર ગંધવાળા ધુમાડા જોયા.

પ્રવેશદ્વાર પાસે આદીજાતી લોકો પાસે યુરોપના લોકોના આગમન પહેલાં બાંધેલું એક જુનું, જર્જરીત ઝુંપડું છે. એનું છાપરું ઝાડનાં પાંદડાંથી બનાવેલું દેખાય છે. ત્યાંના ઉષ્ણ વાતાવરણનો લાભ લેવા માટે આદીજાતી લોકો ત્યાં ઝુંપડું બાંધીને રહેતાં હતા. ગામમાં ક્યાંક ગરમ પાણીના ફુવારા પણ છે. આ ફુવારામાંથી નીકળતું પાણી સ્થાનીક લોકો ખોરાક તૈયાર કરવા માટે અને નાહવા માટે વાપરે છે. ભુતળમાંથી નીકળતી ગરમ વરાળનો ઉપયોગ કરીને લોકો ખુલ્લામાં રસોઈ પણ કરી શકે છે. એક જગ્યાએ જ્વાળામુખીમાંથી નીકળતા ગરમ પાણીની તલાવડીમાં દોરી બાંધી ડુબાડીને તૈયાર કરેલી મકાઈ, એક માઓરી યુવાન પ્રવાસીઓને ખાવા આપતો હતો.

ગામમાં કૅથલીક ખ્રીસ્તીઓનું એક પુરાણું દેવળ પણ છે, જે સોએક વર્ષ પહેલાં, 1905માં બંધાયું હતું. દેવળની આસપાસ 'ન્ગાતી વાહીયાઓ' નામે ઓળખાતા આદીજાતી કુળના કેથલીકોનાં ઘરો છે. વોકારેવારેવા ગામમાં એન્ગ્લીકન ખ્રીસ્તીઓનું પણ એક દેવળ છે. ઈસવીસન 1886માં 'તારાવેરા' જ્વાળામુખી ફાટ્યો ને પાસેનાં ગામોને ડુબાડી નાખ્યાં ત્યારે ત્યાંથી બચેલા લોકોએ પણ વોકારેવારેવા ગામમાં આશરો લીધો. તે આદીજાતી એન્ગ્લીકન ખ્રીસ્તી ધર્મ પાળતા હતા.

ગામમાં ફરતાં અમે એક ઘરમાં ઘણાં નાનાં ભુલકાંઓને જોયાં. તે માઓરી લોકોનું 'બાલમંદીર' કે 'પ્લેસ્કુલ' છે. ન્યુઝીલેન્ડમાં શીક્ષણ અંગ્રેજી માધ્યમમાં છે. પરંતુ આદીજાતીના માઓરી લોકો પોતાની ભાષા ને સંસ્કૃતી સાચવવા માટે બાળકોને પાંચ વર્ષ સુધી માઓરી ભાષામાં ભણાવે છે.

વોકારેવારેવા ગામનું એક મુખ્ય આકર્ષણ ત્યાંના આદીજાતી માઓરી લોકોનો સાંસ્કૃતીક કાર્યક્રમ છે. પ્રવાસીઓ માટે સ્થાનીક કલાકારોએ પોતાના પારંપરીક નાચગાન તથા આધુનીક મ્યુઝીક અને સંગીતથી પ્રેક્ષકોને ખુશખુશાલ કરી મુક્યા. એમાં 'હાકા' નામે બીહામણો લાગે એવો યુદ્ધ-નાચ પણ હતો. પ્રવૃત્તીરુપ નાચગાન તથા પ્રેક્ષકો ભાગ લઈ શકે એવું નાચગાન પણ હતું.

*આદીજાતીના માઓરી લોકો પોતાની ભાષા ને સંસ્કૃતી સાચવવા માટે બાળકોને પાંચ વર્ષ સુધી માઓરી ભાષામાં ભણાવે છે.*

ન્યુઝીલેન્ડ એક 'વેલકેયર' એટલે કલ્યાણરાજ્ય છે. ત્યાં સો ટકા સાક્ષરતા છે. છતાં ત્યાંના આદીજાતી લોકો

ઉચ્ચ શીક્ષણમાં પાછળ છે. પરીણામે બેકારી પણ બીજા લોકોની સરખામણીમાં વધારે છે. પરંતુ બધા બેકાર નાગરીકોને બેકારી-વેતન મળે છે. ખાવાપીવા ને સાદું જીવન જીવવા માટે બેકારી-વેતન પુરતું છે. એટલે મારા ભત્રીજા ષાજુના કહ્યા પ્રમાણે ત્યાંના આદીજાતી લોકોમાં યુનીવર્સીટીનો અભ્યાસ ને ઉચ્ચ પ્રકારની નોકરી માટેની મહત્ત્વાકાંક્ષા પ્રમાણમાં ઓછી છે. બેકાર લોકોને તેમના કુટુંબના સભ્યોની સંખ્યા પ્રમાણે બેકારી વેતન મળે છે. છતાં ષાજુ કહે છે કે, ઘણા આદીજાતી લોકો દારુના કે અન્ય વ્યસનને કારણે મહીનાને અંતે ખાવાપીવાની મુશ્કેલીમાં હોય છે.

છેલ્લે, ખુશીની વાત એ છે કે, ઉચ્ચ શીક્ષણ પામતા અને સારી નોકરી કરતા આદીજાતી લોકોની સંખ્યા વધતી રહે છે. માઓરી લોકોના 'વોકારેવારેવા' ગામની મુલાકાતથી હું કહી શકું છું કે, ત્યાંના આદીજાતી લોકો આતીથ્ય સત્કારમાં મોખરે છે. ❑

# ડંકનાદ

**ડંકેશ ઓઝા**

## સંસદ ઠપ અને સરકારનાં અંધારામાં તીર

ભારતની પ્રજાને એ સમજાતું નથી કે તેઓ લોકપ્રતીનીધીઓને ચુંટે છે શા માટે ? સંસદનું શીયાળુ સત્ર હમણાં પુરું થયું. અખબારોએ લખ્યું કે એ 'ધોવાઈ ગયું !' એનો અર્થ એ કે કંઈ પણ કામ કર્યા વગર એ પુરું થયું. આવી અવદશા લોકશાહીની પાયાની અને સર્વોચ્ચ સંસ્થાની હોય, છતાં સાંસદોના તો ઠીક તેમને ચુંટનારા મતદારોના પેટનું પાણી પણ ન હાલતું હોય તો લોકશાહી દવાખાનામાં નહીં પણ વેન્ટીલેટર પર હોવાનું જ કહી શકાય !

બંધારણ મુજબ 'સંસદ' શબ્દમાં ત્રણ વાનાં સમાયેલાં છે. લોકોએ ચુંટેલી લોકસભા, રાજ્યોએ ચુંટેલા પ્રતીનીધીઓની રાજ્યસભા અને રાષ્ટ્રપતી. આઝાદીના સીત્તેરમા વર્ષે રાષ્ટ્રપતી સંસદસભ્યોને હાથ જોડીને તેઓ જે કામ માટે ચુંટાયેલા છે તે કામ કરવા માટે અપીલ કરે છે. ભારતની 'કામચોર' પ્રજાને આમાંથી સાચો સંદેશ પ્રાપ્ત થતો હશે કે એમના જેવું કરવાની પ્રેરણા મળતી હશે એ સવાલ અઘરો છે; ન સમજાય તેવો છે. તેના જવાબ વીશે કશું જ ખાતરીબંધ ન કહી શકાય.

લાલકૃષ્ણ અડવાણી રાજકીય રીતે ખુણો પાડી રહ્યા છે; સ્વેચ્છાએ નહીં, પણ પરાણે. તેમની સક્રીયતા સમાપ્ત કરી દેવામાં આવી છે. પક્ષના માર્ગદર્શક મંડળમાં તેઓ નીષ્ક્રીય એવી ભુમીકા ભજવી રહ્યા છે. તેઓ સાત વખત લોકસભામાં ચુંટાયા છે. ચાર ટર્મ સુધી રાજ્યસભામાં પણ બેઠા છે. દેશના અને ભાજપના આવા વરીષ્ઠ સાંસદને એવું કહેવા વારો આવ્યો છે કે 'મને રાજીનામું આપવાનું મન થાય છે.' એક રાજકારણીએ અડવાણીજીની મોટી ઉંમર જોઈને તેમની તબીયતના હાલ પુછ્યા. તેમનો જવાબ હતો : મારી તબીયત તો સારી છે, પણ સંસદની તબીયત ઠીક નથી ! મોદીસાહેબને દેશને 'ડીજીટલ મોડ'માં લઈ જવાનો ચસકો છે. એની પરીભાષા વાપરીને કહેવું હોય તો કહી શકાય કે લોકશાહીનો અવાજ અને પ્રજાનો અવાજ 'મ્યુટ મોડ' પર છે. ગરમી ઘણી થાય છે. પણ ઉષ્મા કે ઉર્જા પ્રગટતાં નથી !

સંસદ લોકપ્રતીનીધીઓના સંવાદ માટેનું ગ્રુપ છે. સંવાદ તો સધાતો નથી, વીસંવાદ વધતો જાય છે. વડાપ્રધાન સત્તાધારી પક્ષના લોકસભાના નેતા મનાય છે. તેઓ સંસદ બહાર જનસભામાં એવી ફરીયાદ કરે છે કે મને સંસદમાં બોલવા દેતા નથી. તો વળી કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને વડાપ્રધાનના દાવેદાર, મોદીના પ્રતીસ્પર્ધી રાહુલ ગાંધી પત્રકાર પરીષદમાં એમ કહે છે કે મને લોકસભામાં બોલવા દેતા નથી કારણ કે હું બોલું તો ધરતીકંપ સર્જાઈ જાય. મતદારો મુંઝવણમાં છે કે કોની વાત સાચી માનવી. આવે સમયે આમઆદમી પક્ષના કેજરીવાલની વાત સાચી લાગે છે. તેઓ એમ કહે છે કે ભાજપ અને કોંગ્રેસ 'ફ્રેન્ડલી મેચ' રમી રહ્યા છે. બન્ને એકબીજા સામે બુમો પાડે છે પણ એકેયને ઘસરકો ન પડે તેનું ધ્યાન રાખે છે !

યાદ આવે છે મોદીસાહેબ વડાપ્રધાન થયા અને સંસદમાં ગયા ત્યારે મોટાં અખબારોએ તેમની જે તસવીર પહેલા પાને છાપી હતી તે સંસદના પગથીયે નમન કરતી હતી. એ પછીની હકીકત એ છે કે તેઓ સંસદમાં હાજર રહેતા નથી અને વીપક્ષોની ફરીયાદ એ છે કે વડાપ્રધાન સાંભળવા ન બેઠા હોય તો અમે બોલીએ તેનો કોઈ અર્થ નથી.

સાંસદોનાં ભાડાંભથ્થાં નીયમીત ચુકવાતાં રહે છે, દેશમાં ગરીબને ભલે ભોજન ન મળે ! પરંતુ આ સાંસદોને બહુ સસ્તાદરે વૈવીધ્યપુર્ણ વ્યંજનો સુલભ છે. તેમના પગાર વધારા માટે કોઈ નીર્ણાયક પંચ બેસાડવામાં આવતું નથી. તેમને ઈચ્છા થાય ત્યારે 'દલા તરવાડીઓ' જાતે જ તેવો નીર્ણય કરી લે છે ! બીજુ જનતા દળ ઓરીસ્સાના એક સાંસદ એવા નીકળ્યા છે જેમણે ટ્વીટર પર એવું લખ્યું કે સંસદ ચાલી નથી, મેં કંઈ કામ કર્યું નથી એટલે હું મારા ભથ્થાં તત્કાળ પુરતાં પરત આપવા વીચારી રહ્યો છું. આવા એકલ-દોકલ નીવેદને રાજકીય ધરતીકંપ સર્જાવાની ક્ષમતા કે શક્યતા પણ ગુમાવી દીધી છે !

સારા માણસો સંસદમાં જતા નથી. જે જાય છે તે સારા

કહેવા યોગ્ય રહેતા નથી. આવી પરીસ્થીતીમાં સંસદ કેવા પ્રકારના લોકોનો શંભુમેળો બની રહી છે એ કહેવાની કોઈ જરુર નથી. આ કંઈ આજકાલની સ્થીતી નથી. આગુ સે ચલી આતી હૈ ! એક નાની પાલખીવાલા હતા જેઓ બંધારણના નીષ્ણાત હતા, કરવેરાના નીષ્ણાત હતા, બાહોશ વકીલ હતા. તેમના અંદાજપત્ર અંગેનાં વ્યાખ્યાનો મુંબઈ ખાતે કોઈ મોટા હૉલમાં નહીં, ક્રીકેટના સ્ટેડીયમમાં યોજતાં હતાં. તે પછી વ્યાખ્યાનોની સીરીઝ દેશના મોટા શહેરોમાં ચાલતી હતી. જ્યાં તેમને વક્તવ્ય આપવા નીમંત્રણો અપાતાં હતાં. તેમને કોઈકે કહેલું કે તમે ચુંટાઈને લોકસભામાં જાવ તો કેવું સારું ? તેમણે ઘસીને ના ભણેલી, જે સભામાં કોરમ ન થતું હોય, બુમરાણ થતી હોય, સતત આવન-જાવન ચાલુ રહેતી હોય, જે બેઠા હોય તે ઉંઘતા હોય, તેમને સાંભળવામાં રસ ન હોય - એવા ગૃહમાં મારે જઈને કરવું શું ? એના કરતાં હું એક લેખ લખું છું કે ભાષણ કરું છું તો દેશના યોગ્ય માણસો મારી વાત કાને ધરે છે, મને સાંભળવા આતુર હોય છે.

બીજા એક પ્રો. પુરુષોત્તમ ગણેશ માવળંકર હતા. લોકસભાના અધ્યક્ષ થવા સજ્જતા ધરાવતા હતા. તેઓ માત્ર એકવાર ચુંટાયા પરંતુ તેઓ અપક્ષ રહેવા માગતા હતા, રહ્યા હતા. કોઈ પક્ષમાં જોડાયા ન હતા. તેથી તેમને સ્પીકરપદે બેસાડાયા ન હતા. કટોકટી દરમ્યાન બધા મુંગામંતર હતા ત્યારે સંસદગૃહમાં તેમણે ‘નો સર’ કહીને તેમણે પોતાનો અવાજ, અને લોકશાહીનો અવાજ બુલંદ કર્યો હતો. તેમણે ઈન્દીરાજીને એમ કહ્યું હતું કે ભારતની લોકશાહીનું ગળું ભીંસવાની જે કોશીશ તમે કરી રહ્યાં છો તે બદલ ભગવાન પણ તમને માફ નહીં કરે ! કહાં આ ગયે હમ, યું હી ચલતે ચલતે !

લોકશાહીની અને સંસદની આ અવદશા વીષાદપ્રેરક છે એટલું જ કહેવું પર્યાપ્ત છે.

## ‘જ્યારે ખેતી એ મારો આદર્શ હતો’

કૃષીવૈજ્ઞાનીક એમ. એસ. સ્વામીનાથન હવે એકાણું વર્ષના છે. તેઓ ભારતની હરીયાળી ક્રાંતીના પીતા તરીકે ઓળખાય છે. યુવાનીમાં તેઓ દુનીયાને ભુખમુક્ત કરવાનું સ્વપ્ન જે ઝનુનપુર્વક ધરાવતા હતા તેવા જ આજે પણ છે. સોળમી ઑક્ટોબર ‘વીશ્વઅન્ન દીવસ’ તરીકે ઉજવાય છે. તે અંગેના એક કાર્યક્રમમાં હાજરી આપતાં તેમણે ‘બીયારણ ગામો’ ઉભાં કરવાની વાત કરી. જેથી ખેડુતોને ગુણવત્તાયુક્ત બીયારણ મળવાની ખાતરી રહે. તેમણે ‘કઠોળ પંચાયતો’ની વાત પણ કરી. જે માટે સ્થાનીક સંસ્થાઓ અને ખેડુતો પ્રતીબદ્ધતા અનુભવે.

સ્વામીનાથનના પીતા ગાંધીવાદી હતા. તેઓ કેરળના કુટ્ટાનાદના મોનકોમ્બુમાંથી આવેલા. પરંતુ મદ્રાસ મેડીકલ કોલેજમાંથી તબીબી અભ્યાસ પુરો કરીને તેઓ કુંભકોણમ પાછા ફરેલા. ત્યારે અહીં મેલેરીયા, હાથીપગા અને બીજા રોગોનો ઘણો ઉપદ્રવ હતો. તેથી તેમણે એક્સ-રેની સગવડ સાથેની ઈસ્પીતાલની ઉભી કરેલી, જે તે સમયે કુંભકોણમમાં સૌથી સારી ગણાતી. સ્વામીનાથનના પીતાની ઈચ્છા હતી કે તેઓ શીક્ષણ અને સામાજીક સંગઠન દ્વારા આ વીસ્તારને મચ્છરોથી મુક્ત કરે. તેમણે મેલેરીયા અને ફાઈલેરીયા વીશે પ્રત્યેક વાસમાં લોકોમાં જાગ્રતી ઉભી કરી. તેના પરીણામે રોગોમાં સારો એવો ઘટાડો નોંધાયો. તેઓ ખાદીના ચુસ્ત ટેકેદાર હતા. આ ચળવળે જ તેમને સ્વાશ્રય અને સ્વપર્યાપ્તીની કેળવણી આપી. તેમણે જ શીખવાડ્યું કે પૈસાનો ખ્યાલ કંઈ બહુ મહત્ત્વનો નથી.

‘ભારત છોડો’ આંદોલન 1942માં થયું. પરંતુ 1943માં બંગાળમાં દુકાળ પડ્યો તે ઓછાને યાદ હશે. જીવનના આદર્શો પુર્ણ કરવાનો સ્વામીનાથનનો આ ગાળો હતો. જો કે તેમણે કૃષીનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. તે સમયે કેરળમાં કૃષી મહાવીદ્યાલય ન હતું. તેથી કોઈમ્બતુરની કૃષી કોલેજમાં તેઓ દાખલ થયા અને 1944માં કૃષી વીજ્ઞાનમાં સ્નાતક થયા. તે પછી ઈન્ડીયન એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં તેઓ અનુસ્નાતકનો અભ્યાસ કરવા દીલ્હી ગયા.

કુંભકોણમના તત્કાલીન કલેક્ટર કુટુંબના મીત્ર હતા. આ કલેક્ટરે જ સ્વામીનાથનને યુનીયન પબ્લીક સર્વીસ કમીશનની વહીવટી સેવાઓ, માટે પ્રયત્ન કરવાનું સુચવ્યું. આશ્ચર્યજનક રીતે તેઓ સફળ થયા અને ઈન્ડીયન પોલીસ સર્વીસ (IPS) માટે પસંદ થવાથી તેમને માઉન્ટ આબુમાં હાજર થવાનું હતું. તે સમય દરમ્યાન એટલે કે 1949ના ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં યુનેસ્કોની નેધરલેન્ડ ફેલોશીપ તેમને મળી જે અન્વયે હોલેન્ડમાં અભ્યાસ કરવાની તક તેમણે ઝડપી લીધી.

બંગાળનો દુકાળ અને મહાત્મા ગાંધીની ચળવળ આ બેને કારણે તેઓ કૃષી વીષય તરફ આકર્ષાયા. 1947માં આપણને આઝાદી મળી ત્યારે અખબારોના પહેલા પાને અડધી રાત્રે આઝાદીનું નહેરુનું ભાષણ છપાયેલું જોવા મળતું. પરંતુ બીજા પાના ઉપર ભારત પર ઝળુંબી રહેલા દુકાળના અહેવાલો પણ વાંચવા મળતા. છેક 1971ના પાકીસ્તાન સાથેના યુદ્ધ સુધી આપણે ઘઉં માટે અમેરીકા પર આધારીત હતા. છેલ્લે પ્રમુખ નીક્સને આ પુરવઠો અટકાવેલો. ત્યારે સ્વામીનાથનને લાગ્યું કે દેશના અન્ન ઉત્પાદનને સુધારવામાં સેવાઓ આપવી એ સેવાનો સૌથી સારો માર્ગ છે. આ માટે વીજ્ઞાન અને પ્રૌદ્યોગીકીની પણ એટલી જ આવશ્યકતા છે. ત્યારથી સ્વામીનાથનનો જીવનનો ઉદ્દેશ ભુખમરો અને ગરીબી કેમ અટકાવવાં એ જ બની ગયો.

1955-62માં આ વૈજ્ઞાનીકો ઘઉં અને ચોખાની એવી જાતો શોધી રહ્યા હતા જે ખાતર અને સીંચાઈનો લાભ લઈને વીકસાવી શકાય. જાપાનની નોરીંગ જીન્સવાળી ઘઉંની

જાત સીંચાઈયુક્ત ખેતીને વધુ માફક આવશે એવું લાગ્યું. એ જ રીતે ચીનની ચોખાની વામન જાત ખાતરનું પોષણ આપીને વીકસાવી શકાય તેમ હતી. ખેતીની પદ્ધતી બદલવાના આ નુસખા હતા. તેમાંથી સંકર પ્રક્રીયાથી ઘઉંની મેક્સીકન જાત વીકસાવવામાં આવી.

ટકાઉ વીકાસ એટલે પર્યાવરણ ઉપરાંત આર્થીક અને સામાજીક રીતે પણ પોષક નીવડે તેવો વીકાસ. આ માટે નવી ટેક્નોલોજીની જરુરીયાત રહેવાની. જૈવીક વૈવીધ્ય અને તેની જાળવણી ખુબ અગત્યના બને કારણ કે એ જ ટકાઉ વાતાવરણ પુરું પાડે છે. તે કારણસર એમ. એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના થઈ. જે કુદરતતરફી, ગરીબતરફી અને મહીલાતરફી તાંત્રીક વીકાસ અને તેના પ્રસારમાં માને છે. તે માટે તેમને તાલીમ અને માર્ગદર્શન પુરાં પાડે છે.

સ્વામીનાથન કહે છે કે ભુખમુક્ત વીશ્વનું સ્વપ્ન કમનસીબે હજુ સાકાર થયું નથી. નીરાશા એટલે થાય છે કે એક તરફ ભારતમાં અન્નનો મોટો ભંડાર છે. તો બીજી તરફ લાખો લોકો ભુખ્યાં છે. જો કે રાષ્ટ્રીય ફુડ સીક્યોરીટી એક્ટ એક આશાના કીરણની જેમ આપણને મળ્યો છે. આપણે બંગાળના દુકાળની વાત કરતા હતા. ત્યાંથી લઈને અન્નનો અધીકાર પ્રાપ્ત થાય ત્યાં સુધીની જે પ્રગતી આપણે કરી શક્યા છીએ તેનો દુનીયામાં જોટો નથી.

આજે પર્યાવરણ અને વીકાસ એકબીજાના વીરોધી હોય એવી રીતે આપણી સામે પેશ થયા છે. આપણા આર્થીક લોભનો અંત આવે તો આ વીરોધ શમી જાય. આપણે જો ટકાઉ વીકાસ સાધવો હોય તો વૈજ્ઞાનીક કૌશલ્ય, રાજકીય ઈચ્છાશક્તી અને લોકભાગીદારીનો સમન્વય થવો જોઈએ. પચીસ વર્ષ પુર્વે ઘડાયેલી રાષ્ટ્રીય પર્યાવરણ નીતીમાં પણ સ્વામીનાથનનું યોગદાન રહ્યું છે. જેમાં આપણે નીષ્ક્રીય ન બનીએ તે બાબત પર ભાર મુકવામાં આવ્યો છે. વીકાસ ન કરવો એ કંઈ ટકાઉ વીકાસ નથી.

(પ્રેસ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડીયાના તંત્રી, નીયામક અને પુર્વપત્રકાર **શશી નાયર**ની સ્વામીનાથન સાથેની તા. 22-10-2016ના ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં પ્રગટ થયેલી મુલાકાતના આધારે.)

❑

# માધુકરી

## ઈશ્વરના નહીં માણસના અસ્તીત્વની ચીંતા કરીએ

**દીનેશ પાંચાલ**

એક બાળકે એના પીતાને પ્રશ્ન કર્યો - 'ડેડી, ભગવાન દેખાતો કેમ નથી ?' જેનો જવાબ જગતના મહાન જ્ઞાની, પંડીતો કે વીજ્ઞાનીઓ પાસે પણ નથી હોતો તે સાધારણ માણસ પાસે ક્યાંથી હોય ? પણ ગણદેવી (ધનોરી)ના હાસ્યનારાયણ શ્રી ઠાકોર જોષી ઘણીવાર તેમના કાર્યક્રમમાં એ પ્રશ્નનો જવાબ આપે છે : 'ભગવાન એટલા માટે નથી દેખાતો કે તેણે આ દુનીયા એવી વીચીત્ર બનાવી છે કે તે કોઈને મોઢું બતાવવાને લાયક રહ્યો નથી !' ભગવાનની અદૃશ્ય સ્થીતી પર આ રીતે હસી લીધા પછીય મુળ પ્રશ્ન ત્યાં જ રહે છે, 'ઈશ્વર દેખાતો કેમ નથી ?'

થોડાં વર્ષો પુર્વે સુરતીઓની બેદરકારી અને ગંદકીને કારણે પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે સુરતીઓ મોઢા પર માસ્ક (મહોરું) પહેરીને ફરતા હતા. હાસ્યકલાકાર શ્રી રમેશ ચાંપાનેરી ત્યારે રમુજમાં એ મતલબનો જ ઉત્તર વાળતા - 'સુરતીઓ મોઢું ઢાંકતા નથી, મોઢું છુપાવે છે. સુરતમાં પ્લેગ પેદા કરીને તેમણે એવો અપરાધ કર્યો છે કે તેઓ કોઈને મોઢું બતાવવાને લાયક રહ્યાં નથી !' સુરતના તે વખતના કમીશ્નર શ્રી રાવે સુરતીઓનાં મોઢાં પરથી ગંદકીનું મહોરું ઉતારી સુરતના ગળામાં સ્વચ્છતાનો મેડલ પહેરાવ્યો હતો. ઈશ્વર અંગે માણસે પણ પોતાની જરીપુરાણી વૈચારીકતા પરથી અબૌદ્ધીકતાનું મહોરું ઉતારીને થોડા બુદ્ધીનીષ્ઠ બનવાની જરુર છે.

ઈશ્વરની અદૃશ્યમાન સ્થીતી અંગે આપણે ગમે તેટલા આંખ આડા કાન કરીશું તો પણ ઈશ્વરનું અદૃષ્ટ સ્વરુપ તેના અસ્તીત્વ અંગે ઘેરી શંકા ઉપસ્થીત કરે છે. અમારા બચુભાઈ કહે છે - 'ઈશ્વરે શા માટે અદૃશ્ય રહેવું જોઈએ ? સમગ્ર સૃષ્ટીના પાલનહારની એવી કઈ મજબુરી છે જે તેને છુપાઈ રહેવા મજબુર કરે છે ? ઘરના વડીલ બુરખામાં રહી ઘરમાં સૌથી મોં છુપાવે એ ઉચીત કહેવાય ખરું ?'

એ જે હોય તે... પણ સદીઓથી ઈશ્વરનું અસ્તીત્વ શંકાસ્પદ રહ્યું છે, અને તેના અદૃશ્યપણાથી એ શંકા વધુ મજબુત બને છે. એ સંજોગોમાં સૌને એવી અપેક્ષા જન્મે છે કે ઈશ્વરે કાંઈ નહીં તો નાસ્તીકોને ચુપ કરી દેવા માટે પણ તેના અસ્તીત્વનો દાર્શનીક પુરાવો આપવો જોઈએ. બાકી હાલ તો સુરજ, ચંદ્ર, ધરતી, આકાશ કે હવા જેવી વચગાળાની સાબીતીઓ કે જેનાં વૈજ્ઞાનીક કારણો શોધાયાં છે, પણ તે સમજવા નહીં માંગતા લોકો દ્વારા શકનો લાભ આપીને તેના અસ્તીત્વને સ્વીકારે છે !

એક તરફ ઈશ્વરનું અદૃશ્યપણું તેના અસ્તીત્વ સામેનો સૌથી મોટો માઈનસ પોઈન્ટ બની ચુક્યું છે, તો બીજી તરફ આસ્તીકોની દલીલો પણ ધ્યાન ખેંચે એવી છે. કેટલીક જુની દલીલો સર્વવીદીત છે. હવા નથી દેખાતી તેથી તેનું અસ્તીત્વ નથી એમ કહી શકાતું નથી.

માણસને બહુ બહુ તો તેના પાંચમા છઠ્ઠા દાદા પરદાદાઓનું નામ યાદ હોય છે. તે પુર્વેના પુર્વજોનાં નામ યાદ હોતાં નથી. તેને તેમણે જોયા પણ હોતા નથી, છતાં તેનું અસ્તીત્વ નહોતું એમ કહી શકાતું નથી.

અમારા એક વડીલે ઠપકો આપતાં કહ્યું - 'તું ઈશ્વર વીશે કશું જાણતો નથી ને લખ લખ કર્યે રાખે છે. દેશના રાષ્ટ્રપતીની કારમાં એવો કાચ લગાડ્યો હોય છે કે તેઓ કોઈ રાજ્યની મુલાકાતે જાય છે ત્યારે તેમને કોઈ જોઈ શકતું નથી. રાષ્ટ્રપતી માટે એવી ગુપ્તતા જરુરી હોય તો સૃષ્ટીપતી માટે કેમ નહીં ? માત્ર ન દેખાવાથી કોકની હસ્તી મટી જતી નથી. એક દાખલો આપું. માન કે ચાર દીવસ માટે તારે બહારગામ જવાનું થયું. આવીને તું ઘર ખોલે છે, અને જુએ છે કે ઘરની બારીના સળીયા તુટ્યા છે. ઘરની તમામ ચીજવસ્તુઓ ઉથલપાથલ થઈ ગઈ છે. તીજોરીનું તાળું તોડવાની કોશીષ થઈ છે. કબાટે મારવામાં આવેલું તાળું પણ છુંદી નાંખવામાં આવ્યું છે. આ બધું જોઈને તને એ સમજતાં વાર લાગતી નથી કે ઘરમાં ચોર આવ્યો હતો. તું ચોરને જોઈ શકતો નથી, છતાં તેના અસ્તીત્વ વીશે તને શંકા ઉપજતી નથી. તો ઈશ્વર વીશે કેમ ઉપજે છે ? કુદરતની વીશાળ પ્રકૃતીમાં (તીજોરીના તુટેલા તાળાની જેમ) ઈશ્વરની પણ સીધી આડકતરી અનેક સાબીતીઓ છે. આ પૃથ્વી, સમુદ્ર, સુરજ, ચંદ્ર, તારા વગેરે જોઈને તને એમ નથી થતું કે એનો સર્જક પણ કોઈ હશે જ ...!'

વડીલની વાત પ્રથમ નજરે ગળે ઉતરે એવી હતી, પણ બુદ્ધીની એરણ પર ટકી શકે એવી નહોતી. ચોર પોતાના કુકર્મોથી બચવા મોઢું સંતાડે છે. ભગવાનને એવી કોઈ મજબુરી નથી. વળી કાળક્રમે ચોર તો પકડાઈ પણ શકે છે... ભગવાન કેમ પકડાતો નથી ? એક અન્ય આસ્તીક મીત્રે એવો જ બીજો દાખલો આપતાં કહ્યું - 'આકાશમાં અત્યંત ઉંચે પહોંચેલા પતંગની દોરી માણસને દેખાતી નથી, છતાં પતંગનું અસ્તીત્વ નથી એમ કહી શકાતું નથી. ઈશ્વરે પણ આ દુનીયાના પતંગની ફીરકી પોતાના હાથમાં રાખી છે. આપણને કેવળ પતંગ દેખાય છે, ચગાવનારો દેખાતો નથી. એ ક્યારેક ઢીલ મુકે છે... ક્યારેક ગુલાંટ ખવડાવે છે !'

બચુભાઈના હંમેશાં એવા પ્રયત્નો રહે છે કે ઈશ્વર હોય કે ન હોય તેના વીશેની ચર્ચામાં ગરમાટો આવવો જોઈએ. એથી એઓ આસ્તીકોને ઉશ્કેરતા તેજાબી દલીલો કરે છે. તેમણે કહ્યું : 'અલ્યા ભાઈ... તમારા ઈશ્વરને ન તો પતંગ ચગાવતા આવડે છે ન એના દોરામાં ભલીવાર છે. હવે મનુષ્યનો જીવ બનાવવાનું એકમાત્ર કામ વીજ્ઞાન માટે બાકી છે. એમ કહો કે ઈશ્વર જોડે માણસનો એ છેલ્લો પેચ લાગ્યો છે. જે દીવસે માણસના દેહમાં ધબકતી હૃદયની ઘડીયાળનો આયુષ્યરુપી સેલ વીજ્ઞાન બનાવી શકશે તે દીવસ ઈશ્વરનો પતંગ ભર દોરીએ કપાયો સમજો...! અને ત્યારે દુનીયાના લાખો નાસ્તીકો ચીલ્લાઈ ઉઠશે -'કાઈપો... કાઈપો !'

વીચારીશું તો સમજાશે કે આજ પર્યંત માણસે ઈશ્વરને કેટલાંય ટન લોબાન ચઢાવ્યો હશે. ગાંસડીઓની ગાંસડી ફુલો ચઢાવ્યા હશે. અબજો ટન અબીલ, ગુલાલ અને કંકુ વાપર્યા હશે. મંદીરમાં સળગાવવામાં આવતી અગરબત્તીઓની રાખનો ઢગલો કરવામાં આવે તો આકાશ જેટલો ઉંચો થાય... કેટલાંય ગેલન ઘી - તેલના કુવાઓ ખતમ થયા હશે. નારીયેળોય ફુટ્યાં ને માથાય ફુટ્યાં.. એક ભગવાન ક્યાંયથી ના ફુટ્યાં... ! આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચુક્યા છીએ. હવે શું કરવું છે ? ઈશ્વર જોડેનો આ વન વે ટ્રાફીક ક્યાં સુધી ચાલુ રાખવો છે ? યાદ રહે, સતીયુગ કે સંતયુગ કરતાં વીજ્ઞાનયુગે માણસને સુખી કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. ઈશ્વરનું અસ્તીત્વ શંકાસ્પદ છે, પણ માણસના અસ્તીત્વ વીશે બે મત નથી. ચાલો એ ન દેખાતા ઈશ્વર પાછળની ગાંડી દોટ છોડી સમગ્ર માનવજાતની સુખશાંતી અને સમૃદ્ધીની જ વાત વીચારીએ !

[(મો) 94281 60508 : સૌજન્ય : **'સત્યાન્વેષણ'**, 300મો વીશેષાંક : નવેમ્બર, 2016]

## 'એ લોકો અમને રાષ્ટ્રવીરોધીઓ કહે છે'

**આનંદ પટવર્ધન**

(અનુવાદકની નોંધ : આનંદ પટવર્ધન લોકશાહી અને નાગરીક સ્વાતંત્ર્યને લગતી બહુ મહત્ત્વની દસ્તાવેજી ફીલ્મોના સર્જક તરીકે દુનીયાભરમાં જાણીતા છે. ગયાં પીસ્તાળીસ વર્ષથી તેઓ ધર્મનું રાજકારણ, અનેક પ્રકારની વીષમતા, અને વીનાશને ભોગે વીકાસ એ વીષયોના અનેક પાસાં પર ડોક્યુમેન્ટરી ફીલ્મ્સ બનાવતા રહ્યા છે. સેન્સર બોર્ડની સામે તે સર્વોચ્ચ અદાલત સુધી લડત આપીને એક કરતાં વધુ વખત જીત્યા છે. આનંદે સ્ક્રૉલ નામના વેબપોર્ટલ પર મુકેલા 'ધે કૉલ અસ ઍન્ટી-નેશનલ' નામના લખાણનો અનુવાદ અહીં રજુ કર્યો છે. તેની પ્રસ્તુતતાની છણાવટ કરવાની ભાગ્યે જ જરુર છે.)

એ લોકોના મોટાભાગના પુર્વસુરીઓ અને પ્રવર્તકો, કહેવાતી ઉચ્ચ બ્રાહ્મણ જ્ઞાતીના હતા, તેમને સત્તા અને આધીપત્ય આપનારી સંસ્કૃતીમાં તેમને ઉંડી શ્રદ્ધા હતી. તેમણે દેશના મુખ્ય પ્રવાહમાં ધર્મનીરપેક્ષ રીતે ચાલેલા સ્વતંત્રતા આંદોલનનો વીરોધ કર્યો, સાથે વીસમીની શરુઆતથી જ લોકોને ધર્મને આધારે એકઠા કરવાની શરુઆત કરી.

હીટલર માટેની તેમના ચાહના જગજાહેર હતી. એ લોકો એમ પણ કહેતા કે લઘુમતી લોકો સાથે કામ પાડવાની નાઝીઓની જે રીત હતી તેને અનુસરવાથી ફાયદો થશે.

તેમના ટોચના ત્રણ દુશ્મનો એટલે મુસ્લીમો, ખ્રીસ્તીઓ અને સામ્યવાદીઓ. હીન્દુ-મુસલમાન ક્યારેય એક થઈ રહી

ન શકે એવી દલીલ સાથે તેમણે દ્વીરાષ્ટ્ર સીદ્ધાંતનો પ્રસાર કર્યો, તેમના જ પ્રતીબીંબસમા મુસ્લીમ લીગે પણ એમ જ કર્યું.

મુસ્લીમ લીગની સાથે રહીને તેમણે 1942માં 'હીંદ છોડો' આંદોલનમાં અંગ્રેજોનો સાથ આપ્યો. દેશના ભાગલા વખતે મુસ્લીમ લીગની જેમ એ લોકોએ પણ અસાધારણ ખુનામરકી કરાવી.

તેમણે તીરંગાનો ઈન્કાર કરીને 1947માં સ્વાતંત્ર્ય દીવસના પરોઢે ફક્ત પોતાનો ભગવો ધ્વજ જ ફરકાવ્યો. તેમણે 1948માં મહાત્મા ગાંધીની હત્યા કરી અને મીઠાઈ વહેંચી. તેમણે 1950માં ભારતીય સંવીધાન વીરુદ્ધ ઝેર ઓક્યું અને સંવીધાન સામે મનુસ્મૃતી તરફ પસંદગી દર્શાવી. એ લોકોએ 1951માં કાયદાપ્રધાન ડૉ. આંબેડકરના હીન્દુ કોડ બીલનો વીરોધ કર્યો. તે બીલમાં હીન્દુ મહીલાઓ માટે પુરુષોના અધીકારો જેટલાં સમાન અધીકારોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આંબેડકરે કટુતાપુર્વક રાજીનામું આપી દીધું. આથી બાબાસાહેબે નક્કી કરેલા તરત પછીના, સમાન નાગરીક ધારા (કૉમન સીવીલ કોડ)નો મુસદ્દો ઘડવાના ધ્યેયનું કામ અધુરું રહ્યું. તેમણે 1956માં ડૉ. આંબેડકરની સાથે, જાતીવાદ તળે કચડાતા હીન્દુ ધર્મને છોડીને જાતીવીહીન બૌદ્ધ ધર્મ અપનાવનાર સહુનો વીરોધ કર્યો.

દલીતો વીરુદ્ધના સતત ક્રુર અત્યાચારો પછી પણ તેમણે જાતી વ્યવસ્થાને પ્રતીષ્ઠીત કરનારા 'પવીત્ર' ધાર્મીક ગ્રંથો સામે કોઈપણ સવાલ ઉઠાવવાનો વીરોધ કર્યો. વળી તેમનો ધર્મ આ પૃથ્વી પરનો સહુથી સહીષ્ણુ ધર્મ છે એવો દાવો-દેખાડો પણ તેમણે ચાલુ જ રાખ્યો છે.

કાશ્મીરમાં 370ની કલમ, જે એ વીસ્તારને કેટલીક સ્વાયત્તતા આપે છે, એના તેમણે કરેલા ભયંકર વીરોધના પરીણામે ત્યાં આતંકવાદને પ્રોત્સાહન મળ્યું.

ચુંટણીમાં લાભ મેળવવા 1987માં રાજસ્થાનમાં સતી બનવાની ઘટનાનું તેમણે મહીમાગાન કર્યું. તેમણે દલીતો અને અન્ય છેવાડાના લોકોને મળતી અનામતની નીતીનો જોરદાર વીરોધ કર્યો. અલબત્ત, આ વીરોધ તેનાથી થનારા ચુંટણીલક્ષી નુકસાનનો ખ્યાલ આવ્યો ત્યાં સુધી જ ચાલ્યો.

તેમણે 1992માં બાબરી મસ્જીદ તોડી પાડી અને હીન્દુ અને મુસ્લીમો વચ્ચેની નાજુક એકતાને નષ્ટ કરી નાખી. તેમણે આદીવાસીઓના શીક્ષણ અને આરોગ્ય માટે કામ કરનાર ખ્રીસ્તીઓને નીશાન બનાવીને મારી નાખ્યા.

1988માં તેમણે અણુબોમ્બને પ્રોત્સાહન આપ્યું, એટલે સુધી કે તેમને અણુ અખતરાનું મંદીરેય બનાવવું હતું. એ લોકો અણુ બોમ્બને શસ્ત્ર તરીકે જોતા થયા, એટલે પાકીસ્તાન સાથે અણુશસ્ત્રોની હરીફાઈની શરુઆત થઈ. આખોય ઉપખંડ અણુ વીનાશને આરે મુકાઈ ગયો.

આઝાદી પછી અગણીત કોમી રમખાણો કર્યા બાદ 2002માં ગુજરાતમાં મુસલમાનોના સામુહીક સંહારની શરુઆત કરી. તે પછી મુઝફ્ફરનગર અને અન્ય જગ્યાએ ચુંટણીલક્ષી અનીવાર્યતાને કારણે તેમણે જ્યાં, જેવી જરુર પડી તેવાં રમખાણો કરાવ્યાં.

તેમણે તીસ્તા સેતલવાડ અને તેમની ટુકડીના વ્હીસલ બ્લોઅર્સ વીરુદ્ધ શોધ-શીકાર ઝુંબેશનો આરંભ કર્યો, એટલા માટે કે એ જુથે રમખાણો પછી ન્યાય વ્યવસ્થાએ હીંસાચારીઓ માટે સર્જેલી ભયમુક્ત સ્થીતીને પડકારી હતી.

તેમણે ગોવા, થાણે, માલેગાંવ, સમઝૌતા એક્સપ્રેસ, મક્કા મસ્જીદ અને અન્ય સ્થાનો પર આતંકવાદી હુમલા અને બોમ્બધડાકા કર્યા અને તેનો દોષ તેમણે મુસ્લીમો પર થોપવાની કોશીશ કરી. પણ બહાદુર પોલીસ અધીકારી હેમંત કરકરેને કારણે તેઓ ખુલ્લા પડી ગયા. તેમણે 2013 બાદ ત્રણ પ્રસીદ્ધ રેશનાલીસ્ટો સહીતના અનેક અજાણ્યા બૌદ્ધીકોની હત્યા કરી તેમજ ઘણાને ધમકીઓ આપી.

આજે તેઓ અને બીલાડીના ટોપની માફક વધી રહેલા તેમના સાગરીતો દેશભરના ગામડાંના વીસ્તારોમાં ગૌમાંસ પ્રતીબંધ અને લવ જીહાદના નામે લઘુમતીઓ પર હુમલો કરવા માટે દક્ષતા જુથોને હથીયારો ચલાવવાની તાલીમ આપી રહ્યા છે.

તેમના યુવામોરચા દેશભરના શીક્ષણ સંકુલોમાં ભય ફેલાવી રહ્યા છે. સેક્યુલર, લોકશાહી, ગાંધીવાદી, ડાબેરી અથવા આ બધાં વીચારોનો સમન્વય ધરાવતાં વીદ્યાર્થી સંગઠનોનો એ લોકો વીરોધ કરી રહ્યા છે. જેમના વીચારો તેમની સત્તાને પડકારે એવા હરીફ જુથો અને વ્યક્તીઓને તે લોકો બદનામ કરે છે અથવા તેમની પર હીંસક હુમલા કરે છે. તેમાં બનારસ હીન્દુ વીશ્વવીદ્યાલયના પ્રોફેસર સંદીપ પાંડેથી લઈ કબીર કલા મંચના શીતલ સાઠે, ફીલ્મ એન્ડ ટેલીવીઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડીયાના, ચેન્નાઈના આંબેડકર-પેરીયાર ગ્રુપના અને હૈદરાબાદના આંબેડકર વીદ્યાર્થી સંગઠનોના વીદ્યાર્થીઓનો તેમાં સમાવેશ થાય છે.

મધ્યયુગીન પછાત માનસ સાથે મુક્ત બજારવાદી આર્થીક મોડેલની ભેળવણી સાથેની તેમની વીચારધારા દેશનાં સાર્વભૌમત્વ અને કુદરતી સંપત્તીને વીદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓને હવાલે કરી રહી છે. તેઓ ઈસ્ટ ઈન્ડીયા કંપનીના આધુનીક અવતાર છે.

તેમનો બીલકુલ તાજો શીકાર રોહીત વેમુલા છે. સમાજ હજારો વર્ષથી કચડાયેલા વર્ગનો છે. એ લોકો રોહીત વેમુલાને રાષ્ટ્રવીરોધી કહે છે.

(અનુવાદક ઉમેરે છે : ... અને હવે, એ લોકો, મુક્ત વીચારના સ્થાન સમી જવાહરલાલ નહેરુ યુનીવર્સીટીના જુદી રીતે વીચારતા વીદ્યાર્થીઓ અને અધ્યાપકોને રાષ્ટ્રવીરોધી કહે છે... અંગ્રેજીમાંથી અનુવાદ : પાર્થ ત્રીવેદી, અનુસ્નાતક વીદ્યાર્થી)

[સૌજન્ય : **'અભીદૃષ્ટી'** : ડીસેમ્બર-2016]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-1-2017

# કાવ્યોમાં સાંપ્રત

## મને આપો દીવસ !

ઢુંઢવાતી ઈચ્છા લઈ એ ‘તાપણે’ તાપો દીવસ,
થાંભલો થાતા પગે ઉભા વીવશ માપો દીવસ !

વાદળી - છાયે તરસતી પ્યાસ પામે બુન્દ બે;
કોરસે ટોળે કતારે સર્વ આલાપો દીવસ !

‘શક્ય’-ના ઉભા ચઢાણો પર ચઢો, ગબડો, ચઢો...
આમ પડતા ને આખડતા કાંકરે કાપો દીવસ !

કેસરી ઉંબાળની આશે ‘ગોબર’ ભેગું કર્યું;
સુર્યને છાણે અવાવર છાતીએ થાપો દીવસ !

રાત કાળી કાંટાળી શીરપાવમાં આપી તને,
કાકલુદીએ રહ્યાં માંગી : ‘મને આપો દીવસ !’

**- કીસન સોસા**

*

## વર્ચસ્વ

ભવ્ય સપનાઓ લઈને આવનારા કૈંકને
ફાવવા દેતી નથી નકારની આબોહવા
શક્ય છે કે કોકને લાગે અકારી જીંદગી
અન્યથા તો કોમ રાજી મોતને રસ્તે જવા ?

ક્રુર ને અતુટ તે વર્ચસ્વ જાતીવાદનું
એક નાનું છીદ્ર ના જોવા મળે અપવાદનું
આણ તો વીદ્યાલયો પર કાયમી છે દ્રોણની
તે વધાર્યે જાય ચીંતન આ તરફ વીષાદનું

ભેદરેખાથી રહેંસી નાખતા આ તંત્રમાં
જીંદગી હણાય તેનું ત્યાં કશું ક્યાં દુઃખ છે ?
અંધકારોના પ્રતીકો છે જ અસહીષ્ણુ
ન્યાય નામે ચાલતા કૌભાંડમાં પ્રમુખ છે.

આપણે ઘેરાઈ ચુક્યા હોઈએ ચોમેરથી
કે પછી થાકી ગયા પણ હોઈએ અંધેરથી
તોય જો સંઘર્ષ વીના હારીએ સર્વસ્વ તો
શું મળે માબાપને આ સ્વપ્નના ઉછેરથી ?

ઝંખનાઓમાં ઉગેલા સુર્યને પણ છે ખબર
રાહ બનવાનો નથી આસાન ઝઝુમ્યા વગર
મોતના વીચારમાં સંઘર્ષ આટોપાય ના
આપણે સંઘર્ષથી પામ્યા હતા આંબેડકર

**- આત્મારામ ડોડીયા**
[મો. 94083 91181]

[તા. 17મી જાન્યુઆરીએ રોહીત વેમુલાની પ્રથમ વાર્ષીક પુણ્યતીથી નીમીત્તે... શું એનું બલીદાન એળે જશે ?]

*

## નોટબંધીની રામાયણ

નોટબંધીની શાન ખોલે છે
આ શ્રમીક ને કીસાન બોલે છે

ધક્કામુક્કીમાં થઈ ગયા ઘાયલ
દેહ પરના નીશાન બોલે છે

મારા પૈસા મને નથી મળતા
સર્વ વૃદ્ધો, જવાન બોલે છે

કેટલા પામશે હજી મૃત્યુ
સાંભળો જઈ, સ્મશાન બોલે છે

કેટલા ગામમાં નથી બેંકો
એમ કેટલાય ગામ બોલે છે

ઘરમાં ખાવાને કંઈ નથી રહ્યું
દ્વાર, બારી, મકાન બોલે છે

કોઈ ગ્રાહક હવે નથી મળતા
હાટ બોલે, દુકાન બોલે છે

દેશ આખું કતારમાં ઉભું
દેશ મારું મહાન, બોલે છે

ભુખના માર્યા પશુ, પંખી
ને રખડતા આ શ્વાન બોલે છે

આ તે કેવી છે કયામત આવી
આખું હીંદુસ્તાન બોલે છે

ચેનથી ચાર જણાં સુતા છે
એમની આનબાન બોલે છે

એક ઘરમાં કરોડો રુપીયા છે
એક ખાલી મકાન બોલે છે

આપણી વાતથી છળે છે એ
મુંગા બહેરા છે કાન બોલે છે

કાળું ધન શોધી શોધી કાઢીશું
એવું એવું પ્રધાન બોલે છે

બીજ ખાતર બધાને મળવાના
એમ ખેતી પ્રધાન બોલે છે

સાવ ખોટા છે નીર્ણયો એના
એમ આખું જહાન બોલે છે

ભયથી બોલે નહીં પ્રજા સાહીલ
એક માણસ મહાન બોલે છે.

**- હનીફ સાહીલ**

❑

‘નયા માર્ગ’ વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રૂ. 150 ● છુટક નકલ રૂ. 8 ● ‘નયામાર્ગ’ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001